MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૪-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભાજપ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન - મહાત્મા ગાંધીનો સ્વતંત્રતા સંઘર્ષ ડ્રામા હતોઃ અનંત કુમાર હેગડે

5 અંડર-૧૯ વર્લ્ડ કપઃ ભારત-પાકિસ્તાન વચ્ચે આજે સેમિફાઇનલ મેચ

8 મહિલાઓ માટે અસુરક્ષિત બન્યું અમદાવાદ, સૌથી વધુ દુષ્કર્મનાં કેસ નોંધાયા

12 સ્ટેચ્યુ પર દબાણો હટાવવાની કામગીરી વેળા ના.કલેક્ટર અને ના.મામલતદાર વચ્ચેની માથાકૂટ બાબતે નર્મદા કલેક્ટરને આવેદન

શાહીનબાગ સંયોગ નહીં, રાષ્ટ્રની એકતાને ખંડિત કરવાનો પ્રયોગઃ મોદી

દિલ્હી ચૂંટણી ૨૧મી સદીના ભારતની રાજધાનીનું ભવિષ્ય નક્કી કરશે, કેજરીવાલે ગરીબોના હક છીનવી લીધા, સંકલ્પોને પુરા કરવા માટે દિવસ-રાત એક કરી રહ્યા છીએ, દિલ્હી ફક્ત એક શહેર નથી પણ આ આપણા હિન્દુસ્તાનની ધરોહર છે



૨૧મી સદીનું ભારત નફરત નહીં પરંતુ વિકાસની રાષ્ટ્રનીતિથી ચાલશે

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીમાં દિલ્હીના લોકોના એક એક મતે ભાજપની તાકાત વધારી હતી. સાતેય સીટ આપીને દિલ્હીના લોકોએ ત્યારે પણ કહી દીધું હતું કે તેઓ કઇ દિશામાં વિચારી રહ્યાં છે. દિલ્હીના લોકોના મતે દેશ બદલવામાં ખૂબ મોટી મદદ કરી છે. હવે દિલ્હીના લોકોનો વોટ પોતાની દિલ્હીને પણ બદલશે અને આધુનિક બનાવશે. સુરક્ષિત બનાવશે, અહીં રહેનારા લોકોનું જીવન વધુ સરળ બનાવશે.

દિલ્હી માત્ર એક શહેર નથી. પણ દિલ્હી તે આપણા હિન્દુસ્તાનની ધરોહર છે. તે ભારતના અલગ અલગ રંગોને એક જગ્યાએ સમેટીને એક જીવિત પરંપરા છે. આ દિલ્હી, સૌનો સત્કાર કરે છે, સૌને સ્વીકાર કરે છે. ભાગલા પછી જે લોકો અહીં આવ્યાં, દેશના અલગ અલગ પ્રદેશોથી, પોતાના સામર્થ્યને અજમાવવા જે લોકો અહીં આવ્યા, દરેકને દિલ્હીએ દિલમાં જગ્યા આપી. જેઓ અહીં વસી ગયા, તેમણે પણ તન,મન અને શ્રમથી દિલ્હીને આજે અહીં પહોંચાડી છે. દિલ્હીના વિકાસમાં દરેક દિલ્હીવાલીના પરસેવાની સુગંધ છે.

આ દાયકાનો એ પહેલી ચૂંટણી છે જે ૨૧મી સદીના ભારતને અને ૨૧મી સદીમાં ભારતની રાજધાનીનું ભવિષ્ય નક્કી કરશે. તેથી ૮ ફેબ્રુઆરીએ પડનારો વોટ માત્ર સરકાર બનાવવા માટે નહીં પણ આ દાયકામાં દિલ્હીના વિકાસને નવી ઉંચાઇઓ પર પહોંચાડવા માટે થશે. અને આ કામ કોણ કરી શકે છે. તે ભાજપ જે તેના દરેક સંકલ્પને પૂરા કરે છે. જે કહે છે તે કરે છે. તે ભારતીય જનતા પાર્ટી જેના માટે દેશનું હિત દેશના લોકોનું હિત સૌથી ઉપર છે. તે ભારતીય જનતા પાર્ટી જે નેગેટિવીટીમાં નહીં પરંતુ પોઝિટીવીટીમાં ભરોસો રાખે છે.

તેમણે કેજરીવાલ પર નિશાન સાધતા કહ્યું કે, કેજરીવાલે ગરીબોના હક છીનવી લીધાં અને કેન્દ્રની યોજનાઓ લાગૂ કરી નહી. દિલ્હીને બદલવા માટે આપને બદલવાની જરૂર છે. જે લોકો હાલ સત્તામાં છે કે, રાજનીતિ સિવાય કંઈ નથી કરતા. દિલ્હીની સરકાર કેન્દ્રની યોજના લાગી થવા દેતી નથી. શું ગરીબોને ઘર મળવું ના મળવું જોઈએ, સરકારે લોકોના કલ્યાણ માટે કામ કરવું જોઈએ પરંતુ દિલ્હીની આ સરકાર આવું કરવા દેતી નથી. આ લોકો સકારાત્મક વિચાર સાથે કામ કરી શકતા નથી. દુર્ભાગ્યથી દિલ્હીની સત્તા

અનુસંધાન પાના નં. ૬

૭૦ વર્ષ બાદ રામ મંદિર મળ્યું: મોદી

કલમ ૩૭૦થી મુક્તિ ૭૦ વર્ષ બાદ, રામ જન્મભૂમિનો ચુકાદો ૭૦ વર્ષ બાદ, કરતારપુર કોરિડોર ૭૦ વર્ષ બાદ બન્યો. બાંગ્લાદેશ સાથે સરહદ વિવાદનો ૭૦ વર્ષ બાદ ઉકેલ આવ્યો. સીએએમાં હિન્દુઓ, શીખો વગેરેના નાગરિકતાનો અધિકાર ૭૦ વર્ષ બાદ મળ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, ૨ દાયકા એવા લોકોના હાથમાં ગયા કે તમને ૨૧મી સદી જોવા મળતી નહતી. ૨૦ વર્ષ તમે બધુ સહન કર્યું, તેથી હવે દિલ્હી ભાજપના હાથમાં આવવી જરૂરી છે.

અર્થતંત્ર મુદ્દે મોદી સરકાર માટે સારા સમાચાર

મેન્યુફેક્ચરિંગ PMI ઈન્ડેક્સ જાન્યુઆરીમાં ૮ વર્ષના ઉચ્ચતમ સ્તરે

અગાઉ ડિસેમ્બરમાં ૫૨.૭ અંક હતો જે જાન્યુઆરી મહીનામાં પરચેજિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ૫૫.૩ ટકા રહ્યો,આ ઈન્ડેક્સ સતત ૩૦માં મહીને ૫૦ અંક ઉપર રહ્યો



ન્યુ દિલ્હી

અર્થવ્યવસ્થા મોરચે રાહતના સમાચાર આવ્યા છે. દેશમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરની પ્રવૃત્તિ જાન્યુઆરીમાં લગભગ ૮ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી છે. આ વાત એક મંથલી સર્વેમાં કહેવામાં આવી છે. સર્વે અનુસાર, માંગ સારી હોવાને કારણે નવા બિઝનેસ ઓર્ડર્સમાં તેજીથી ઉછાળો આવ્યો છે. આના કારણે પ્રોડક્શન અને હાયરિંગ એક્ટિવિટીઝ વધી છે.

જો વર્તમાન સ્થિતિ યથાવત રહે તો આવતા થોડા મહિનાઓમાં અર્થવ્યવસ્તામાં ધીમે-ધીમે સુધારો જોવા મળશે. ઉલ્લેખનીય છે કે, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વિકાસની ગતિ ૬ વર્ષમાં સૌથી ધીમી હતી. માંગ વધવાને કારણે જાન્યુઆરીમાં કારોબાર, ઉત્પાદન, નિકાસ અને રોજગારની તકો વધી છે. આ દરમિયાન બિઝનેસ સેન્ટિમેન્ટમાં મજબૂતી આવી છે જો કે, આ દરમિયાન ઈનપુટ કોસ્ટ અને આઉટપુટ ચાર્જમાં પણ થોડી વૃદ્ધિ જોવા

અનુસંધાન પાના નં. ૬

૨૦૧૯માં એનપીએ ૭.૨૭ લાખ કરોડ હતી

બેન્કોમાં પણ પૈસા 'અસુરક્ષિત': ૬ મહિનામાં ૧.૧૩ લાખ કરોડ ડૂબ્યા

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે આજે સંસદમાં જણાવ્યું કે, જાહેર ક્ષેત્રની બેંકોની ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) રૂ. ૭.૨૭ લાખ કરોડ હતી.

રાજ્યકક્ષાના નાણાંમંત્રી અનુરાગ ઠાકુરે આજે લોકસભામાં જણાવ્યું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ છ માસિક ગાળામાં શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો અને કેટલીક નાણાંકીય સંસ્થાઓએ રૂ. ૧,૧૩,૩૭૪ કરોડની છેતરપીંડિ થઇ હોવાની માહિતી આપી છે.

લોકસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ઠાકુરે માહિતી આપતા જણાવ્યું કે, આરબીઆઇના આંકડા મુજબ વૈશ્વિક પ્રથાઓનું અનુકરણ કરતા ગ્રોસ એનપીએ અને સ્ટેસ્ડ એસેટ્સને એનપીએ તરીકે દર્શાવવાની પારદર્શિતાના પરિણામ સ્વરૂપ સરકારી બેંકોની એનપીએ ૩૧મી માર્ચ ૨૦૧૫ના રોજ રૂ. ૨,૭૯,૦૧૬ કરોડ હતી જે વધીને ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ રૂ. ૬,૮૪,૭૩૨ કરોડ અને ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ રૂ. ૮,૯૫,૬૦૧ કરોડે પહોંચી ગઇ હતી.

વધુમા જણાવ્યું કે, સરકાર

અનુસંધાન પાના નં. ૬

૭૧ વર્ષીય મહિલા ૪૮ કલાકમાં સાજા થયાઃ ડૉક્ટરનું નિવેદન

થાઈલેન્ડે કોરોના વાયરસની દવા શોધ્યાનો દાવોઃ ૪૮ કલાકમાં દર્દી સ્વસ્થ



થાઈલેન્ડમાં ૧૯ કેસ કોરોના વાયરસના નોંધાયા, એક પણ મોત નહિ

બેંગકોક

થાઈલેન્ડના ડોક્ટરોએ કેટલીક દવાઓનું મિશ્રણ કરીને નવી દવા બનાવી છે. થાઈલેન્ડની સરકારનો દાવો છે કે આ દવા ઉપયોગી પણ છે. આ દવાના કારણે ૪૮ કલાકમાં જ એક દર્દી સાજો થયો છે. થાઈલેન્ડના ડોક્ટર ક્રિએનસાક અતિપોર્નવાનિચે જણાવ્યું કે અમે ૭૧ વર્ષીય મહિલા દર્દીને અમારી દવા આપીને ૪૮ કલાકમાં જ સાજા કર્યા છે. દવા આપ્યાના ૧૨ કલાકમાં જ તે પથારીમાં બેસતી થઈ ગયા, પહેલા તે હલી પણ શકતા ન હતા. ૪૮ કલાકમાં જ તે ૯૦ ટકા સ્વસ્થ થઈ ગયા છે. થોડા દિવસોમાં જ અમે તેમને સંપૂર્ણ સ્વસ્થ કરીને ઘરે મોકલી દઈશું.

ડોક્ટર ક્રિએનસાક અતિપોનવાનિચે

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ચીનમાં કોરોના વાયરસથી અત્યાર સુધી ૩૬૧ના મોત, ૨૧૦૦ નવા કેસ નોંધાયા

કેરળમાં કોરોના વાયરસનો ત્રીજો કેસ પોઝિટિવઃ બંગાળમાં ૮ શંદાસ્પદ દર્દી

અમેરિકામાં ૯ કોરોના વાઈરસના કેસ, રશિયાએ ચીન જતી ટ્રેનો રદ કરી

ન્યુ દિલ્હી/કોલકાત્તા/બેઇજિંગ

ભારતના કેરળ રાજ્યમાં કોરોના વાયરસના ત્રીજા કેસની પુષ્ટિ થઈ ગઈ છે. ચીનથી ફેલાયેલો આ વાયરસ ભારત સહિત દુનિયાના લગભગ ૨૫ દેશોમાં દસ્તક આપી ચૂક્યો છે. કેરળના આરોગ્ય મંત્રી કે કે શૈલજાએ કહ્યુ, દર્દીનો ઈલાજ કાસરગોડના કંજાંગડ જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહ્યો છે. હાલમાં તેની હાલત સ્થિર છે. તેમણે જણાવ્યુ કે દર્દી ચીનના

અનુસંધાન પાના નં. ૬



૨૨ દેશમાં પહોંચ્યો કોરોના વાયરસ

ચીનના કોરોના વાયરસ આખી દુનિયામાં હાહાકાર મચાવી દીધો છે. કોરોના વાયરસ ચીનની સીમાઓને વટાવી દુનિયાના ઘણા દેશોમાં ફેલાયો રહ્યો છે. દુનિયાભરના ૨૨થી વધુ દેશોમાં આ વાયરસના સંક્રમિણથી લોકો ગ્રસીત થયા છે વધતા જતા સંક્રમણને રોકવા માટે દુનિયાભરના ઘણા દેશોએ ચીનથી પરત આવતા લોકો માટે પોતાની સીમાઓ બંધ કરી દીધી છે.

ચીનમાં કોરોના વાઈરસના મૃતકોના અંતિમ સંસ્કાર પર પ્રતિબંધ

ચીનની સરકારે એકદમ નવી એવી કોરોના-વાઈરસ બીમારીને કારણે મૃત્યુ પામેલા લોકોના દેહને અગ્નિદાહ આપવા, દફનવિધિ કરવા કે એની અંતિમયાત્રા કાઢવા જેવી વિધિઓ કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. જાહેર સુરક્ષા મંત્રાલય અને નાગરિક બાબતોના મંત્રાલયે તેમજ નેશનલ હેલ્થ કમિશને માર્ગદર્શિકા બહાર પાડી છે જેમાં જણાવાયું છે કે મૃતદેહોના એમનાં લોકેશનની નજીકના નિર્ધારિત સ્મશાનગૃહોમાં જ અંતિમસંસ્કાર કરવા અને મૃતદેહોને એક શહેર કે પ્રદેશમાંથી બીજા શહેરમાં લઈ જવા નહીં. એવી જ રીતે એને દફનવિધિ કરવા માટે કે કોઈ અન્ય કારણસર સાચવી રાખવા નહીં. મૃતદેહોની અંતિમયાત્રા જેવી વિધિઓ ઉપર પણ પ્રતિબંધ મૂકાયો છે. એવી જ રીતે વધુ સૂચના એ આપવામાં આવી છે કે મૃતદેહો મેડિકલ કર્મચારીઓ દ્વારા ચેપમુક્ત કરાય અને સીલ કરેલી બેગમાં મૂકી દેવામાં આવશે અને ત્યારબાદ એને બેગ ફરી ખોલી શકાશે નહીં.

ભાજપ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન

મહાત્મા ગાંધીનો સ્વતંત્રતા સંઘર્ષ ડ્રામા હતોઃ અનંત કુમાર હેગડે

ગાંધીજી જેવા નેતા આપણા દેશમાં મહાત્મા બની જાય છે

બેંગ્લુરુ

ભાજપના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અનંત કુમાર હેગડેએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્વતંત્રતા માટે કરવામાં આવેલી લડાઈને નાટક ગણાવ્યું છે. જી હા રવિવારના રોજ એક કાર્યક્રમમાં હેગડેએ કહ્યું હતું કે સ્વતંત્રતાનો સંપૂર્ણ સંઘર્ષ જ બનાવટી હતો અને તેને અંગ્રેજ સામ્રાજ્યનું સમર્થન મળેલુ હતું. તે સમયના નેતાઓએ એક પણ વખત પોલીસનો માર ખાધો નહોતો. તેમનું સ્વતંત્રતા માટેનું આંદોલન ડ્રામા હતું. આ મોટા નેતાઓએ અંગ્રેજોની પરવાનગી બાદ આ ડ્રામા કર્યું હતું. આ કોઈ અસલ લડાઈ નહોતી તે માત્ર દેખાવા પૂરતો સંઘર્ષ હતો.

હેગડેએ આટલેથી અટકવાને બદલે વધુમાં કહ્યું કે, અસલમાં ભારતનો સ્વતંત્રતા સંગ્રામ વાસ્તવિક લડાઈ નહોતી. તે સામંજસ્યના આધારે રચવામાં આવેલા સ્વતંત્રતા સંગ્રામ હતો. ભૂતપુર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે જે લોકો કોંગ્રેસનું સમર્થન કરતા હતા તેઓ એમ જ કહેતા હતા કે ભારતને આઝાદી ભૂખ હડતાળ અને સત્યાગ્રહથી મળી. આ ખરું નથી. અંગ્રેજોએ સત્યાગ્રહને લીધે દેશ છોડ્યો ન હતો. તેમણે આપણને આઝાદી નિરાશાને લીધે આપી હતી. જ્યારે હું ઈતિહાસ વાંચુ છું તો મારું લોહી ગરમ થઈ જાય છે. આવા લોકો આપણા દેશમાં મહાત્મા બની જાય છે.

૨૦૧૪થી ૨૦૧૯ના વર્ષ સુધી હેગડે કેન્દ્ર સરકારમાં કૌશલ્ય વિકાસ પ્રધાન હતા. ૨૦૧૭માં તેઓ ત્યારે ચર્ચામાં આવ્યા કે જ્યારે તેમણે કહ્યું હતું કે ભાજપ એ કાયદાને બદલી દેશે કે જેમાં ધર્મનિરપેક્ષ શબ્દ લખવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમણે રવિવારે જ એક ટ્વિટ કર્યું કે બેંગ્લુરુને હિન્દુની રાજધાની બનાવવી જોઈએ અને ભારતે હિન્દુત્વની રાજધાની બની જવી જોઈએ.

હેગડેના નિવેદનથી ભાજપ નારાજઃ બિન શરતી માફીની માંગ કરી

ન્યુ દિલ્હી

કર્ણાટકની ઉત્તર કન્નડ લોકસભા બેઠક પરથી ભાજપના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન અનંત હેગડેના વિવાદિત નિવેદનથી ભાજપ નારાજ છે. સૂત્રોના જણાવ્યા મુજબ પાર્ટીએ તેમને બિનશરતી માફી માંગવાનું કહ્યું છે. આ ઉપરાંત તેમને પાર્ટીની સંસદીય પાર્ટીની બેઠકમાં ભાગ લેવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

ગોરાની સરકારના ચમચાઓ પાસેથી ગાંધીજીને દેશપ્રેમનું સર્ટિફિકેટ નથી જોઈતુંઃ કોંગ્રેસ

કોંગ્રેસનાં નેતા જયવીર શેરગિલે અનંતકુમાર હેગડેનાં નિવેદન પર કહ્યું હતું કે, મહાત્મા ગાંધીને દેશપ્રેમનું સર્ટિફિકેટ તે પાર્ટી પાસેથી નથી જોઈતુ જે ગોરાઓનાં ચમચા હતા. શેરગિલે કહ્યું કે, અનંત હેગડે એક એવી સંગઠનથી આવે છે જે ત્રિરંગાનો વિરોધ કરે છે, બંધારણનો વિરોધ કરે છે, જેમણે ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો.

૧૫૦ લોકોનું રેસ્ક્યુ કરાયુ,૧૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી

કોરોના વાયરસ બાદ ચીનમાં ૫.૧ની તીવ્રતાના ભૂકંપથી ફફડાટ

બેઇજિંગ

કોરોના વાયરસથી પીડિત ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આજે ભૂકંપના આંચકા અનુભવાતા પડ્યા પર પાટુ જેવી સ્થિતિ ઉભી થઈ છે. ભૂકંપ આવ્યા બાદ ચીનની સરકાર તાત્કાલિક રાહત કાર્યમાં લાગી ગઈ છે. સૂત્રો અનુસાર ભૂકંપનુ કેન્દ્ર ચીનના ૩૦.૭૪ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૧૦૪.૪૬ ડિગ્રી પૂર્વ દક્ષાંશની વચ્ચે જમીનથી લગભગ ૨૧ કિલોમીટર અંદર આવ્યું, જેની તીવ્રતા રિક્ટર સ્કેલમા ૫.૧ માપવામા આવી હતી.

ચીનમા ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમા અત્યાર સુધી ૧૫૦ લોકોનું રેસ્ક્યુ કરવામા આવ્યુ છે. સરકારે ભૂકંપથી પ્રભાવિત વિસ્તારોમા ૩૪ વાહનો રાહત કાર્યમાં મોકલ્યા છે. જો કે, ચીનની સરકારી ન્યૂઝ એજન્સીના આધારે ભૂકંપના કારણે હજુ સુધી કોઈ વ્યક્તિનું મોત નીપજ્યુ હોય તેવી જાણકારી મળી નથી.

ભૂકંપ પ્રભાવિત વિસ્તારના રહેણાકનું કહેવું છે કે, લગભગ ૧૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી હતી. ભૂકંપના કેન્દ્રના ૩૮ કિલોમીટર સુધી આંચકા અનુભવાયા હતા.

ભૂકંપના કારણે લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયા હતા. કેટલાક લોકો ખુલ્લા મેદાનમા ભૂકંપથી બચવા માટે એકઠા થઈ ગયા. ભૂકંપના આંચકા બાદ સતત બે-ત્રણ આંચકા આવવાને કારણે લોકોમા ભયનો માહોલ પ્રસરી ગયો છે.

કેજરીવાલને પાક.સાથે સંબંધ હોવાના યોગી એક પુરાવો તો આપે

યોગી આદિત્યનાથ મનોરોગી,અમે મફત સારવાર કરાવવા તૈયારઃ આપ

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટીના સંજય સિંઘે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ માનસિક રોગનો ભોગ બનેલા મનોરોગી છે. અમે એમનો મફત ઈલાજ કરાવવા તૈયાર છીએ.

યોગીએ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અંગે કરેલી પાકિસ્તાન વિષયક ટીકાનો જવાબ આપતાં સંજય સિંઘે કહ્યું કે હું યોગીને દિલ્હી આવવાનું આમંત્રણ આપું છું. અમે એમની સારવાર મફત કરાવી આપીશું. દિલ્હીના બેસ્ટ મનોચિકિત્સક પાસે અમે એમની સારવાર કરાવીશું.

તેમણે યોગીને પડકારતાં કહ્યું હતું કે કેજરીવાલને પાકિસ્તાન સાથે સંબંધ હોવાના તમારા આક્ષેપનો કોઈ પુરાવો તો આપો.

દિલ્હીના મુખ્ય પ્રધાન વિશે ખોટ્ટા આક્ષેપ કરવા બદલ યોગીને જેલમાં મોકલવા જોઈએ એવું પણ સંજય સિંઘે કહ્યું હતું. તેમણે કહ્યું કે આવા મનોરોગીઓ ઉત્તર પ્રદેશથી આવતાં હોય છે જેમને લોકો યોગી 'બાબા' કહે છે. અમે એમની મફત સારવાર કરાવવા તૈયાર છીએ.

કોરોનાવાઈરસને લઈને અમેરિકા ખોટો ડર ફેલાવી રહ્યું છેઃ ચીનનો આરોપ

બેઇજિંગ

ચીન હાલમાં કોરોનાવાઈરસનો સામનો કરી રહ્યું છે અને આ વાઈરસનો ભય સમગ્ર વિશ્વમાં ફેલાયો છે. તેવામાં ચીને હવે અમેરિકા સામે આક્ષેપ મૂક્યો છે કે અમેરિકાએ ચીનમાંથી તેના નાગરિકોને પાછા બોલાવીને અને ટ્રાવેલ પર પ્રતિબંધ મૂકીને ખોટો ડર ફેલાવ્યો છે. ચીને તે પણ કહ્યું છે કે અમેરિકાએ જરૂરી મદદ કરવાના બદલે ખોટો ડર ફેલાવવાનું કામ કર્યું છે.

અમેરિકા જ પ્રથમ દેશ હતો જેણે કોરોનાવાઈરસ ગ્રસ્ત ચીનમાંથી પોતાના નાગરિકોને રેસ્ક્યુ કર્યા હતા અને ચીનમાં જવા માટે ચેતવણી જાહેર કરી હતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા હુઆ ચુનયિંગે જણાવ્યું હતું કે વોશિંગ્ટન ખોટું ભયનું વાતાવરણ ઊભું કરીને ડર ફેલાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે અમેરિકા જેવા વિકસીત દેશો કે જેમની પાસે આવા રોગચાળાનો સામનો કરવા માટે સુવિધાઓ અને ક્ષમતા છે તેમણે આવા પ્રતિબંધો મૂકવાના બદલે અસરગ્રસ્ત દેશોની મદદ કરવી જોઈએ.

રેટિંગ એજન્સી ક્રિસિલે પોતાના રિપોર્ટમાં કહ્યું બજેટથી અર્થતંત્ર નહિ સુધરે

બજેટમાં ઉઠાવવામાં આવેલા પગલાંની શોર્ટ ટર્મમાં કોઈ અસર નહિં દેખાય

બજેટમાં માંગ અને નિવેશને પ્રોત્સાહન મળે અને જીડીપી વેગવંતો બને તેવા કોઈ પગલા દેખાયા નથી

ન્યુ દિલ્હી

રેટીંગ એજન્સી ક્રિસિલે પોતાના એક રીપોર્ટમાં કહ્યુ છે કે કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧માં આર્થિક વિકાસ માટે ઉઠાવવામાં આવેલા પગલાની શોર્ટ ટર્મમાં કોઈ અસર નહી દેખાય. એજન્સીએ કહ્યુ છે કે, અર્થવ્યવસ્થાને સુસ્તીના દોરમાંથી બહાર કાઢવા માટે ટૂંકાગાળાના પગલા અસર નહી કરે. તેની લાંબાગાળે ધીમે ધીમે અસર જોવા મળશે. દેશનું સામાન્ય બજેટ શનિવારે રજૂ થયુ હતું. જેમાં ૨૦૨૦-૨૧ માટે ખાધનું લક્ષ્યાંક ૩.૫ ટકા નક્કી કરવામાં આવ્યુ છે. જે ગયા વર્ષના લક્ષ્યાંક ૩ ટકાથી વધુ છે.

ક્રિસિલના રીપોર્ટમાં જણાવાયુ છે કે સરકારે વધારાનું ધન વિનિવેશ, મિલ્કતને વેચવાનું લક્ષ્યાંક અને ટેલીકોમ આવક દ્વારા મેળવવામાં આવનાર ફંડ તથા આશાવાદી કર વૃદ્ધિ અનુમાન અને કુલ ખર્ચમાં ઘટાડાથી થશે. આ સિવાય પુંજીગત ખર્ચ અને ગ્રામીણ ક્ષેત્ર માટે થનાર ખર્ચથી ગ્રાહકોને પ્રોત્સાહન મળશે.

ક્રિસિલે રીપોર્ટમાં કહ્યુ છે કે બજેટમાં સરકારના પગલાનું લક્ષ્યાંક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનું છે પરંતુ આમાથી મોટાભાગના પગલાથી ટૂંકાગાળામાં પ્રોત્સાહન મળવાની આશા નથી. ક્રિસિલ ઉમેરે છે કે આર્થિક વિકાસના કેટલાક પ્રોત્સાહન મળશે પરંતુ ટૂંકાગાળામાં વધુ પ્રોત્સાહન નહિ મળે. જો કે સરકાર હજુ પણ લાંબાગાળાના આર્થિક વિકાસને નિહાળી રહેલ છે. તેથી પુંજીગત ખર્ચ પર ભાર મુકવામાં આવ્યો છે. તેની અસર સરકારાત્મક રહેશે પરંતુ મંદ રહેશે.

અત્રે નોંધનીય છે કે ૧ વર્ષથી અર્થતંત્ર માંદગીના ખાટલે છે. જીડીપી ૫ ટકાનું અનુમાન છે. સપ્ટે.માં સમાપ્ત ત્રિમાસિક ગાળામાં ૪.૮ ટકા જીડીપી નોંધાયો હતો. છેલ્લા ૧ વર્ષમાં જીડીપી ઘટવાથી નોકરીઓ ઘટી રહી છે અને તેનો દર ૪૫ વર્ષના ઉંચા સ્તરે પહોંચી ગયો છે.

આ જ કારણે ૨૦૨૦-૨૧ના બજેટને મોદી સરકારનું સૌથી કઠીન બજેટ ગણવામાં આવતુ હતું. ખાસ કરીને છેલ્લા એક વર્ષમાં ઈકોનોમીની હાલત અત્યંત ખરાબ હતી એવામા આશા હતી કે નાણામંત્રી એવા કેટલાક ઉપાયો કરશે જેનાથી માંગ અને નિવેશને પ્રોત્સાહન મળશે અને જીડીપી ગ્રોથ વેગ પકડશે પરંતુ બજેટમાં એવા કોઈ પગલા નથી દેખાયા જેનાથી અર્થવ્યવસ્થા દોડવા લાગે.

કોરોના વાયરસની અસર

ચીનના શેરબજારમાં ૧૩ વર્ષમાં સૌથી મોટો કડાકોઃ રોકાણકારોએ ૩૨ લાખ કરોડ ગુમાવ્યા

બીજિંગ

કોરોનાવાયરસની અસરના કારણે ચીનના શેરબજારમાં સોમવારે ભારે વેચવાલી થઈ હતી. શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૭.૭ ટકા ઘટીને એક વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ ચાર વર્ષનો સૌથી મોટો ઘટડો છે. ૨,૫૦૦ શેર શેર ૧૦ ટકા ઘટ્યા હતા. શેનજોન કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૮.૫ ટકા ઘટાડો આવ્યો. આ ઘટાડો ૧૩ વર્ષમાં સૌથી વધુ છે. બંને ઈન્ડેક્સમાં ઘટાડાના કારણે રોકાણકારોના ૪૪૫ અબજ ડોલર(૩૨ લાખ કરોડ રૂપિયા)નું નુકસાન થયું છે. ચીનના શેરબજાર રેગ્યુલેટરે કહ્યું છે કે બજારના ઘટાડાથી અસરગ્રસ્ત થયેલી કંપનીઓને ૨૦૧૯ના વાર્ષિક અને ૨૦૨૦ના ત્રિમાસિક પરિણામો જાહેર કરવાના સમયમાં છૂટ આપવામાં આવશે.

ચીનની કરન્સીમાં સોમવારે ઝડપી ઘટાડો આવ્યો. જ્યારે કરન્સી યુઆન ૧.૫ ટકા ઘટીને ૭ યુઆન પ્રતિ ડોલર થઈ ગઈ. ચીનની કેન્દ્રીય બેંકે સિસ્ટમમાં કેશ વધારીને ઘટાડાને રોકવાની કોશિશ કરી, પરંતુ તેની કોઈ અસર ન થઈ. સેન્ટ્રલ બેંકે રવિવારે કહ્યું હતું કે શોર્ટ ટર્મ બોન્ડની ખરીદી દ્વારા બેંકિંગ સિસ્ટમમાં ૧૭૩ અબજ ડોલર(૧૨.૩૬ લાખ કરોડ રૂપિયા)ની રકમ મૂકી, જેથી બેંકોની લોન આપવાની ક્ષમતા વધારી શકાય અને કરન્સી બજાર સ્થિર રહી શકે.

ચીનમાં નવા વર્ષની રજાઓ બાદ શેરબજારમાં સોમવાર કારોબારનો પ્રથમ દિવસ હતો. જોકે શુક્રવારે બજાર ખુલવાનું હતું. જોકે સરકારે રજાઓ વધારી દીધી હતી. ચીનમાં કોરોનાવાયરસના ઈન્ફેક્શનના ૧૭ હજારથી વધુ કેસો પ્રકાશમાં આવ્યા છે. કેન્દ્રીય અને સ્થાનિક સરકારો દર્દીઓના ઈલાજ અને મેડિકલ ઉપકરણો પર ખર્ચ કરવા માટે અત્યાર સુધીમાં ૧૨.૬ અબજ ડોલર(૯૦ હજાર કરોડ રૂપિયા)ની રકમ ઈસ્યુ કરી ચૂકી છે. ઈકોનોમિ પર કોરોનાવાયરસની અસર ઘટડવા માટે સરકાર ઘણા પગલાઓ ઉઠાવી રહી છે. વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં મુખ્ય બેંકો લોનના દરો ઘટાડી રહી છે. જેથી લોકોને આર્થિક રીતે મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે. બેંક ઓફ ચાઈનાએ કહ્યું છે કે લોકોની રોજગારી છીનવાય છે તો તેમને લોનની ચુકવણીમાં હાલ રાહત આપતા વધુ સમય આપવામાં આવશે.

દેહરાદૂન બોર્ડિંગ સ્કુલ ગૈંગરેપ

પોક્સો કાર્ટે મુખ્ય આરોપીને ૨૦ વર્ષ અને ત્રણ આરોપીઓને નવ વર્ષની સજા ફટકારી

વિદ્યાર્થિની સાથે ચાર ક્લાસમેટ સહિત સિનીયર વિદ્યાર્થીએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું

દહેરાદૂન

દેહરાદૂનના બહુચર્ચિત બોર્ડિંગ સ્કુલ ગૈંગરેપ મામલે સોમવારે પોક્સો કોર્ટે આરોપી વિદ્યાર્થી સરબજીતને સામૂહિક દુષ્કર્મના દોષમાં ૨૦ વર્ષની સજા સંભળાવી છે. કોર્ટે સ્કુલ ડિરેક્ટર લતા ગુપ્તા, મુખ્ય વહીવટી અધિકારી દીપક અને તેની પત્નીને અલગ-અલગ એક્ટ હેઠળ પોક્સો કોર્ટે દોષી જાહેર કરતા બધા આરોપીઓને નવ-નવ વર્ષની સજા સંભળાવી છે.

સ્કુલ પ્રિન્સિપાલ જીતેન્દ્ર શર્માને અઢી વર્ષની સજા થઈ હતી, પરંતુ તે કોર્ટે તેને જામીન પણ આપી દીધા હતા. સ્કુલ પ્રશાસનને સત્ય છૂપવવા, ષડયંત્ર અને પીડિતાનું ગર્ભપાત કરાવવાના આરોપમાં ૧૦ લાખ રુપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો. દંડની રકમ પીડિતાને આપવામાં આવશે. એક આરોપી આયા મંજૂને નિર્દોષ જાહેર કરવામાં આવી છે. કોર્ટે આ મામલામાં આરોપી ત્રણ સગીર વિદ્યાર્થીઓને પણ ત્રણ-ત્રણ વર્ષની સજા સંભળાવી છે.

સહસપુર વિસ્તારની બોર્ડિંગ સ્કુલમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની આ શરમજનક ઘટનાનો ખુલાસો સપ્ટેમ્બર ૨૦૧૮માં થયો હતો. આ ઘટના ઓગસ્ટ મહિનામાં બની હતી. ખુલાસા પછી કેસ નોંધવામાં આવ્યો હતો જેમાં આરોપ હતો કે તેના ચાર ક્લાસમેટ અને એક સીનિયર વિદ્યાર્થીએ પીડિતા પર ગૈંગરેપ કર્યો હતો અને પાછળથી સ્કુલ પ્રશાસને પીડિતાનો ગર્ભપાત કરાવ્યો હતો. જેની જાણ પીડિતાના પરિવારને કરવામાં આવી ન હતી. જોકે ઘટનાનો ખુલાસો થતાં જ પોલીસ ત્રણ સગીર આરોપીઓ સહિત એક વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. ત્યારબાદ ષડયંત્ર અને ગર્ભપાત કરાવવાના મામલે ડાયરેક્ટર સહિત પ્રશાસનના પાંચ લોકોની ધરકડક કરી હતી.

દુષ્કર્મ કેસના આરોપી ચિન્મયાનંદને ૫ મહિના બાદ અલ્હાબાદ હાઈકોર્ટે જામીન આપ્યા

અલ્હાબાદ

દુષ્કર્મ મામલાનાં આરોપમાં શાહજહાંપુર જેલમાં બંધ પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી સ્વામી ચિન્મયાનંદને અલ્હાબાદ હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. સોમવારે ચિન્મયાનંદની જામીન અરજીની સુનાવણી કરતાં અલ્હાબાદ હાઈકોર્ટે તેમને જામીન આપ્યા છે. આપને જણાવી દઈએ કે, ચિન્મયાનંદ પર તેની જ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીએ જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો. મામલામાં એસઆઈટીની તપાસ ચાલી રહી છે. શાહજહાપુરમાં સ્વામી શુકદેવાનંદ લો કોલેજમાં ભણતી એક વિદ્યાર્થીએ ૨૪ ઓગષ્ટનાં રોજ એક વીડિયો વાયરલ કરી સ્વામી ચિન્મયાનંદ પર શારીરિક શોષણ અને અનેકો છોકરીઓનું જીવન ખરાબ કરવાનો આરોપ લગાવ્યો હતો. વીડિયો વાયરલ થતાં વિદ્યાર્થીની ગુમ થઈ ગઈ હતી. બાદમાં પોલીસે તેને તેના મિત્ર સાથે રાજસ્થાનથી શોદી કાઠી હતી. આ કેસમાં વિદ્યાર્થીનીનાં પિતાએ ૨૫ ઓગષ્ટે સ્વામી ચિન્મયાનંદ વિરુદ્ધ અપહરણ અને મૃત્યુની ધમકીની કલમો હેઠળનો કેસ નોંધાયો હતો. વળી ચિન્મયાનંદનાં વકીલ વતી વિદ્યાર્થીની અને તેના મિત્રો પર પાંચ કરોડની વસુલાતની માંગણીનો આરોપ લગાવતા કેસ દાખલ કરાયો હતો. સુપ્રીમ કોર્ટનાં આદેશ પર, એસઆઈટી જાતીય શોષણ અને ખંડણી કેસની તપાસ કરી રહી છે. એસઆઈટીએ પીડિત વિદ્યાર્થીની અને ચિન્મયાનંદ બંને વિરુદ્ધ દાખલ કેસોમાં ચાર્જશીટ દાખલ કરી છે. અગાઉ, આ કેસની સુનાવણી ૨૩ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. ન્યાયાધીશ મનોજ મિશ્રા અને ન્યાયાધીશ દીપક વર્માની ડિવિઝન બેંચે ચિન્મયાનંદ દ્વારા દાખલ મોનિટરિંગ કેસમાં પક્ષકાર બનવાની માંગને ફગાવી દીધી હતી અને જામીન પર ચુકાદો અનામત રાખ્યો હતો.

વર્ધામાં એક તરફી પ્રેમમાં યુવકે મહિલા ટીચરને પેટ્રોલ છાંટી જીવતી સળગાવી

વર્ધા

મહારાષ્ટ્રાના વર્ધામાં એક તરફી પ્રેમમાં એક યુવકે મહિલા ટીચરને જીવતી આગ ચાંપી દીધી હતી. આ ઘટના હિંગણઘાટ તહસીલના નંદોરી ચોકમાં બની હતી, જયાં સોમવારે આરોપીએ મહિલા પર પેટ્રોલ છાંટી જીવતી સળગાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનામાં મહિલા બળી ગઈ ત્યારે તેણીને હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ યુવક ટીચર મહિલાને પ્રેમ કરતો હતો, પરંતુ મહિલા તેણીને પ્રેમ કરતી ન હતી તે જ તેની જીંદગી બરબાદ થવાનું કારણ બની ગયું હતું.

હાલમાં આ ઘટનામાં પીડિતા ખૂબ જ ગંભીર જણાઈ રહી છે. જો કે, ઘટના બાદ પીડિતાને ઉપ-જિલ્લા હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જયાંથી ડૉક્ટરે પીડિતાને નાગપુરની ઓરેન્જ સિટી હોસ્પીટલમાં મોકલવામાં આવી છે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ચીનની જોખમી નીતિ

ચીનની વિસ્તારવાદી ખતરનાક નીતિના કારણે તમામ પડોશી દેશો પરેશાન છે. ચીન પડોશી દેશોને જંગી લોન વિકાસના નામે આપે છે અને તેમને ફસાવીને તેમના વિસ્તારો પર કબજો જમાવવા માટે પ્રયાસ કરે છે. તેના આ વલણને અને ઈરાદાને હવે પડોશી દેશો સમજવા લાગ્યા છે અને તેની નીતિથી સાવધાન પણ થઈ રહ્યા છે. જો કે હજુ સુધી ચીને મોટા ભાગના પડોશી દેશો પર પ્રભુત્વ જમાવી લીધુ છે. ચીનનુ વાર્ષિક ઉત્પાદન ભારત કરતા સાત ગણુ વધારે છે અમારા પડોશી દેશોને ઘેરીને તે ભારત પર પ્રભાવ જમાવવાના પ્રયાસમાં રહે છે. અમે આર્થિક રીતે ચીનનો સામનો કરી શકવાની સ્થિતીમાં નથી. અમે ચીનની જેમ પડોશી દેશોની મદદ કરવાની પણ સ્થિતીમાં નથી પરંતુ રાજદ્ધારી પ્રયાસો મારફતે ચીનના પ્રભાવમાંથી આ મિત્ર દેશોને બચાવી શકે છે. બીજી બાજુ દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના સંશોધનની બાબત અમારા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં સ્થિત તેલ ભંડારો આપણા દેશની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે નહીં. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધખોળથી અમે અમારી ઉર્જા જરૂરિયાતોને ભવિષ્ય માટે વધુ યોગ્ય બનાવી શકીએ છીએ. તેલ અને ગેસની શોધખોળની સાથે સાથે એક શક્યતા એવી પણ બની શકે છે કે ત્યાં કોઈ નવા પ્રકારના ખનીજ પદાર્થોની શોધ થઈ જાય જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની ટેકનિક પર વધારે વિશ્વાસ જાગે અને બીજા દેશ ભારતીય કંપનીઓને આમંત્રણ આપે. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધને લઈને ચીનની ઉંઘ હવે હરામ થઈ ગઈ છે. ડ્રેગનની બેચેની પણ દેખાવા લાગી ગઈ છે. આ તમામ મુદ્દે ભારતને પીછેહઠ કરવાના બદલે આગળ વધવાની જરૂર છે. અમે આવું કરવામાં સક્ષમ છીએ કારણ કે અમારી પાસે નવી ટેકનોલોજી છે. ભારતીય વૈજ્ઞાનિક ટેકનોલોજીને સતત વિકસીત કરી રહ્યા છે. આ જ કારણસર ચીન અમારી આ નીતિથી ચિંતાતૂર છે અને દક્ષિણ ચીન દરિયા પર પોતાના પ્રભુત્વ સામે ઉભા થઈ રહેલા ખતરાને લઈને પરેશાન છે. આ ચીનની ગભરામણ છે કે તે ભારતને વિયતનામમાં તેલ અને ગેસ ન શોધવાની ચેતવણી આપી રહી છે. જે ચીનના દરિયાઈ હિસ્સા તરીકે બિલકુલ નથી. આ અમારો આંતરરાષ્ટ્રીય અધિકાર છે જેથી અમે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શોધખોળ પર કામ કરી શકીએ છીએ. અહીં એક બાબત સમજવી પડશે કે કોઈ અમારા જળક્ષેત્રમાં બહાર કોઈ પણ પ્રકારની શોધખોળ કરે તો અમને કોઈ સમસ્યા થવી જોઈએ નહીં. જો અમે ત્યાં તેલની શોધખોળ કરીશું નહીં તો કોઈ અન્ય દેશ આ કામ કરશે. ચીન એવું જ ઈચ્છે છે કે તે આ ક્ષેત્રમાં પોતાના વર્ચસ્વને જાળવી રાખે આ જ કારણસર તે વાંધાજનક નિવેદન કરીને ભારત પર દબાણ લાવવાના પ્રયાસમાં છે. ભારત આ બાબતોનો આંતરરાષ્ટ્રીય સ્તર પર જવાબ આપે તે ખૂબ જરૂરી છે. પોતાની નીતિઓ અને યોજનાઓને અટકાવ્યા વગર સતત આગળ વધારે તે પણ ખૂબ જરૂરી છે. તેની બાબતોને ગંભીરતાથી લેતું નથી.

ચીનની વિસ્તારવાદી નીતિના કારણે બધા દેશો પરેશાન છે : સાવધાની ખુબ જરૂરી

માળખાગત રોકાણ માટે સંશાધનો એકત્રિત કરવાની બાબત પડકારરૂપ

સંશાધનો એકત્રિત કરવા મુશ્કેલરૂપ

વર્ષ ૨૦૨૦ માટેનુ સામાન્ય બજેટ શનિવારના દિવસે નાણાંપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરવામાં આવ્યુ હતુ. બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ દેશના તમામ અર્થશાસ્ત્રીઓ બજેટને લઈને અભ્યાસ અને મુલ્યાંકન કરવાની પ્રક્રિયામાં લાગેલા છે. જુદી જુદી પ્રતિક્રિયા બજેટને લઈને મળી રહી છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે બજેટમાં ખોટી વાતો નહીં બલ્કે સારી બાબતોને પ્રાથમિકતા આપવામાં આવી છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે માળખાગત રોકાણ માટે સંશાધનો એકત્રિત કરવાની બાબત પડકારરૂપ છે. નાણાંપ્રધાન પાસે આશા હતી કે તેઓ સુસ્ત થઈ રહેલી અર્થવ્યવસ્થાની ચિંતા અને રાજકોષીય પ્રબંધન વચ્ચે તાલમેલ બેસાડી દેશે. સાથે સાથે એમ પણ માનવામાં આવી રહ્યુ હતુ કે બજેટમાં કરવેરામાં કાપ મારફતે ખર્ચ ક્ષમતાને વધારી દેવા માટેના પ્રયાસ કરવામાં આવનાર છે. ઉપભોકતા ખર્ચ સંબંધિત માંગ વધારી દેવાની જાહેરાત બજેટમાં કરવામાં આવનાર છે. જો કે શનિવારના દિવસે રજૂ કરવામાં આવેલા બજેટમાં સરકારે એવા સંકેત આપવાના પ્રયાસ કર્યા છે કે અર્થવ્યવસ્થામાં ચાલી રહેલી સુસ્તી પર પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આના માટે રાજકોષીય ખાદ્યના લક્ષ્યાંકની બાબતને પણ નજરઅંદાજ કરી દેવામાં આવી છે. નાણાંપ્રધાને રાજકોષીય લક્ષ્યને હાંસલ કરવામાં ૦.૫ ટકાના અંતરની સ્થિતી દર્શાવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦માં સુધારવામાં આવેલા રાજકોષીય ખાદ્યની જીડીપીના સાપેક્ષ અંતચર ૩.૮ ટકા છે. જ્યારે બજેટ અંદાજમાં કહેવામા આવ્યુ હતુ કે આ આંકડો જીડીપીના ૩.૩ ટકા રહી શકે છે. સૌથી ધ્યાન આપવા માટેની બાબત એ છે કે સરકારની પાસે મૌલિક રૂપે નક્કી કરવામાં આવેલા રાજકોષીય ખાદ્યના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મધ્યમઅવધિ રોડમેપ છે. જ્યારે અર્થવ્યસ્થા પાટા પર પરત ફરવા લાગે ત્યારે આ રોડમેપ મારફતે બજાર અને રોકારકારોમાં આ વિશ્વાસ સર્જી શકાય છે કે સરકાર રાજકોષીય શિસ્ત જાળવી રાખવા માટે કટિબદ્ધ છે. નાણાંપ્રધાને ઉપભોગ માંગને વધારી દેવા માટે આવકવેરામાં કાપની જાહેરાત કરી છે. જો કે આ કાપ એ વખતે લાગુ થશે જ્યારે કરદાતા હાલમાં મળી રહેલી કોઈ અન્ય રાહત અને છુટછાટની કમીનો લાભ લેશે નહીં. કરવેરામાં સુચિત કાપથી મધ્યમ આવકવર્ગના ઉપભોગની ખરીદી ક્ષમતા વધારી દેવામાં મદદ મળશે. ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સને ખતમ કરવાની જાહેરાત એક મોટી જાહેરાત તરીકે છે. તે કરવેરા વ્યવસ્થાને સુધારી દેવામાં અસરકારક સાબિત થનાર છે. કરવેરા વહીવટી વ્યવસ્થામાં સુધારાત્મક પ્રસ્તાવના રૂપમાં ફેસલેશ અપીલ અને વિશ્વાસ કાયમ કરવા જેવા ઉપાય ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તેમજ ઈઝ ઓફ લિવિંગની દ્રષ્ટિએ સુધારાત્મક પગલા તરીકે સાબિત થનાર છે. બજેટમાં સ્થાનિક બચતને વધારી દેવા માટે કોઈ ખાસ પગલા લેવામાં આવ્યા નથી. જો કે સરકારને મુળભુત માળખાને વિકસિત કરવા માટે ૧૦૨ લાખ કરોડ રૂપિયાના મહત્વકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યા છે. આશા રાખવામાં આવી રહી હતી કે સ્થાનિક બચતને મુળભુત માળખા સુધી લાવવા માટે કેટલાક કરવેરા પ્રોત્સાહન પગલા જાહેર કરવામાં આવશે. અથવા તો સ્થાનિક બચતને મુળભુત માળખા સુધી લાવવા માટે કેટલાક કરવેરા પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી શકે છે. જો કે આવા કોઈ પગલા લેવામાં આવ્યા નથી જેથી રોકાણ માટે સંશાધનો એકત્રિત કરવાની બાબત ચોક્કસપણે પડકારરૂપ રહેનાર છે. આગામી વર્ષ માટે રાજકોષીય ખાદ્ય લક્ષ્યાંક ૩.૫ ટકા રાખવામાં આવ્યુ છે. જે કેટલાક જટિલ અંદાજ પર આધારિત છે. જેમ કે ૧૦ ટકા લઘુતમ જીડીપી દર સામેલ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં લઘુતમ જીડીપી દર ૭.૫ ટકા રહ્યો છે. જ્યારે લક્ષ્ય ૧૨ ટકા રખાયો હતો. સાથે સાથે સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટ લક્ષ્ય ૨.૧ લાખ કરોડ રૂપિયા રાખવામાં આવ્યુ છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં મુશ્કેલથી ૧૮૦૦૦ કરોડ રૂપિયા જ ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે આવ્યા છે. બજેટમાં કેટલાક પગલા સામાન્ય લોકોની અપેક્ષા મુજબ રહ્યા નથી. તેમ લોકો માની રહ્યા છે.




ઉપભોગને વધારનાર બજેટ છે પરંતુ રાજકોષીય ખાદ્યને લઈને હાલમાં સાવધાન રહેવાની જરૂર : ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ પણ મુશ્કેલરૂપ છે

બજેટમાં શિક્ષણ : કૌશલ્ય વિકાસમાં ફાળવણી હજુ વધવાની આશા

જીડીપીના ૬ ટકાનુ સપનુ પૂર્ણ થશે

બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ જુદા જુદા ક્ષેત્રો માટે કરવામાં આવેલી જાહેરાતને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. બજેટમાં શિક્ષણને લઈને કેટલીક પહેલ કરવામાં આવી છે. જ્યારે કેટલીક પહેલ વધારે ઉદાર રીતે હાથ ધરવાની જરૂર હતી તેમ નિષ્ણાંતો માની રહ્યા છે. બજેટમાં શિક્ષણની વાત કરવામાં આવે તો કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં ત્રણ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. નિષ્ણાંતો માને છે કે આ ફાળવણી હજુ વધારે રહેવાની જરૂર હતી. કારણ કે કૌશલ્ય વિકાસ દેશની પ્રથમ જરૂરિયાત બની ચુકી છે. કારણ કે આજના સમયમાં યુવાનોને વૈશ્વિક જરૂરિયાત મુજબ તૈયાર કરવાની જરૂર દેખાઇ રહી છે. હવે નવી શિક્ષણ નીતિની જાહેરાત કરવામાં આવનાર છે. જેની તમામ શિક્ષણશાસ્ત્રીઓ રાહ જોઇ રહ્યા છે. આશા રાખવામાં આવી રહી છે કે નવી શિક્ષણ નીતિ આવી ગયા બાદ શિક્ષણના ક્ષેત્રમાં ગતિવિધીઓ વધી જશે. શિક્ષણની ગુણવત્તા અને કૌશલ્ય વિકાસની બાબત પર વધારે યોગ્ય રીતે ધ્યાન આપવામાં આવનાર છે. સામાન્ય બજેટમાં શિક્ષણ ક્ષેત્રને ૯૯૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવનાર છે. શિક્ષણ ક્ષેત્ર માટે બજેટ ફાળવણી જીડીપીના છ ટકા થશે તેવા સપના પૂર્ણ થઇ શકે છે. એમ માનવામાં આવે છે કે હાલમાં કૌશલ્ય વિકાસમાં ૩ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. આશા રાખી શકાય છે કે શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવ્યા બાદ તેમાં વધુ ફાળવણી કરવામાં આવી શકે છે. કૌશલ્ય વિકાસ દેશની પ્રથમ જરૂરિયાત છે. કારણ કે યુવાનોનુ ભવિષ્ય દેશનુ ભવિષ્ય છે. કૌશલ્ય વિકાસના કારણે તેમને માત્ર કામ જ મળશે નહીં બલ્કે કોઇ યુવા જો કુશળતા હાંસલ કરીને વિદેશ જાય છે તો ત ભારતની સંસ્કૃતિનુ પ્રચાર કરે છે. આનાથી લોકોમાં સન્માન પ્રાપ્ત કરે છે. ૧૫૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં માર્ચ ૨૦૨૧ સુધી ડિગ્રી અને ડિપ્લોમાં કોર્સ શરૂ કરવાની બાબત પણ બજેટની સારી બાબત છે. જાણકાર લોકો માની રહ્યા છે કે જો વધુને વધુ સંસ્થા આમાં ભાગીદાર બને છે તો તે યોગ્ય પગલુ સાબિત થઇ શકે છે. સમાજના વંચિત વર્ગના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી સ્તર પર ઓનલાઇન શિક્ષણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. તેને સમાજના તમામ વર્ગ માટે કેમ શરૂ કરવામાં આવી નથી. તે બાબત સમજાતી નથી. ઉચ્ચ શિક્ષણમાં એફડીઆઇ હવે સમયની જરૂરિયાત દેખાઇ રહી છે.વિશ્વ સ્તરીય શૈક્ષણિક સંસ્થા સ્થાપિત કરવા માટે ૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઇ છે. દેશમાં વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા માટે સ્ટડી ઇન ઇન્ડિયા કાર્યક્રમની જાહેરાત પહેલાથી જ થઇ ચુકી છે. પીપીપી મોડમાં જિલ્લા હોસ્પિટલો સાથે મેડિકલ કોલેજ બનાવાશે. સ્કીલ ડેવલપમેન્ટ માટે પણ જંગી ફાળવણી કરવામાં આવી છે. ભારતમાં અભ્યાસ કરવા ઇચ્છુક વિદેશી વિદ્યાર્થીઓ માટે બેંચમાર્ક તરીકે ઇન્ડ-સેટ પરીક્ષા આફ્રિકન અને એશિયન દેશોમાં યોજાશે. શિક્ષણ માટે શ્રેણીબદ્ધ જાહેરાતો બજેટમાં આજે કરવામાં આવી હતી જેની અસર દેખાશે. શિક્ષણના ક્ષેત્રમાં હજુ વધારે ધ્યાન આપવાની પણ જરૂરિયાત દેખાઇ રહી છે. પોતાના બજેટ ભાષણમાં નાણામંત્રીએ કહ્યું છે કે, ક્વોલિટી એજ્યુકેશન માટે ડિગ્રી લેવલ ઓનલાઇન સ્કીમ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત નેશનલ પોલીસ યુનિવર્સિટીનો પ્રસ્તાવ પણ રાખવામાં આવ્યો છે. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનો પ્રસ્તાવ પણ રાખવામાં આવ્યો છે., દેશમાં તબીબો અને સ્પેશિયાલિસ્ટોની અછતને દૂર કરવા માટે દરેક જિલ્લા હોસ્પિટલની સાથે મેડિકલ કોલેજ બનશે. આ બજેટમાં શિક્ષણ માટે ૯૯૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ૩૦૦૦ કરોડ રૂપિયા સ્કીલ ડેવલપમેન્ટ માટે રાખવામાં આવ્યા છે. ફાળવણી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં શિક્ષણ માટે ૯૪૮૫૩.૬૪ કરોડ રૂપિયા હતી જે ૨૦૧૮-૧૯ના સુધારેલા અંદાજથી ૧૩ ટકા વધારે હતી. ઉચ્ચ શિક્ષણ માટે અલગથી ૩૮૩૧૭.૦૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી જ્યારે સ્કુલી શિક્ષણ માટે ૫૬૫૩૬.૬૩ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. યુજીસીને ૪૬૦૦.૬૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે જ્યારે ૨૦૧૮-૧૯માં ૪૬૮૭.૨૩ કરોડ અપાયા હતા. આઈઆઈટી માટે ૬૪૦૯.૯૫ કરોડ અને આઈઆઈએમ માટે ૪૪૫.૫૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.



કૌશલ્ય વિકાસ દેશની પ્રથમ જરૂરિયાત છે, કારણ કે યુવાનોને વૈશ્વિક જરૂરિયાત મુજબ તૈયાર કરવાની જરૂર આજના સમયમાં દેખાય છે

કોઇ બેંક ડુબે છે તો ખાતામાં પાંચ લાખ સુરક્ષિત

બજેટથી બેંકો મજબુત થશે

જીએસટીની વ્યવસ્થાથી કરવેરા વ્યવસ્થામાં પારદર્શકતા

બેંકોને બજેટ ૨૦૨૦-૨૧માં પોતાની કાર્યપ્રણાલીમાં સુધારા લાવવા માટે ત્રણ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરવામા આવી છે. બજેટના કારણે બેંકો મજબુત થનાર છે. ખાસ બાબત એ છે કે બજેટમાં એવી જાહેરાત કરવામાં આવી છે કે હવે જો કોઇ બેંક ડુબે છે તો બેંક ખાતામાં જમા પાંચ લાખ રૂપિયાની રકમ સુરક્ષિત રહી શકે છે. આ જાહેરાતના કારણે બેંકો પર રોકાણકારોનો વિશ્વાસ વધશે. સાથે સાથે બેંકોને સસ્તી મુડીની કટોકટી પણ રહેશે નહીં. બેંકો માટે જે રકમની જાહેરાત કરવામાં આવી છે તેના કારણે કમજોર બેંકોને પોતાના પ્રદર્શનમાં સુધારો કરવા, નાણાંકીય ગતિવિધીમાં પારદર્શકતા લાવવા અને સ્પર્ધામાં વધારે મજબુત રીતે મેદાનમાં ઉતરવાની તક મળનાર છે. બેંકોમાં હાલ લોકોનો વિશ્વાસ ઉઠી રહ્યો હતો. કારણ કે બેંકિંગ ક્ષેત્રમાં હાલમાં અનેક વિવાદ સપાટી પર આવ્યા હતા. સાથે સાથે ગેરરિતીના કેટલાક બનાવો પણ બન્યા હતા. બેંકો સાથે ઠગાઇના કેસો પણ બન્યા હતા. હકીકતમાં બજેટથી લાગે છે કે સરકાર નાણાંકીય ક્ષેત્રને વિશ્વાસપાત્ર અને મજબુત બનાવવા માટે ઇચ્છુક છે. આ જ કારણસર કેટલીક બેંકોને મર્જ કરવામાં આવી રહી છે. સરકાર માને છે કે મોટી બેંક હોવાથી બેંકોને મુડીને લઇને કોઇ કમી થનાર નથી. સરકાર તમામ અનુસુચિત વાણિજ્ય બેંકો પર નજર રાખવાની વ્યવસ્થાને વધુ મજબુત કરવા માટે ઇચ્છુક છે. લોકોની જમા રકમ સુરક્ષિત રહે તેનો હેતુ પણ રાખવામાં આવ્યો છે. નાણાંપ્રધાને આઇડીબીઆઇ બેંકમાં સરકારની હિસ્સેદારીને ઓછી કરી દેવાની જાહેરાત પણ કરી છે. આના કારણે સરકારને ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને હાંસલ કરવામાં મદદ મળી શકે છે. સાથે સાથે બેંકને બોકિંગ ગતિવિધીને તેજ કરવામાં મદદ મળશે. બેકિંગ ક્ષેત્ર સાથે જોડાયેલી એક મોટી જાહેરાત એ છે કે બેકમાં જમા રકમ પર ગેરંટીને વધારીને પાંચ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. આ મર્યાદામાં વધારો કરવાની માંગ હાલમાં કરવામાં આવી રહી હતી. પીએમસી કોંભાડ સપાટી પર આવ્યા બાદ તેમાં વધારો કરવાની માંગ વધારે તેજ બની હતી. વ્યક્તિગત કરવેરામાં કાપ મુકવામાં આવ્યા બાદ માંગમાં વધારો થઇ શકે છે. નાણાંપ્રધાને બજેટમાં કર સ્લેબમાં ફેરફાર કરીને કેટલીક બાબતોનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. એકબાજુ આ જાહેરાતના કારણે વ્યક્તિગત કરદાતાને રાહત મળી છે. કરદાતાઓની સમક્ષ હવે બે જુના અને નવા રીતે કોઇ પણ સ્લેબને અપનાવવા માટે વિકલ્પ રાખ્યા છે. નવા કરવેરા સ્લેબમાં કેટલાકપ્રકારના કાપના લાભ મળશે નહીં. જ્યારે જુના સ્લેબમાં આ લાભ મળતા રહેશે. ખાનગી ખર્ચને વધારી દેવા માટે પણ ૨૦૨૧ સુધી આવાસ લોન લેનાર લોકો માટે કરવેરાની છુટછાટની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા કેટલાક મહિનાથી જુદા જુદા ક્ષેત્રોમાં માંગ ઓછી દેખાઇ રહી હતી. વાહન ખરીદીમાં મંદી દેખાઇ રહી હતી. બીજા ક્ષેત્રોમાં સુસ્તીની સ્થિતી રહેલી હતી. ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં વિકાસ દર ઘટીને ૪.૫ ટકા થઇ ગયો હતો. બજેટમાં કોર્પોરેટને ડીડીટીથી રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે. બજેટ ભાષણમાં જીએસટીના કારણે કરવેરા વ્યવસ્થામાં પારદર્શકતા આવી હોવાની બાબત કરવામાં આવી છે. આ જ કારણસર છેલ્લા બે વર્ષમાં ૬૦ લાખ નવા કરદાતા જોડાઇ ગયા છે. આગામી દિવસોમાં કરવેરા વસુલાતમાં તેજી પણ આવનાર છે.



કેન્સરના દર્દીઓની લાઈફની ગુણવત્તામાં સુધાર

કસરતથી કેન્સર દર્દીને લાભ

ચોથી ફેબ્રુઆરીના દિવસે વિશ્વ કેન્સર દિવસની ઉજવણી આવનાર છે. તાજેતરમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરત કેન્સરના દર્દીઓની લાઈફની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થઈ શકે છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે જુદા જુદા કોચરાન સિસ્ટેમેટિક રિવ્યુમાં આ બાબતને સમર્થન મળ્યું છે કે વોકિંગ અને સાઇકલીંગ જેવી પ્રવૃત્તિ કેન્સરની સારવાર લઈ ચૂકેલા લોકોને રાહત આપે છે. તેમની લાઈફ ગુણવત્તાને સુધારવામાં પણ મદદરૂપ બને છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે જુદા જુદા કેન્સરથી પીડાતા લોકોને હળવી કસરત કરવાની સલાહ આપવામાં આવે છે. સાઇકોલોજીકલ અને સોશિયલ ઈફેક્ટ ઉપર પણ તેની અસર થાય છે. સારવાર સાથે સંબંધિત લક્ષણો સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કેન્સરની સારવાર અને બચી જવાની તકોમાં પણ કસરતના કારણે સુધારો થાય છે. વ્યક્તિની લાઈફ ગુણવત્તા આના લીધે સુધરે છે. અભ્યાસના ભાગરૂપે ૬૬ ટ્રાયલ ઉપર કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું. કેન્સરના જુદા જુદા સ્વરૂપ માટે સારવારમાંથી પસાર થઈ ચૂકેલા ૪૮૨૬ લોકોને આવરી લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્તન અને પ્રોસ્ટેટ કેન્સર સહિતના રોગોમાં હળવી કસરત મદદરૂપ બની શકે છે. બીજા તબક્કા દરમિયાન ૪૦ ટ્રાયલ ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું જેમાં કેન્સરની સારવાર લઈ ચૂકેલા ૩૬૯૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. વોકિંગ, સાઇકલીંગ, યોગા સહિત કસરતના કાર્યક્રમોને ધ્યાનમાં લેવાયા હતા. અભ્યાસના પરિણામ દર્શાવે છે કે કસરત આરોગ્ય સંબંધિત લાઈફની ગુણવત્તા સુધારે છે.

ફિલ્મી ગપસપ...

ટાઇગર શ્રોફ સ્ટારર 'બાગી ૩'નું પોસ્ટર રિલીઝ



મુંબઈ

'બાગી' સિરીઝની ત્રીજી ફિલ્મ 'બાગી ૩'નું નવું પોસ્ટર રિલીઝ થયું છે. ટાઇગર શ્રોફ સ્ટારર આ ફિલ્મનું ટ્રેલર ૬ ફેબ્રુઆરીએ લોન્ચ કરવામાં આવશે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં ટાઇગર શ્રોફની સાથે લીડ રોલમાં શ્રદ્ધા કપૂર, અંકિત લોખંડે અને રિતેશ દેશમુખ પણ સામેલ છે. આ એક્શન ફિલ્મને કોરિયોગ્રાફરમાંથી ડિરેક્ટર બનેલા અહમદ ખાન ડિરેક્ટ કરી રહ્યા છે. ફિલ્મને સાજીદ નડિયાદવાલા અને ફોક્સ સ્ટાર સ્ટુડિયોઝ સાથે મળીને પ્રોડ્યૂસ કરી રહ્યા છે.

'બાગી ૩' ફિલ્મમાં અગાઉની બન્ને ફિલ્મની સરખામણીએ લાર્જર ધેન લાઇફ અપિઅરન્સ હશે અને માટે જ થાઈલેન્ડ, બલ્ગેરિયા અને સર્બિયાથી સ્પેશિયલ સ્ટંટ ટીમને રીક્રુટ કરવામાં આવી છે. ટાઈગરે આ ફિલ્મ માટે ખાસ વિવિધ પ્રકારના હથિયાર વાપરવાનું પણ શીખ્યું હતું અને જુદી-જુદી ફાઇટિંગ સ્ટાઇલ્સની પણ ટ્રેનિંગ લીધી હતી. ફિલ્મનું શૂટિંગ સર્બિયા, જયપુર વગેરે જગ્યાએ થયું છે. ફિલ્મમાં રિતેશ દેશમુખ ટાઇગરના મોટા ભાઈના રોલમાં છે અને તે જ ફિલ્મનો વિલન પણ છે. જ્યારે અંકિતા ફિલ્મમાં શ્રદ્ધા કપૂરની બહેનના રોલમાં છે.

સંગીતની દુનિયાનાં રાજા કૈલાશ ખેરે સીએએનાં કાયદાને સમર્થન આપ્યું



મુંબઈ

સીએએને ટેકો આપતાં પ્રખ્યાત ગાયક કૈલાશ ખેરે કહ્યું કે, આ કાયદાની જોગવાઈથી પડોશી દેશોમાં હેરાન થતાં રહેલા શરણાર્થીઓને દત્તક લેવાનો ભારત માટે માર્ગ એકદમ સાફ થઈ ગયો છે. ખેરે કહ્યું કે, "સીએએનો મતલબ તમે અને હું જાણીએ છીએ. આ કાયદા દ્વારા પાડોશી દેશ દ્વારા જે પરેશાન થઈ રહ્યા છે એને નાગરિકતા આપવામાં આવી રહી છે. જે એક સમયે તેમના પોતાના હતા (૧૯૪૭માં ભારતના ભાગલા પહેલા). આ પોતાનાપણના કારણે તેઓને ભારત પાછા ફરવું પડ્યું.

તેમણે આગળ વાત કરતાં કહ્યું કે, "હવે આ લોકોને દત્તક લેવામાં આવી રહ્યા છે, તો પછી દરેકને ખુશ થવું જોઈએ. જો કોઈ વ્યક્તિને આ લોકોને દત્તક લેવાનો વાંધો છે, તો તે દુખની વાત છે." જામિયા મીલીયા ઇસ્લામીયા યુનિવર્સિટી નજીક સીએએ વિરોધી વિરોધીઓના જૂથ પર ગોળીબારની તાજેતરની ઘટના અંગે પૂછવામાં આવતા ગાયકે જણાવ્યું હતું કે, આ વિષય વિશે સંપૂર્ણ માહિતી મળશે પછી જ હું કોઈ ટિપ્પણી કરીશ. હિંદી ફિલ્મોના જુના ગીતોને નવી શૈલીમાં રજૂ કરવાનો ટ્રેન્ડ વધવાની ઘટના પર ખેર બોલ્યો કે, આમ તો પાછળના ગીતને નવા રૂપમાં ગાવાની પરંપરા પુરાણી છે. પણ ગડબડ ત્યારે થાય છે જ્યારે નવા ગીતને એ રીતે ગાવામાં આવે કે જેમાં જુના ગીતના કોઈ સિદ્ધાંત જ ન બચે.

વિક્કી કૌશલની 'ભૂત'નું રુંવાટા ઉભું કરતુ ટ્રેલર રિલીઝ

મુંબઈ

બોલિવુડ એક્ટર વિક્કી કૌશલની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભૂત પાર્ટ વન - ધ હોન્ટેડ શિપ'નું ટ્રેલર રિલીઝ કરાયું છે. રિલીઝ થતા જ ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર છવાઈ ગયુ છે. ૨.૫૨ મિનીટના આ ટ્રેલરને જોઈને રુંવાડા ઉભા થઈ જશે. સીબર્ડ જે એક ડેડ શિપ છે, તે ખરાબ હવામાનને કારણે મુંબઈના જુહૂ બીચ પર આવી જાય. રસપ્રદ વાત તો એ છે કે, આ શિપ પર એક પણ વ્યક્તિ હોતી નથી. તેના બાદ પૃથ્વી જે સીબર્ડ પર સર્વેઈંગ ઓફિસર હોય છે, તે શિપની અંદર જાય છે. પૃથ્વીના શિપની અંદર જ જતા ડરનો ખેલ શરૂ થઈ જાય છે.

ગાયકે ચીનમાં ફસાયેલ પાક. વિદ્યાર્થીનો વિડિયો ક્લીપ શેર કરતા લખ્યું

પાકિસ્તાન શરમ કરો, ભારત પાસેથી કંઈક શીખો: અદનાન સામી



મુંબઈ

ચીનમાં કોરોના વાઇરસના પગલે અત્યાર સુધીમાં સાડા ત્રણસોથી વધુ લોકો માર્યા ગયા છે. કેટલાક પાકિસ્તાની વિદ્યાર્થીઓ ત્યાં ફસાયા છે એવા સમાચારના આધારે અદનાન સામીએ પોતાના ટ્વીટર એકાઉન્ટ પર એક વિડિયો ક્લીપ રિલિઝ કરી હતી. જેમાં એક પાકિસ્તાની વિદ્યાર્થી પોતાના મોબાઇલ ફોનના કેમેરા દ્વારા ભારતીય વિદ્યાર્થીઓને લઇ જતી બસ દેખાડી રહ્યો છે.

આ બસ વિદ્યાર્થીઓને એરપોર્ટ લઈ જઈ રહી છે જ્યાંથી વિમાન દ્વારા આ યુવકો સ્વદેશ પાછા ફરશે. દુનિયાના અન્ય દેશો પણ આ રીતે પોતાના લોકકને ચીનની બહાર કાઢી રહ્યા છે. આ પાકિસ્તાની વિદ્યાર્થી કહે છે કે અમને સ્વદેશ પાછા લઇ જવાની કોઇ વ્યવસ્થા પાકિસ્તાનની સરકારે કરી નથી. એ કહે છે કે તમે જીવો, મરો, તમારા નસીબ. અમે કશું કરી શકીએ એમ નથી.

આ વિડિયો ક્લીપ રજૂ કરીને અદનાન સામીએ લખ્યું હતું. પાકિસ્તાન શર્મ કરો. ભારત સે કુછ તો સીખો. અપને લોગોં કો વાપસ લાને કા કોઈ ઈંતજામ તો કરો... જુઓ, ભારત શી રીતે પોતાના નાગરિકો માટે દોડાદોડ કરીને લોકોને ચેપગ્રસ્ત વિસ્તારની બહાર કાઢી રહ્યું છે.

હરભજન સિંહ ફિલ્મ 'ફ્રેન્ડશિપ'માં લીડ રોલ પ્લે કરશે

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ બોલર હરભજન સિંહ પોતાની રમતથી લોકો વચ્ચે ખુબ લોકપ્રિય રહ્યો છે. હવે તે સિલ્વર સ્ક્રીન પર પોતાનો જલવો દેખાડશે. હરભજન સિંહ ફિલ્મ 'ફ્રેન્ડશિપ'થી અભિનયમાં પદાર્પણ કરવા માટે તૈયાર છે. ભારતીય સિનેમામાં આ પ્રથમ વખત થશે, જ્યારે કોઈ ફિલ્મમાં ભારતીય ક્રિકેટ મુખ્ય ભૂમિકામાં હશે. ફિલ્મ મેકર્સે સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી છે.

મેકર્સે ટ્વીટર પર ફિલ્મનું ફર્સ્ટ લુક પોસ્ટર શેર કર્યું છે. પોસ્ટરની સાથે લખ્યું, 'ભારતીય સિનેમામાં પહેલી વાર. ભારતીય ક્રિકેટર હરભજન સિંહ અપકમિંગ ફિલ્મ 'ફ્રેન્ડશિપ'માં લીડ રોલ પ્લે કરશે.' આ ફિલ્મના પોસ્ટરમાં કોઈનો ચહેરો તો દેખાઈ રહ્યો નથી પરંતુ તેમાં હાથકડી લાગેલા બે હાથ અને ક્રિકેટનું ખાલી મેદાન જોવા મળી રહ્યું છે.

મહત્વનું છે કે ફિલ્મ ફ્રેન્ડશિપના પોસ્ટરને હરભજન સિંહે પણ પોતાના ટ્વીટર હેન્ડલ પર શેર કર્યું છે. આ ફિલ્મના ડાયરેક્ટર જેપીઆર અને શામ સૂર્યા છે. તો જેપીઆર અને સ્ટાલિને ફિલ્મને પ્રોડ્યૂસ કરી છે.

વહિદા રહેમાનને 'કિશોર કુમાર સન્માન'થી સન્માનિત કરવામાં આવશે

મુંબઈ

મધ્યપ્રદેશના સંસ્કૃતિ મંત્રી વિજયલક્ષ્મી સાધો ચાર ફેબ્રુઆરીએ વેટરન એક્ટ્રેસ વહિદા રહેમાનને 'કિશોર કુમાર સન્માન ૨૦૧૮'થી સન્માનિત કરશે. મધ્યપ્રદેશ સરકાર સિંગર કિશોર કુમારના નામ પરથી આ અવોર્ડ આપે છે. મધ્ય પ્રદેશ જનસંપર્ક વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે નિર્ણાયક મંડળે વહિદા રહેમાનને સર્વ સંમતિથી આ સન્માન આપવાનો નિર્ણય લીધો હતો. ગયા વર્ષે ૧૩ ઓક્ટોબરના રોજ કિશોર કુમારની ૩૨મી ડેથ એનિવર્સરી પર ખંડવામાં આયોજીત એક ઈવેન્ટમાં વહિદા રહેમાનને સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ એક્ટ્રેસની તબિયત સારી ના હોવાથી તેઓ હાજર રહી શક્યા નહોતાં.

ચાર ફેબ્રુઆરીએ મધ્ય પ્રદેશના સંસ્કૃતિ મંત્રી સાડા ત્રણ વાગે વહિદા રહેમાનના મુંબઈ સ્થિત ઘરે જઈને તેમને અવોર્ડથી સન્માનિત કરશે. તેમને બે લાખ રૂપિયા, શાલ-શ્રીફળ તથા પ્રશસ્તિ પત્રક આપવામાં આવશે. ત્રણ ફેબ્રુઆરીના રોજ વહિદા રહેમાનનો ૮૨મો જન્મદિવસ છે. વહિદા રહેમાને ૫૦ના દાયકામાં તેલુગુ ફિલ્મ 'રોજુલુ મરાઈ'થી ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. હિંદી ફિલ્મમેકર ગુરુદત્તની નજર વહિદા રહેમાન પર પડી હતી અને તેમણે એક્ટ્રેસને હિંદી ફિલ્મમાં લેવાનો નિર્ણય કર્યો હતો.

રમત જગત વિશેષ

આઈસીસી ટી-૨૦ રેંકિંગઃ લોકેશ રાહુલ વર્લ્ડ નંબર-૨ બેટ્સમેન બન્યો

કેએલ રાહુલ પોતાના સર્વશ્રેષ્ઠ ટી૨૦ આંતરરાષ્ટ્રીય રેંકિંગ પર પહોંચી ગયો છે. તે આઈસીસીના નવા રેંકિંગમાં મોટી છલાંગ લગાવતા બીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે પ્રથમ સ્થાન પર પાકિસ્તાનનો બાબર આઝમ યથાવત છે. આ મામલામાં રાહુલે વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા બેટ્સમેનોને પાછળ છોડી દીધા છે. ભારતીય ટીમનો કેપ્ટન વિરાટ કોહલી આઈસીસી ટી-૨૦ રેંકિંગમાં ૯માં સ્થાને છે, જ્યારે વાઇસ કેપ્ટન રોહિત શર્મા ટોપ-૧૦માં પહોંચી ગયો છે. તો રાહુલ છઠ્ઠા સ્થાનેથી સીધો બીજા સ્થાને પહોંચી ગયો છે. તેમાં તેની મહેનત સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. કેએલ રાહુલે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૫ મેચોની ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝમાં ૨ અડધી સદીની સાથે ૨૨૪ રન ફટકાર્યા હતા. જો એક દ્વિપક્ષીય સિરીઝમાં ભારતીય બેટ્સમેન દ્વારા બનાવવામાં આવેલા સૌથી વધુ રન છે. આ પ્રદર્શનની મદદથી રાહુલે રેંકિંગમાં ટોપ-૩ બેટ્સમેનોમાં સ્થાન મેળવ્યું છે.

ટોપ-૫ બેટ્સમેનઃ

ક્રમ	પ્લેયર	દેશ	પોઈન્ટ્સ
૧	બાબર આઝમ	પાકિસ્તાન	૮૭૯
૨	લોકેશ રાહુલ	ભારત	૮૨૩
૩	આરોન ફિન્ચ	ઓસ્ટ્રેલિયા	૮૧૦
૪	કોલિન મુનરો	ન્યૂઝીલેન્ડ	૭૮૫
૫	ડેવિડ મલાન	ઈંગ્લેન્ડ	૭૮૨

ટોપ-૫ બોલર

ક્રમ	પ્લેયર	દેશ	પોઈન્ટ્સ
૧	રાશિદ ખાન	અફઘાનિસ્તાન	૭૪૯
૨	મુજિબ ઉર રહેમાન	અફઘાનિસ્તાન	૭૪૨
૩	મિચેલ સેન્ટનર	ન્યૂઝીલેન્ડ	૬૭૭
૪	એડમ ઝામ્પા	ઓસ્ટ્રેલિયા	૬૭૪
૫	ઈમાદ વસીમ	પાકિસ્તાન	૬૭૨

ટોપ-૫ ઓલરાઉન્ડર

ક્રમ	પ્લેયર	દેશ	પોઈન્ટ્સ
૧	મોહમ્મદ નાબી	અફઘાનિસ્તાન	૩૧૯
૨	ગ્લેન મેક્સવેલ	ઓસ્ટ્રેલિયા	૨૩૧
૩	સીન વિલિયમ્સ	ઝિમ્બાબ્વે	૨૧૨
૪	રિચી બેરિંગ્ટન	સ્કોટલેન્ડ	૧૯૪
૫	રોહન મુસ્તફા	યુએઈ	૧૫૬

ટોપ-૫ ટીમ

ક્રમ	દેશ	પોઈન્ટ્સ
૧	પાકિસ્તાન	૨૭૦
૨	ઓસ્ટ્રેલિયા	૨૬૯
૩	ઈંગ્લેન્ડ	૨૬૫
૪	ભારત	૨૬૫
૫	સાઉથ આફ્રિકા	૨૬૨

બપોરે ૧:૩૦ વાગે સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર મેચનું જીવંત પ્રસારણ

અંડર-૧૯ વર્લ્ડ કપઃ ભારત-પાકિસ્તાન વચ્ચે આજે સેમિફાઈનલ મેચ

ઓટચેસ્ટ્રૂમ

ભારત અને પાકિસ્તાન અંડર-૧૯ વર્લ્ડકપના પ્રથમ સેમિફાઈનલમાં આજે એકબીજા સામે ટકરાશે. બંને ટીમ સતત બીજીવાર સેમિફાઈનલમાં એકબીજા સામે ટકરાશે. ૨૦૧૮માં ભારતે પાકિસ્તાનને ૨૦૩ રને હરાવ્યું હતું. બંને ટીમ વચ્ચે ૮ મેચ રમાઈ છે અને તેઓ ૪-૪ જીત સાથે બરોબરી પર છે. ભારત છેલ્લે ૨૦૧૦માં પાકિસ્તાન સામે હાર્યું હતું. ત્યારે પાકિસ્તાને ક્વાર્ટરફાઈનલમાં ૨ વિકેટે મેચ જીતી હતી.

ભારત જો આજે મેચ જીતે સાતમી વાર ફાઈનલમાં પહોંચશે. તે પહેલીવાર ૨૦૦૦માં ફાઈનલમાં પહોંચ્યું હતું. ત્યારે ભારત ચેમ્પિયન બન્યું હતું. તે પછી ૨૦૦૬માં ઉપવિજેતા, ૨૦૦૮ અને ૨૦૧૨માં ચેમ્પિયન, ૨૦૧૬માં ઉપવિજેતા અને ૨૦૧૮માં ચેમ્પિયન બન્યું હતું. બીજી તરફ પાકિસ્તાન ૫ વાર ફાઈનલમાં પહોંચ્યું હતું. તે ૨૦૦૪ અને ૨૦૦૬માં ચેમ્પિયન, જ્યારે ૧૯૮૮, ૨૦૧૦ અને ૨૦૧૪માં રનરઅપ બન્યું હતું.

ભારતે ટૂર્નામેન્ટમાં સૌથી પહેલા શ્રીલંકાને હરાવ્યું હતું. તે પછી જાપાન અને ન્યૂઝીલેન્ડ સામે જીત મેળવી હતી. ક્વાર્ટરફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને માત આપી હતી. બીજી તરફ પાકિસ્તાને પ્રથમ મેચમાં સ્કોટલેન્ડને હરાવ્યું હતું. તે ઝિમ્બાબ્વે સામે જીત મેળવી, બાંગ્લાદેશ સામેની તેની મેચ વરસાદના લીધે રદ થઈ હતી. ક્વાર્ટરફાઈનલમાં અફઘાનિસ્તાનને હરાવી તે સેમિફાઈનલમાં પહોંચ્યું હતું.

યશસ્વી જયસ્વાલે ૪ મેચમાં ૧૦૩.૫૦ની એવરેજથી ૨૦૭ રન બનાવ્યા છે. તેમાં ત્રણ ફિફ્ટીનો સમાવેશ થાય છે. બોલર્સમાં રવિ બિશ્નોઈ સૌથી સફળ રહ્યો છે. તેણે ૪ મેચમાં ૧૧ વિકેટ લીધી છે. પાકિસ્તાન માટે મોહમ્મદ હારિસે ૪ મેચમાં ૧૧૦ રન કર્યા છે. બોલર્સમાં અબ્બાસ આફ્રિદીએ ૪ મેચમાં ૯ વિકેટ લીધી છે.

ભારતઃ પ્રિયમ ગર્ગ (કેપ્ટન), કાર્તિક ત્યાગી, યશસ્વી જયસ્વાલ, તિલક વર્મા, દિવ્યાંશ સક્સેના, રવિ બિશ્નોઈ, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), સિદ્ધેશ વીર, આકાશ સિંઘ, અથર્વ અંકોલેકર, સુશાંત મિશ્રા, વિદ્યાધર પાટીલ, શુવદગ હેગડે, શાશ્વત કુમાર કુશર્ગ.

પાકિસ્તાનઃ રોહેલ નઝિર (કેપ્ટન, વિકેટકીપર), અબ્બાસ આફ્રિદી, હૈદર અલી, મોહમ્મદ હરીસ, કાસિમ અકરમ, આમિર અલી, ફહાદ મુનીર, ઈરફાન ખાન, મોહમ્મદ હુરૈરા, તાહિર હુસેન, મોહમ્મદ આમિર ખાન, મોહમ્મદ વસીમ જુનિયર, અબ્દુલ બંગાળઝાઈ, મોહમ્મદ શાહજાદ , અરિશ અલી ખાન

ભારતને મોટો ઝટકોઃ ઈજાને કારણે રોહિત શર્મા વનડે અને ટેસ્ટ સિરીઝમાંથી બહાર



ન્યુ દિલ્હી

ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર ગયેલી ભારતીય ટીમે પાંચ મેચોની ટી૨૦ સિરીઝમાં યજમાન કીવી ટીમના સૂપડા સાફ કરી દીધા છે, પરંતુ આ વચ્ચે ભારતીય ટીમને એક મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટીમને દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માના રૂપમાં ઝટકો લાગ્યો છે, જે પાંચમી ટી૨૦ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. માહિતી પ્રમાણે ઈજાને કારણે રોહિત શર્મા ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ત્રણ મેચોની વનડે અને બે મેચોની ટેસ્ટ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.

ભારતીય ઓપનરને ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ અંતિમ ટી૨૦ મેચમાં બેટિંગ કરવા સમયે ઈજા થઈ હતી. રોહિત શર્માને પગમાં સમસ્યા થઈ અને તે મેદાન છોડી ચાલ્યો ગયો હતો. તે ફીલ્ડિંગ કરવા પણ મેદાનમાં ન આવ્યો અને જ્યારે ટ્રોફીની સાથે ટીમનું ફોટો સેશન ચાલી રહ્યું હતું તો તેના પગમાં પટ્ટી બાંધેલી હતી. જ્યારે તેને સપોર્ટ સ્ટાફના બે લોકોએ ઉભો કર્યો અને ડ્રેસિંગ રૂમમાં લઈ ગયા હતા.

બીસીસીઆઈનાં સુત્રો અનુસાર રોહિત શર્મા ૩ મેચોની વનડે સિરીઝ અને ૨ મેચોની ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમની સાથે રહેશે નહીં.

ટીમમાં જીતની માનસિકતા પેદા કરવાનો શ્રેય કોહલીને જાય છે : ઈયાન ચેપલ

ન્યુ દિલ્હી

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન ઈયાન ચેપલે ભારતીય કપ્તાન વિરાટ કોહલીના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે, "કોહલીએ પોતાના સ્વભાવનો ઉપયોગ એવી ટીમ બનાવવામાં કર્યો છે, જે વિદેશમાં એક પછી એક સફળતા મેળવી રહી છે. ટીમમાં જીતની માનસિકતા પેદા કરવાનો શ્રેય તેને જાય છે. જ્યારે ટીમ હારેલી બાજી પણ જીતે છે તો સાથી ખેલાડીઓ પણ માનવા લાગે છે કે કપ્તાન ચમત્કારિક ખેલાડી છે."

ચેપલે કહ્યું કે, જ્યારે કોહલીને પહેલીવાર કપ્તાન બનાવવામાં આવ્યો તો મને લાગ્યું કે તેનો ભાવનાત્મક સ્વભાવ તેની નેતૃત્વ ક્ષમતાને નુકસાન પહોંચાડશે. જોકે તેણે સાબિત કર્યું છે કે, આ સ્વભાવ માત્ર તેની તાકત નહીં પરંતુ આખી ટીમમાં જીતની માનસિકતા લાવ્યું છે.

ચેપલે વધુ ઉમેરતા કહ્યું કે, કોહલીની કપ્તાનીની ખાસિયત એ છે કે ભારત સતત સારો દેખાવ કરી રહ્યું છે. ત્રણેય ફોર્મેટમાં ફેરફાર છતાં ટીમ મેચ જીતી રહી છે. આંકડા તેનો પુરાવો છે. ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત સતત સાત ટેસ્ટ જીતીને ટોપ પર છે. ટીમ ઈન્ડિયાએ અંતિમ ૪ ટેસ્ટ એક ઈનિંગ્સના માર્જિનથી જીતી છે. ઓસ્ટ્રેલિયાને ૩ વનડેની સીરિઝમાં હરાવ્યા પછી ન્યૂઝીલેન્ડનો ટી-૨૦માં વ્હાઇટવોશ કર્યો હતો.

ધોનીનું ભવિષ્ય માત્ર આઈપીએલ પર નિર્ભર છે : કપિલ દેવ

ન્યુ દિલ્હી

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ભારતીય ક્રિકેટ બોર્ડના વાર્ષિક કોન્ટ્રાક્ટનો ભાગ નથી. જુલાઇ ૨૦૧૯ બાદથી ધોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તો છોડો તે ઘરેલૂ ક્રિકેટમાં પણ જોવા મળ્યો નથી. આઇસીસી વર્લ્ડ કપ ૨૦૧૯ની સેમીફાઇનલમાં ન્યૂઝીલેન્ડથી મળેલ હાર બાદ એમએસ ધોની ખુબ લાંબા બ્રેક પર છે. આવામાં તેના ભવિષ્ય પર પણ સવાલો ઉદ્ભવી રહ્યા છે, અને કહેવામાં આવી રહ્યું છે કે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી સંન્યાસ લઈ શકે છે.

આ મુદ્દા પર જ ભારતીય ક્રિકેટ ટીમના મહાન કેપ્ટન કપિલ દેવે કહ્યું છે કે, હવે એમએસ ધોની માટે વાપસી કરવું મુશ્કેલીભર્યું છે, કારણ કે તે ખુબ લાંબા સમયથી ક્રિકેટથી દૂર છે. અહિંયા સુધી કે પસંદગીકર્તાઓ માટે તેને પિક કરવું સરળ નહી હોય, ભલે તે ઉપલબ્ધ હોય. ૧૯૮૩ વર્લ્ડ કપ વિનિંગ ટીમ ઈન્ડિયાના કેપ્ટન રહેલા કપિલ દેવે મીડિયા સાથે વાત કરતા ધોનીના કમબેક પર આ નિવેદન આપ્યું હતું.

દિલ્હીમાં ૪ દિવસમાં ફાયરિંગની ત્રીજી ઘટના,દ-પૂર્વના ડીસીપી બિસ્વાલની બદલી

જામિયા યુનિવર્સિટીના ગેટ નંબર-૫ બહાર ફાયરિંગથી ખળભળાટ

ન્યુ દિલ્હી

જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી બહાર રવિવારે મોડી રાતે અજાણ્યા લોકોએ ફાયરિંગ કર્યું હતું. તેમાં કોઈ જાનહાની નથી થઈ. અહીં થોડા અંતરે જ નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પ્રદર્શન ચાલી રહ્યું હતું. સ્કૂટી પર આવેલા હુમલાખોરોએ યુનિવર્સિટીના ગેટ નંબર-પની બહાર ફાયરિંગ કર્યો હતો. પોલીસે સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે ફરિયાદ નોંધી લીધી છે. પહેલાં જામિયા અને શાહિન બાગ વિસ્તારમાં સતત ફાયરિંગની ઘટના સામે આવી રહી છે. ચૂંટણી પંચે રવિવારે રાતે ડીસીપી સાઉથ ઈસ્ટ ચિન્મય બિસ્વાલની ટ્રાન્સફર કરવામાં આવી છે.

આ પહેલાં ૩૦ જાન્યુઆરીએ જામિયા વિસ્તારમાં સીએએ વિરુદ્ધ માર્ચ કરી રહેલા લોકો સામે એક અજાણ્યા વ્યક્તિએ ફાયરિંગ કર્યું હતું. ત્યારપછી ૧ ફેબ્રુઆરીએ શાહીન બાગ વિસ્તારમાં એક છોકરાએ હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. છેલ્લા ચાર દિવસોમાં પ્રદર્શન સ્થળ પાસે ગોળીબારની આ ત્રીજી ઘટના છે.

એસીપીના જણાવ્યા પ્રમાણે પોલીસની એક ટીમ ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ લેવા જશે. ત્યારપછી આગળની કાર્યવાહી કરવામાં આવશે. એફઆઈઆરમાં સાક્ષીઓના નિવેદન પણ સામેલ કરવામાં આવશે. તે પ્રમાણે રવિવારે રાતે અંદાજે ૧૧.૩૦ વાગે જામિયાના ગેટ નંબર-૭ તરફ સ્કૂટી પર બે લોકો આવ્યા હતા. પાછળ બેઠેલા વ્યક્તિએ ગેટ નંબર ૫ પાસે સ્કૂટી પર ઉભા થઈને ફાયરિંગ કર્યું હતું. ત્યારપછી હુમલાખોર હોલી ફેમિલી હોસ્પિટલ તરફ ભાગ્યા હતા. રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે હુમલાખોરો લાલ રંગની સ્કૂટી પર આવ્યા હતા. એક યુવકે લાલ રંગનું જેકેટ પહેર્યું હતું.

હું જામિયાના તમામ વિદ્યાર્થીઓની સાથે છે

સરકાર જામિયાના વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરી રહી છેઃ ઓવૈસી

ન્યુ દિલ્હી

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ જામિયા મિલિયાના વિદ્યાર્થીઓનો મુદ્દો આજે સંસદમાં ઉઠાવતા તેમને સમર્થનની જાહેરાત કરી છે. લોકસભામાં ઓવૈસીએ આજે જણાવ્યું કે, તેઓ જામિયાના બાળકોની સાથે છે. સરકાર વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરી છે, તેઓ દિકરીઓને મારી રહ્યા છે.

લોકસભાની કાર્યવાહી દરમિયાન ઓવૈસીએ જણાવ્યું હતું કે, હું જામિયાના તમામ બાળકોની સાથે છું. સરકાર બાળકો પર અત્યાર કરી રહી છે. આ લોકો જાણે છે કે એક વિદ્યાર્થીની આંખ જતી રહી છે, જણાવો કેમ મારી રહ્યા છો. આ લોકોને શરમ નથી આવતી વિદ્યાર્થીઓને મારી રહ્યા છે. ગોળી મારી રહ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં વધુ ચાર નેતાઓને મુક્ત કરાયા

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના વહીવટી તંત્રે વધુ ચાર રાજકારણીને પ્રિવેન્ટીવ કસ્ટડીમાંથી મુક્ત કર્યા હતા જેમાં નેશનલ કોન્ફરન્સના નેતા અબ્દુલ મજીદ લારમા, ગુલામ નબી ભટ અને ડૉ. મોહમદ શફીનો સમાવેશ છે. અન્ય એક નેતા મોહમદ યુસુફ ભટને પણ છોડાયો હતો. ત્રણ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તથા શાહ ફૈઝલ અને સજ્જાદ અલી લોનને મુક્ત કરાયા નથી.

૫ ઑગસ્ટે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો દૂર કર્યા બાદ સાવચેતીના પગલાંરૂપે અલગાવવાદી નેતાઓ ઉપરાંત વિપક્ષોના નેતાને નજરકેદમાં મૂક્યા હતા. અગાઉ પણ નેશનલ કૉન્ફરન્સ અને પીડીપીના અનેક નેતાને મુક્ત કરાયા છે. હજુ પણ ૨૧ નેતા કસ્ટડી કે નજરકેદમાં છે. જેમને છોડાયા છે તેઓ પાસે ભડકાઉ નિવેદન નહીં કરવા અને સામાન્ય હાલત સ્થાપવામાં સહયોગ આપવા બાબતે બોન્ડ ભરાવાયા છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારુક અબ્દુલ્લાને ગુપ્કર હાઉસ, ઓમર અબ્દુલ્લાને હરીનિવાસ અને મહેબૂબા મુફ્તીને ચેસમસાહી હટમાં રખાયા બાદ સરકારી બિલ્ડિંગમાં રાખ્યા છે.

બુર્કિના ફાસોમાં આતંકી હુમલોઃ ૧૮ નાગરિકોના મોત

ઔગાડૌગૂ

ઉત્તર બુર્કિના ફાસોમાં ૧૮ નાગરિકોનાં આતંકી હુમલામાં મોત થયા છે. સુરક્ષા સૂત્રોએ કહ્યું હતું કે 'મોટરસાયકલો પર સશસ્ત્ર હુમલાખોરોએ સ્થાનિક રહેવાસીઓને હત્યા કરી હતી. દેશના ઉત્તરમા એક અઠવાડિયામાં આ પહેલા પણ આવો જ હુમલો થયો હતો. આ પહેલા પ્રાંતમાં ૨૫ જાન્યુઆરીએ થયેલ હુમલામાં ૩૯ લોકોના મોત થયા હતા. ડોરી શહેરમાં એર સ્થાનિક સ્વાસ્થય અધિકારીએ જણાવ્યુંછે કે, મૃતકમાં પ્રમુખ નર્સનો પણ સમાવેશ થાય છે જે લામ્દામોલ ગામમાં રહેતી હતી. અધિકારીએ જણાવ્યું છે કે, ગામ અને તેના આસપાસના વિસ્તારોના લોકો ઘણા ગભરાયેલા હોવાથી તે ગામ છોડીને રવાના થઈ રહ્યા છે. કર્નલ સાલ્ફો કાબોરે ગતરોજ જણાવ્યું હતું કે, સુરક્ષા દળો નર્સનો મૃતદેહ ઘટના સ્થળેથી લાવ્યા જેથી તે તેના પરિવારને સોંપવામાં આવે. તેમણે કહ્યું કે, આ વિસ્તારની સુરક્ષા માટે વ્યવસ્થા કરવામાં આવી છે જેથી અન્ય ભોગ બનેલા લોકોનું પણ અંતિમ સંસ્કાર કરવામાં આવે.

નેશનલ ટેબલ ટેનિસમાં ગુજરાતનો ખેલાડી હરમિત દેસાઈ ચેમ્પીયન

હૈદરાબાદ ખાતે બે સુરતી વચ્ચેની ફાઇનલમાં માનવ ઠક્કરને હરાવ્યો

હૈદરાબાદ

છઠ્ઠા ક્રમના હરમિત દેસાઈએ રવિવારે ચોથા ક્રમના માનવ ઠક્કરને ૪-૩થી હરાવીને મેન્સ સિંગલ્સ ફાઇનલ જીતવાની સાથે યુટીટી ૮૧મી નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. અહીંના સરુનગર ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી ટુર્નામેન્ટ જીતીને હરમિતે તેની કારકિર્દીમાં પહેલી વાર નેશનલ ટાઇટલ જીત્યું હતું.

બંને સુરતી ખેલાડી વચ્ચે રસપ્રદ ફાઇનલ રમાઈ હતી જેમાં હરમિત દેસાઈનો ૧૧-૪, ૧૧-૧૩, ૧૪-૧૨, ૯-૧૧, ૧૧-૮, ૫-૧૧, ૧૧-૫થી વિજય થયો હતો. ગુજરાતના જ બે ખેલાડીએ નેશનલ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પ્રવેશ કર્યો હોય તેમ પહેલી વાર બન્યું હતું. આમ આ વખતે નેશનલ્સમાં ગુજરાતે ગોલ્ડ અને સિલ્વર એમ બંને મેડલ જીતી લીધા હતા.

હરમિત દેસાઈ પહેલી વાર ૨૦૧૩માં ફાઇનલમાં રમ્યો હતો. આમ તેણે પહેલું ટાઇટલ જીતવા માટે સાત વર્ષ રાહ જોવી પડી હતી. તેની આ શાનદાર સફળતા માટે હરમિતને ૨.૫ લાખ રૂપિયાનો પુરસ્કાર સાંપડ્યો હતો. બંને સુરતી ખેલાડીમાં વધુ અનુભવી એવા હરમિતે કબૂલ્યું હતું કે તેણે છેલ્લા ૧૨ મહિનામાં આકરી મહેનત કરી હતી. ખાસ કરીને તેણે બ્લોક્સ અને શોટ પસંદગીમાં માનવ સામે વધુ મહેનત કરી હતી.

આ બાબત સાચી છે પરંતુ તેમ છતાં હરમિતની સફળતામાં તેની શાંત અને ધીરજપૂર્ણ રમતનું યોગદાન હતું જે તેણે સાત સેટમાં દાખવી હતી. "માનવ અને મેં સાથે પ્રવાસ કર્યો હતો અને અમે અહીં લાંબી રેલી રમ્યા હતા જેમાં તે જીતી શક્યો ન હતો. મેં છઠ્ઠી ગેમમાં ભૂલ કરી હતી જેનાથી મારે યોજના બદલવી પડી હતી અને નિર્ણાયક ગેમમાં ધીરજ રાખવાનો મેં નિર્ણય લીધો હતો" તેમ હરમિતે જણાવ્યું હતું.

૨-૧ની સરસાઈ બાદ માનવે આક્રમક રમત દાખવી હતી અને સ્કોર સરભર કરીને મેચ નિર્ણાયક ગેમમાં લઈ જવામાં સફળતા હાંસલ કરી હતી. જોકે અંતિમ ગેમમાં હરમિત અલગ જ દેખાતો હતો. તેણે ઝડપ વધાડી હતી અને માનવને જરૂરી પોઇન્ટ લેવા દીધા ન હતા. ૫-૨ના સ્કોરે બંનેએ છેડા બદલ્યા ત્યારે હરમિતના પક્ષમાં રમત આવી ગઈ હતી.

ભાજપ-શિવસેના યુતિ મુદ્દે પ્રથમ વાર બોલ્યા મુખ્યમંત્રી ઠાકરે

મેં ભાજપ પાસે ચાંદ-તારા નહોતા માગ્યા, ફક્ત વચન પાલનનો આગ્રહ રાખ્યો હતો

ભાજપે અમને ધક્કો માર્યો અને અમે સામો મુક્કો ફટકાર્યો

મુંબઇ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે મેં ક્યાં ભાજપ પાસે આકાશના ચાંદ-તારા માગ્યા હતા. મેં માત્ર ભાજપે આપેલા વચનનું પાલન થાય એવો આગ્રહ રાખ્યો હતો. તેથી વધુ કશું મેં માગ્યું નહોતું.

મુખ્ય પ્રધાન થયા પછી પહેલીવાર ભાજપ સાથેના સંબંધો અંગે ઉદ્ધવે પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. શિવસેનાના મુખપત્ર સામનાને આપેલા ઇન્ટરવ્યૂમાં ઉદ્ધવે કહ્યું કે વચન આપવું એક વાત છે અને વચનનું પાલન બીજી વાત છે. વચન આપીને ફરી જવું એ દગાબાજી છે. ભાજપે અમને આપેલા વચનનું પાલન કરવાની તૈયારી દાખવી નહોતી. એ સિવાય બીજો કોઇ મતભેદ નહોતો.

પચીસ વર્ષના ભાજપ સાથેના મૈત્રી સંબંધો વિશે તમે શું કહો છો એવા સવાલના જવાબમાં ઉદ્ધવ બોલી રહ્યા હતા. શિવસેનાના ભડભડિયા સાંસદ સંજય રાઉતે ઉદ્ધવનો ઇન્ટરવ્યૂ લીધો હતો. ભાજપે તમને ધક્કો માર્યો અને તમે સામો ધક્કો માર્યો એવું નથી લાગતું ? એવા સવાલના જવાબમાં ઉદ્ધવે કહ્યું કે મહારાષ્ટ્રના ઇતિહાસમાં આવુ અગાઉ કદી બન્યું નહોતું. પરંતુ આ ઘટનામાં ધક્કો મારવો અને મુક્કો ખાવો બંને ઘટના સાથે બની હતી. (ભાજપે અમને ધક્કો માર્યો અને અમે સામો મુક્કો ફટકાર્યો).

કોણે કોને ધક્કો માર્યો અને કોણે મુક્કો માર્યો એવા સવાલના જવાબમાં ઉદ્ધે કહ્યું કે સમગ્ર મહારાષ્ટ્રે અથવા કહો કે સમગ્ર દેશે આ ઘટના જોઇ છે. મારા પિતાએ કદી કોઇ હોદ્દો સંભાળ્યો નહોતો. મારે પણ કોઇ હોદ્દો જોઇતો નહોતો. પરંતુ ભાજપે જ્યારે દગો કરવાની શરૂઆત કરી ત્યારે મને થયું કે હવે સક્રિય થવું પડશે.

મહારાષ્ટ્રના જલગાંવમાં ટ્રક-જીપ વચ્ચે અકસ્માતઃ ૧૦ લોકોના મોત

જલગાંવ

મહારાષ્ટ્રના જલગાંવમાં રવિવારે રાત્રે ટ્રક અને જીપ વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૭ લોકોને ઈજા પહોંચી છે. મૃતકોમાં એક જ પરિવારના ૭ વ્યક્તિનો સમાવેશ થાય છે. અકસ્માતનો ભોગ બનનારા તમામ એક લગ્ન પ્રસંગમાંથી પરત ઘરે આવી રહ્યા હતા. સામેથી આવી રહેલા એક ટ્રકે જીપને ટક્કર મારતા આ ઘટના સર્જાઈ હતી. ઈજાગ્રસ્તોને જલગાંવની અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના યાવલ તાલુકાના હિંગોલા ગામ પાસે બની હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ચિનચોન ગાંમના બાલુ નાયારણ ચૌધરી અને મેહુલ ગામના મહાજન પરિવાર સાથે ૪૦૦ કિમી દૂર લગ્નમાં ચોપડા ગામ ગયા હતા.

ભાજપ કેજરીવાલની ધરપકડ કરી બતાવેઃ સંજય સિંહનો પડકાર

કેજરીવાલ આતંકવાદી છે તેના ઘણાં પુરાવા છેઃ પ્રકાશ જાવડેકર

શાહીનબાગવાળા કેજરીવાલને બિરયાની ખવડાવે છેઃ યોગી

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, ત્યારે ભાજપ અને આમ આદમી પાર્ટી એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરી રહ્યા છે. હવે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આતંકવાદી ગણાવ્યા છે. જેમ-જેમ દિલ્હી ચૂંટણી નજીક આવતી જાય છે, તેમ-તેમ નેતાઓ વચ્ચે વાકયુદ્ધ વધતુ જાય છે. સોમવારે એક પત્રકાર પરિષદમાં જાવડેકરે કેજરીવાલની આલોચના કરી હતો.

પત્રકારો સાથે વાતચીત કરતા પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, દિલ્હીની જનતા

ન્યુ દિલ્હી

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવારે દિલ્હીના વિકાસપુરી વિસ્તારમાં જનસભાને સંબોધન કર્યું હતું. તેણે કહ્યું હતું કે પાકિસ્તાનન મંત્રી અરવિંદ કેજરીવાલના સમર્થમાં શાં માટે નિવેદન આપી રહ્યાં છે. કારણ કે તે સારી રીતે જાણે છે કે કેજરીવાલ જ છે તે શાહીન બાગમાં દેખાવકારોને મુફતમાં બિરયાની ખવડાવી શકે છે.

જે તેમની પડખે ઉભી રહી હતી, તે હવે કેજરીવાલથી દૂર થઈ રહી છે. આથી જ કેજરીવાલ પૂછી રહ્યાં છે કે, શું હું આતંકવાદી છું? તો તમે આતંકવાદી જ છો. જેના અનેક પુરાવા પણ છે. તમે પોતે જ કબુલ્યુ હતું કે, હું અરાજકતાવાદી છું. અરાજકતાવાદી અને આતંકવાદીમાં વધારે ફર્ક નથી હોતો.

બીજી તરફ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે પ્રકાશ જાવડેકરે પલટવાર કરતા જણાવ્યું કે, આ આપણા દેશની રાજધાનીમાં થઈ રહ્યું છે. જ્યાં કેન્દ્ર સરકાર બેઠેલી છે, ચૂંટણી પંચ ઉપસ્થિત છે. એક કેન્દ્રીય મંત્રીને આવી ભાષા બોલવાની મંજૂરી કેવી રીતે મળી શકે છે? જો કેજરીવાલ આતંકવાદી છે, તો ભાજપ તેમની ધરપકડ કરવાનો પડકાર ફેંકું છું.

મોદી

પહેલા પાનાથી ચાલુ

ખોટા હાથોમાં છે.

પહેલી વખત દેશનો લોકપાલ મળ્યા. દેશના લોકોને તો લોકપાલ મળ્યા પરંતુ દિલ્હીના લોકો આજ પણ લોકપાલની રાહ જોઇ રહ્યા છે. આટલું મોટું આંદોલન, આટલી મોટી વાતો... તેનું શું થયું. જ્યારે નિયત સાફ હોય ત્યારે જ નિર્ણયો લઇ શકાય છે. ત્યારે જ સાચો વિકાસ થઇ શકે છે.

આ બજેટમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી એક કરોડના ટર્નઓવર વાળા લઘુ ઉદ્યોગોનું ઓડિટ કરાવવું પડતું હતું, હવે એ લિમિટને ૫ કરોડ સુધી વધારવામાં આવી છે. પહેલા એક કરોડ સુધી તમને ઝઘને પૈસા આપવા પડતા હતા હવે ૫ કરોડ સુધી કોઇ ખર્ચો કરવાની જરૂર નથી. આ સરકારનું દેશના વેપારીઓ પર વિશ્વાસનું ઉદાહરણ છે.

૨૦૨૨ સુધી અમે સપનું જોયું છે દરેક ગરીબ બેઘરને પોતાનું પાકું મકાન આપવાના સંકલ્પનો અમારો જે નિર્ણય છે તેનો જ આ ભાગ છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની આ જ ભાવના છે. આ યોજના અંતર્ગત દેશમાં ગરીબો માટે બે કરોડથી વધુ ઘર બની ચૂક્યા છે. ૨ કરોડ વધુ ઘર અમારી સરકાર હજુ બનાવવાની છે.

મેન્યુફેક્ચરીંગ

પહેલા પાનાથી ચાલુ

મળી છે. કંપનીઓના પર્ચેજિંગ મેનેજર વચ્ચે કરવામાં આવતા માસિક સર્વે RHS માર્કેટ મેન્યુફેક્ચરિંગ PMI ઈન્ડેક્સ જાન્યુઆરીમાં ૫૫.૩ અંક રહ્યો છે. આ ૨૦૧૨થી ૨૦૨૦ના ગાળામાં તેનો સૌથી ઉચ્ચ સ્તરે છે. આ અગાઉ પહેલા ડિસેમ્બરમાં આ ૫૨.૭ અંક હતો. જ્યારે આખા વર્ષમાં પહેલી જાન્યુઆરી ૨૦૧૯માં આ આંકડો ૫૩.૯ અંક હતો. આ સતત ૩૦મો મહિનો છે જ્યારે મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ૫૦ અંકથી ઉપર રહ્યો છે. પીએમઆઈના ૫૦ અંકથી ઉપર રહેવાની ગિતવિધિઓમાં વિસ્તાર જ્યારે ૫૦ અંકથી નીચે રહેવું દબાણના વલણને દર્શાવે છે.

જાન્યુઆરીમાંજાન્યુઆરીમાં વિનિર્માણ પીએમઆઈના ઉચ્ચ સ્તરે રહેવાનું મુખ્ય કારણ માંગમાં સુધારો છે. તેનાથી નવા ઓર્ડર મળવા, ઉત્પાદન, નિકાસ અને વિનિર્માણ માટે ખરીદી અને રોજગારમાં વધારો જોવા મળ્યો છે. વળી, વ્યવસાયિક સેન્ટિમેન્ટમાં પણ સુધારો થયો છે.

સર્વેમાં કંપનીઓએ સ્વીકાર્યું કે નવા ઓર્ડરમાં જોવા મળેલી મજબૂતી છેલ્લા પાંચ વર્ષમાં જોવા મળી નથી. આનું મુખ્ય કારણ માંગ વૃદ્ધિ અને ગ્રાહકોની જરૂરિયાતોમાં સુધારણા છે. વિદેશી બજારોથી વધતી માંગ કંપનીઓના કુલ વેચાણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવેમ્બર ૨૦૧૮ પછી નિકાસના નવા ઓર્ડરમાં આ સૌથી ઝડપી વધારો છે. ત્યારે, રોજગારના સ્તરે જાન્યુઆરીમાં રોજગારના પ્રવૃત્તિઓમાં પણ સુધારો જોવા મળ્યો છે. આ ક્ષેત્રમાં રોજગાર દર છેલ્લા સાડા સાત વર્ષમાં સૌથી તેજ છે. બજાર પણ રિઝર્વ બેંકની મૌદ્રિક નીતિ રજૂ થવાની રાહ જોઇ રહ્યું છે. આમાં, બજારની માંગમાં વધારો કરવા અને આર્થિક વિકાસને ટેકો આપવા માટે પગલાં લઈ શકાય છે. રિઝર્વ બેંકની મૌદ્રિક નીતિ સમિતિની બેઠક ૪-૬ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ યોજાવાની છે.

બેન્કોમાં પૈસા

પહેલા પાનાથી ચાલુ

દ્વારા લેવાયેલા પગલાં, રિકેપિટલાઈઝેશન અને રિફોર્મ્સના પરિણામ સ્વરૂપ એનપીએ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનામાં રૂ. ૧.૬૮ લાખ કરોડ ઘટીને રૂ. ૭,૨૭,૨૯૬ કરોડ નોંધાઈ છે.

છેલ્લા વર્ષોમાં બેંકો સાથે છેતરપીંડિ-ફ્રોડની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો અને પસંદગીની નાણાંકીય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૨૩,૯૩૪ કરોડની છેતરપીંડિ થઈ હતી, જે ત્યારપછીના વર્ષોમાં વધી છે અને તે નાણાં વર્ષ ૨૦૧૮માં રૂ. ૪૧,૧૬૭ કરોડ, નાણાં વર્ષ ૨૦૧૯માં રૂ. ૭૧,૫૪૩ કરોડની છેતરપીંડિની ઘટનાઓ બની છે. તો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ છ મહિનામાં બેંકોએ છેતરપીંડિની ઘટનાઓમાં રૂ. ૧,૧૩,૩૭૪ કરોડ ગુમાવ્યા છે.

થાઈલેન્ડે

પહેલા પાનાથી ચાલુ

જણાવ્યું કે અમે લેબમાં આ દવાનું પરિક્ષણ કર્યું તો તેના ખૂબ જ પોઝેટિવ રિઝલ્ટ મળ્યા. તેનાથી ૧૨ કલાકમાં જ દર્દીને રાહત મળી. ૪૮ કલાકમાં તો દર્દી સંપૂર્ણ રીતે સ્વસ્થ થયો છે.

ડોક્ટર ક્રિએનસાક અતિપોર્નવાનિચે જણાવ્યું કે કોરોનાવાયરસના ઈલાજ માટે અમે એન્ટી-ફ્લૂ ડ્રગ ઓસેલ્ટામિવિરને લોપિનાવિર અને રિટોનાવિર સાથે મિશ્રિત કરીને નવી દવા બનાવી. આ દવા ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. હવે અમે તેને વધુ ઉપયોગી બનાવવા માટે તેનું લેબમાં પરીક્ષણ કરી રહ્યાં છે.

ડોક્ટર ક્રિએનસાક અતિપોર્નવાનિચે જણાવ્યું કે કોરોનાવાયરસની સારવાર માટે અમે એન્ટી-ફ્લૂ ડ્રગ ઓસેલ્ટામિવિરને એચઆઈવીની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવનાર લોપિનાવિર અને રિટોનાવિરની સાથે મિશ્રિત કરીને નવી દવા બનાવી છે. થાઈલેન્ડમાં અત્યાર સુધી કોરોનાવાયરસના કુલ ૧૯ કેસ નોંધાયા છે. તેમાંથી ૮ દર્દીઓને ૧૪ દિવસમાં જ સાજા કરીને ઘરે મોકલવામાં આવ્યા છે. જ્યારે ૧૧ લોકોની હાલ પણ સારવાર ચાલી રહી છે. ડોક્ટર ક્રિએનસાક અતિપોર્નવાનિચે આશા વ્યક્ત કરી છે કે નવી દવાથી અમે બાકીના દર્દીઓને પણ સાજા કરીશું. થાઈલેન્ડની સરકારે આ દવાને તેની કેન્દ્રીય પ્રયોગશાળામાં વધુ મજબૂત અને સચોટ બનાવવા માટે મોકલી છે. જો આ દવા પ્રયોગશાળાના પરિક્ષણોમાં સફળ રહી તો તેને કોરોનાવાયરસની પ્રથમ સફળ દવા માનવામાં આવશે.

કેરળમાં

પહેલા પાનાથી ચાલુ

વુહાન શહેરથી પાછો આવ્યો હતો. પાડોશી રાજ્ય કર્ણાટકના કેટલાંય જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે. આ ચીનનુ એ જ શહેર છે જ્યાંના સી-ફૂડ બજારથી આ વાયરસ ફેલાવવાનુ શરૂ થયુ હતુ. તો બીજી બાજુ બંગાળ સરકારે કોરોના વાઈરસથી પ્રભાવિત ૮ શંકાસ્પદ દર્દીઓની ઓળખ કરી છે. આ દરેક લોકો ૨૩ જાન્યુઆરીએ ચીનથી તે જ ફ્લાઈટમાં આવ્યા હતા, જેમાં કેરળના વિદ્યાર્થીઓ આવ્યા હતા. તેમની સીટ કેરળના વિદ્યાર્થીઓની સીટની આસપાસ જ હતી. કેરળમાં ૩૦ જાન્યુઆરીએ પહલો અને ૨ જાન્યુઆરીએ બીજો કેસ નોંધવામાં આવ્યો છે. ચીનમાં વુહાન સહિત અન્ય શહેરોમાં ફસાયેલા ૬૪૭ ભારતીયોને એરલિફ્ટ કરી લેવામાં આવ્યા છે. ચીનમાં કોરોના વાઈરસથી અત્યાર સુધી ૩૬૧ લોકોના મોત થયા છે.

ચીનના ઓફિશિયલ સૂત્રો દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે હુબઈ શહેરમાં ૨૪ કલાકમાં ૫૬ લોકોના મોત થયા છે, જ્યારે ૨,૧૦૩ કોરોના વાઈરસના કેસ નોંધાયા છે. આમ હવે ચીનમાં કુલ ૧૬,૬૦૦ કેસ નોંધવામાં આવ્યા છે. તેમાં ૯,૬૧૮ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૪૭૮ લોકોની સ્થિતિ ગંભીર છે.

અમેરિકામાં અત્યાર સુધી ૯ ઈન્ફેક્શનના કેસ સામે આવ્યા છે. કેલિફોર્નિયામાં ચાર, ઈલિનોએસ અને મૈસાચુસેટ્સમાં ૨-૨, વોશિંગ્ટન અને ઓરિજોનામાં ૧-૧ કેસ નોંધાયા છે. સ્પુતનિક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે રશિયાના રેલવે વિભાગે જણાવ્યું કે, ૩ ફેબ્રુઆરીએ કોરોના વાઈરસના કારણે ચીન જતી પેસેન્જર ટ્રેન સેવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કોરોના વાયરસના કારણે વૈશ્વિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. વિશ્વના વિવિધ દેશો વુહાનમાં ફસાયેલા પોતાના નાગરિકોને પરત લઈ જવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. આ જ પ્રયાસ હેઠળ વુહાનમાં ફસાયેલા ભારતના ૩૨૪ નાગરિકો દિલ્હી પહોંચ્યા છે. ચીનમાંથી ફેલાયેલો કોરોના વાયરસ દુનિયાના ૨૦ જેટલા દેશોમાં ફેલાઈ ચૂક્યો છે.

કુહાડીના ઘા મારી વૃદ્ધને મોતને ઘાટ ઉતારનાર આરોપીઓ પાસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવાયું

રાજકોટ

રાજકોટ તાલુકાના ઠેબચડા ગામે થોડા દિવસ પહેલા પોલીસ ઈન્સ્પેક્ટર સહિત ૧૦થી વધુ પોલીસની હાજરીમાં ટોળાંએ લખધીરસિંહ નવુભા જાડેજા (ઉ.વ.૬૦)ને કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા. વર્ષોથી ચાલતા જમીન મામલામાં કોર્ટના આદેશ મુજબ પોલીસ પ્રોટેક્શન હેઠળ વૃદ્ધ અને તેના પરિવારજનો જમીનનો કબ્જો લેવા ગયા હતા ત્યારે મહિલા સહિતનું ટોળું ધસી આવ્યું હતું અને કુહાડીના આડેધડ ઘા ઝીંકી વૃદ્ધની લોથ ઢાળી દીધી હતી. પોલીસે ૧૨ આરોપીઓની ધરપકડ કરી લઇ આજે તેમની પાસે ઘટનાસ્થળે રિન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું.

ઠેબચડા ગામે રહેતા અને ખેતી કરતાં લખધીરસિંહ નવુભા જાડેજા (ઉ.વ.૬૦) અને તેના કૌટુંબિક ભાઇઓ ગત બુધવારે બપોરે ગામમાં આવેલી વિવાદિત ખેતીની જમીન પર પોલીસ જામા હેઠળ ગયા હતા. લખધીરસિંહ અને તેમના કૌટુંબિક ભાઇઓને કોર્ટના આદેશ અનુસાર છગન કોળી અને બિજલ કોળીના કબજામાંથી જમીન અપાવવાની હોવાથી પોલીસ સ્થળ પર પહોંચી હતી અને જમીનનો કબજો છોડી દેવા માટે છગન અને બિજલ સહિતનાઓને સમજાવવામાં આવી રહ્યા હતા ત્યારે મામલો બિચક્યો હતો અને પોલીસની હાજરીમાં જ મહિલા સહિતનું ટોળું કુહાડી, ધારિયા સહિતના હથિયારો સાથે ધસી આવ્યું હતું. લખધીરસિંહને ગંભીર હાલતમાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તેમનું મોત નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો.

ખેડૂત યુવાનના લગ્ન ન થતા વીજપોલ પર ચડી આપઘાત કર્યો

જામનગર

જામનગર-રાજકોટ હાઈવે પર રામપર ગામ નજીક આજે સવારે એક ખેડૂતની વીજપોલમાં લટકતી લાશ મળી આવી હતી. આથી પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટનાસ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહને નીચે ઉતારી અને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવક ખેતીકામ સાથે સંકળાયેલો છે અને જામનગર નજીકના મોટી બાણુંગાર ગામનો વતની હેમાંશુ ભેંસદડિયા હોવાનું અને તેની ઉમર ૨૯ વર્ષની હોવાનું જાણવા મળ્યું છે. યુવા ખેડૂતના લગ્ન થતા ન હોવાથી અંતિમ પગલું ભર્યાનું જાણવા મળ્યુ છે.

કચ્છમાં મોડી રાત્રે બે ભૂકંપના આંચકા અનુભવાયાં, સ્થાનિકોમાં ભયનો માહોલ

કચ્છ

છેલ્લા ઘણા સમયથી રાજયમાં અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાઇ રહ્યાં છે. ત્યારે કચ્છની ધરતી ફરી ગઇકાલે બે વખત ધણધણી ઉઠી હતી. જેને લઇને કચ્છ રહેવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રવિવારે મોડી રાત્રે બે આંચકા અનુભવાયા હતા.

કચ્છમાં ફરી મોડી રાત્રે બે ભૂકંપના આંચકા અનુભવાયાં હતા. જેમાં મોડી રાત્રે ૩.૨૬ વાગ્યે ૨.૨૬ની તીવ્રતાનો આંચકો અનૂભવાયો હતો. જ્યારે રાત્રે ૩.૪૭ વાગે ૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જો કે તીવ્રતા ઓછી હોવાને લઇને હાલ કોઇ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

આ અગાઉ બનાસકાંઠા ખાતે વાવ પંથકમાં ભૂકંપના આંચકો અનુભવાયો હતો. જ્યારે ભાવનગરના મહુવામાં ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. જ્યારે જામનગર જિલ્લામાં સતત ૫ દિવસ સુધી ૮ આંચકા અનુભવાયાં હતા. જ્યારે ગત મહિને નવસારીના વાસંદમાં તાલુકાઓના ગામડામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયાં હતા.

નશો કરી બસ ચલાવતા અને ટિકિટમાં ગોલમાલ કરતા ૩૦ ડ્રાઇવર-કન્ડક્ટરો ડીસમીસ

રાજકોટ

રાજકોટ એસટી ડિવિઝનમાં દારૂ પીને બસ ચલાવવી કે યાત્રિકોને અપાતી ટિકિટમાં ગોલમાલ કરવાની ઘટના જાણે સામાન્ય બની ગઈ હોય એમ અવારનવાર દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવર અને ટિકિટમાં કટકી કરતા કંડક્ટર પકડાતા હોય છે. તાજેતરમાં જ રાજકોટ ડિવિઝનના વિભાગીય નિયામકે નશો કરી બસ હંકારતા, ફરજમાં બેદરકારી દાખવતા, ફરજ પર અનિયમિત રહેતા, યાત્રિકોને અપાતી ટિકિટમાં ગોલમાલ કરતા એવા ૩૦ ડ્રાઈવર્સ-કંડક્ટરને ડીસમીસ કરી દેવાયા છે.

કંડક્ટરમાં રાજકોટ ડેપોના ૫, ગોંડલ ડેપોના ૧, મોરબી ડેપોના ૪, સુરેન્દ્રનગર ડેપોના ૧, વાંકાનેર ડેપોના ૧, જસદણ ડેપોના ૩, ધ્રાંગધ્રા ડેપોના ૨ તથા લીંબડી ડેપોના ૧, ચોટીલા ડેપોના ૨, અને વોલ્વોના ૩નો સમાવેશ થાય છે. કેફીપીણુ પીવા બદલ ૨ ડ્રાઇવર અને સતત ગેરહાજરી સબબ ૫ ડ્રાઇવર અને ૨૨ કંડક્ટર તેમજ ટિકિટ ચોરી કરવા બદલ ૧ ડ્રાઇવર મળી કુલ ૭ ડ્રાઇવર અને ૨૩ કંડક્ટરને નોકરીમાંથી બરતરફ કરી દેવાયા છે. જુદા-જુદા કારણોસર ઘરભેગા કરી દેવાયેલા ૩૦ ડ્રાઇવર -કંડક્ટર પૈકી ૬ રાજકોટ ડેપોના ૧ લીંબડી ડેપોના ડ્રાઇવરનો સમાવેશ થાય છે. આમ વિભાગના જુદા-જુદા ડેપોના કુલ ૨૩ કંડક્ટરોને જુદા-જુદા કારણોસર ઘરભેગા કરી દેવામાં આવ્યા છે.

એલઆઈસીમાં ફરજ બજાવતા કર્મચારીઓ-એજન્ટોએ ખાનગીકરણ સામે વિરોધ નોંધાવ્યો

મોડાસા

સરકાર આઈપીઓ દ્વારા એલઆઈસીમાં પોતાના શેરનો હિસ્સો વેચવાનો પ્રસ્તાવ કર્યો છે. સરકાર એલઆઈસીમાં પોતાની હિસ્સેદારી વેચીને પૈસા એકત્ર કરશેની ઘોષણા થવાની સાથે એલઆઈસીના કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને સરકારના નિર્ણયને દેશ હિતને વિરુદ્ધ ગણાવી ૪ ફેબ્રુઆરીએ ૧ કલાક માટે દેશવ્યાપીની હડતાળ પર જવાના છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં એલઆઈસી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને એજન્ટમાં ભારે રોષ ફેલાયો છે અને એલઆઈસીના ખાનગીકરણ સામે વિરોધ નોંધાવ્યો હતો.

નાણા મંત્રીએ બજેટ ૨૦૨૦-૨૧ રજૂ કરતાં કહ્યું હતું કે, સરકાર એલઆઈસીમાં પોતાની જવાબદારી આઈપીઓ દ્વારા વેચશે. હાલ, ભારતીય જીવન વીમા નિગમમાં સરકારની હિસ્સેદારી ૧૦૦ ટકા છે. સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટ નીતિ હેઠળ એલઆઈસીનું લિસ્ટિંગ કરશે. જેના પગલે મોડાસા શહેરમાં આવેલી એલઆઈસી શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓએ અને એજન્ટોએ એલઆઈસીનું ખાનગીકરણ રોકવા "સેવ એલઆઈસી" અને "પ્રોટેક્ટ એલઆઈસી" અને ફાયનાન્સ મિનિસ્ટર હોંશમાં આવો હોંશ મેં આકે બાત કરો" ના નારા લગાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. એલઆઈસીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને એજન્ટોએ આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

એસઓજીએ ૪ કિલો ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી

રાજકોટ

રાજકોટ શહેરના જંગલેશ્વરમાં રહેતા મુસ્તાક અહેમદભાઇ જુણાય નામના શખ્સની એસઓજીએ ૪.૦૪૩ કિલો ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી છે. એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કાંતા સ્ત્રી વિકાસ ગૃહ પાછળના ભાગેશેરીમાંથી આરોપીને હોન્ડા એક્ટીવા સાથે કોર્ડન કરી તેની જડતી કરતા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ ૨૪૨૫૮ રૂપિયાના ગાંજાના જથ્થા સહિત ૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તેમજ આ આરોપી વિરૂદ્ધ એનડીપીએસ એક્ટની કલમ ૮ (સી), ૨૦ (બી) મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજીએ દેશી બંદુક સાથે રાજસ્થાનના ત્રણ શખ્સોને ઝડપ્યા

મોડાસા

મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી કાલીયાકુવા ગામની સીમમાંથી રવિવારે એસ.ઓ.જી પોલીસે બાતમીના આધારે દેશી બનાવટની બંદૂક સાથે રાજસ્થાનના ત્રણ શખ્સોને ઝડપી પાડી પોલીસ દફતરે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લા એસઓજી પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કાલીયાકુવા ગામની સીમમાં કેટલાક ઇસમો મોટરસાઇકલ ઉપર ગેરકાયદેસર લાયસન્સ વગરની એક બંદુક લઇ પસાર થવાના છે. જે બાતમી આધારે એસ.ઓ.જી.સ્ટાફ કાલીયાકુવા ગામની સીમમાં વોચ તપાસમાં હતા દરમિયાન એક હોન્ડા સીડી ૧૧૦ મો.સા. નંબર આર.જે.૧૨ એસઆર ૯૫૦૧ ઉપર આરોપીઓ (૧) અર્જુનભાઇ પુજાભાઇ ડામોર (૨) સોમાભાઇ હિરાભાઇ ડામોર (૩) પર્વત ઉર્ફે ઘટુસિંગ ભાથીભાઇ ડામોર તમામ રહે. ડુકા કેશરપુરા તા.સીમલવાડા જિ.ડુગરપુર રાજસ્થાન નાઓ આવતાં ઉભા રાખી તપાસ કરતાં તેઓની પાસેથી દેશી હાથ બનાવટની એક નાળવાળી બંદુક કિ.રૂ.૧૦ હજાર તથા મો.સા.કિ.રૂ.૨૫ હજાર મળી કુલ રૂ.૩૫ હજારનાં નો મુદ્દામાલ મળી આવતાં તમામ આરોપીઓને રવિવારના રોજ પકડી અટક કરી તેઓના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

એલઆરડી મામલે SC-ST-OBCનું વિરોધ પ્રદર્શન, રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

ગાંધીનગર

રાજ્યભરમાં લોકરક્ષક દળ મામલે થયેલા વિરોધ બાદ સાબરકાંઠામાં પણ એલઆરડીના મેરિટ મામલે રેલી યોજાઈ હતી અને આવેદન આપવામાં આવ્યું હતું. તેમાં તમામ સમાજના લોકોએ આગામી સમયમાં ન્યાય ન મળે તો રાજ્યભરમાં આંદોલનની ચીમકી આપી હતી.

ગાંધીનગર ખાતે છેલ્લા ૫૦ દિવસથી સત્યાગ્રહ છાવણીમાં એસસી, એસટી અને ઓબીસી સમાજની મહિલાઓને એલઆરડી પરીક્ષામાં મેરિટના વિરોધાભાસ મુદ્દે ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે તેની પ્રતિક્રિયાના ભાગ સ્વરૂપે બનાસકાંઠા, મહેસાણા, પાટણ ઉપરાંત આજે સાબરકાંઠામાં પણ વ્યાપક પડઘા પડ્યા હતા. હિંમતનગર ખાતે એસસી, એસટી અને ઓબીસી સમાજની રેલી યોજાઈ હતી. રેલી બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. તેમજ તાત્કાલિક ધોરણે આ મુદ્દે રાજ્ય સરકાર દ્વારા યોગ્ય ન્યાય આપવાની માંગ કરી હતી. સામાન્ય રીતે એસસી, એસટી અને ઓબીસી સમાજમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિરોધાભાસ વચ્ચે મેરિટમાં વિસંગતતા જોવા મળતા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ શરૂ થયું છે. જે હજુ યથાવત્ છે.

જૂનાગઢ યાર્ડમાં ૧૫૬ બોરી ખરાબ મગફળી ભરતા ૪ સામે ફરિયાદ નોંધાઈ

જુનાગઢ

કેશોદમાં ટેકાનાં ભાવે મગફળીની ખરીદી થઇ રહી હોય પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી જથ્થો વેર હાઉસ સુધી ન પહોંચતાં જગ્યાનાં અભાવે ખરીદી થઇ શકી ન હતી. જેથી ધરતીપુત્રોએ હોબાળો કર્યો હતો. કેશોદ એપીએમસી ખાતે તા ૧૮ નવે. ના રોજથી મગફળી ખરીદીની શરૂઆત થઇ જેમાં કુલ ૧૦૧૬૨ રજીસ્ટ્રેશન થયા અને આશરે ૭૫૦૦ ખેડુતોને બોલાવાયા તેમાંથી ૨૬૧૭ ખરીદી થઇ જે ૧૩ ફેબ્રુ સુધી ચાલું રહેશે. પરંતુ હાલ એપીએમસી ખાતે પડેલી ૨૩ હજાર કરતાં બોરીઓ વેરહાઉસ ખાતે પહોંચાડવામાં ન આવતાં શુક્રવારના સાંજ સુધીમાં ૭૦માંથી માત્ર ૨૦ ખેડુતોની ખરીદી શક્ય બની હતી. જ્યારે જૂનાગઢ યાર્ડમાં ૧૫૬ બોરીમાં સારી મગફળીની જગ્યાએ ખરાબ ગુણવત્તાની ભરી દેતા ૪ સામે ફરિયાદ નોંધાઇ છે.

શનિ અને રવિમાં બોલાવેલા ખેડુતોમાં આક્રોષ જોવા મળ્યો હતો. જ્યારે ગોડાઉન મેનેજર સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે વેરહાઉસ ખાતે મગફળીનો જથ્થો ઝડપથી ઉતરતો ન હોય તેથી મોડું થઇ રહ્યું છે જેને કારણે ટ્રક માલીકો મગફળી ભરવા તૈયાર નથી અને તે જ દિવસે ખેડુતોની મગફળી ન ખરિદાય તો બીજે દિવસે તેમની ખરીદી થતી નથી જેથી રાત્રી રોકાણ કરવું મુશ્કેલ બને છે અને ફરી પાછો એસએમએસ આવે ત્યારે ડબલ ભાડું ચૂકવી મગફળી લઇને આવવું પડે છે તેને લઇને ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે.

ગુજરાત માટે ગૌરવની વાત..!! ૨૧ વર્ષીય નેવીયા પટેલ યુએસ આર્મીમાં સિલેક્ટ થઈ

મહેસાણા

મહેસાણા તાલુકાના કંથરાવી ગામની ૨૧ વર્ષીય નેવીયા પટેલ અમરેકિન આર્મીમાં પસંદગી પામી છે. મહેસાણા જિલ્લાના ઘણા બધા લોકો અમેરિકા વસે છે ત્યારે કંથરાવીની દીકરીએ યુએસ આર્મીમાં પસંદગી પામતા વતનમાં લોકોમાં ખુશીનો માહોલ છે. નેવીયાના પિતા અમેરિકામાં રેસ્ટોરાંના બિઝનેસમાં છે.

૨૧ વર્ષીય નેવીયા રસિકભાઈ પટેલએ પ્રારંભિક શિક્ષિણ મહારાષ્ટ્રમાં મેળવ્યું છે. જ્યારે ધોરણ-૧૧ અને ૧૨ તેમજ કોલેજનો અભ્યાસ અમેરિકામાં જ કર્યો છે.

નવીયાનો પરિવાર અલબામા સ્ટેટના મોન્ટગોમેરીમાં રહે છે. તેના પિતા રસિક પટેલ રેસ્ટોરાંનો બિઝનેશ કરે છે. જ્યારે તેના મામા હરેશ, પરેશ અને લવ તથા કુશ પટેલના પ્રયાસોથી નેવીયા અમેરિકન આર્મીમાં જોડાઈ છે.

વડોદરા પાલિકાનું ૩૭૬૯ કરોડનું બજેટ સ્થાયી સમિતિમાં મંજૂર

વડોદરા

વડોદરા મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૦-૨૧નું રૂપિયા ૩૭૭૦.૫૪ કરોડનું બજેટ મ્યુનિસિપલ કમિશનરે સ્થાયી સમિતિમાં રજૂ કર્યું હતું. સ્થાયિ સમિતીએ ૫ દિવસની ચર્ચા-વિચારણા બાદ બજેટના કદમાં સામાન્ય ઘટાડો કરીને રૂપિયા ૩૭૬૯.૧૭ કરોડનું બજેટ મંજૂર કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. સ્થાયી સમિતિએ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સૂચવવામાં આવેલા આશરે રૂપિયા ૧૦ કરોડના આડકતરા કર(લાગતો) પૈકી ૭૦ ટકા જેટલી લાગતો ફગાવી દીધી છે. કોર્પોરેશન દ્વારા વડોદરા શહેરમાં હાલમાં જે વિસ્તારમાં ૧૨ વોલ્ટની એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવી છે. તે ૨૦ વોલ્ટની એલ.ઈ.ડી. લાઈટો લગાવવા ઉપરાંત અન્ય સૂચન અને ઠરાવો સ્થાયી સમિતિ દ્વારા કરવામાં આવ્યા છે.

સ્થાયી સમિતિના ચેરમેન સતિષ પટેલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૦-૨૧નું ડ્રાફ્ટ બજેટ રેવન્યુ જમામાં ૧.૨૦ લાખનો ઘટાડો કર્યો છે. એટલે કે, રૂપિયા ૧૨૫૭.૬૮ કરોડ થશે. એજ રીતે રેવન્યુ ખર્ચમાં રૂપિયા ૭૫.૭૫ લાખનો વધારો થયો છે. એટલે કે, કુલ રેવન્યુ ખર્ચ રૂપિયા ૧૨૧૦.૧૯ કરોડ થશે. તેથી કેપિટલ ખર્ચમાં ૨૦૪ લાખનો વધારો કરતા રૂપિયા ૩૨૭.૭૨ કરોડ થાય છે. આમ કુલ મળીને રૂપિયા ૩૭૬૯.૧૭ કરોડના ડ્રાફ્ટ બજેટને મંજૂર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્થાયી સમિતિ દ્વારા ચર્ચાના અંતે કેટલાક સૂચનો અને ઠરાવો કરવામાં આવ્યા છે. જેમાં વડોદરા શહેરમાં હાલ જે વિસ્તારમાં ૧૨ વોલ્ટની એલ.ઈ.ડી. લાઈટો લગાવવામાં આવી છે. તેના બદલે હવે ૨૦ વોલ્ટની એલ.ઈ.ડી. લાઈટો લગાવવામાં આવશે. હાલમાં ૪૨ હજાર વીજ થાંભલા ઉપર એલ.ઈ.ડી. લાઈટો લગાવવામાં આવેલી છે. આ કામગીરી માટે આગામી બે માસમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ત્યારબાદ શહેરમાં લાઈટો બદલવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

અસામાજિક તત્વોનો આતંક...ફિલ્મી સ્ટાઈલે રિક્ષાઓમાં તોડ-ફોડ કરી ટિકટોક વિડીયો બનાવ્યો

રવિવારે મોડી રાત્રે પૂર્વ વિસ્તારમાં મેઘણીનગર ખાતે આવેલ ચાલીઓમાં ઉભી રિક્ષાના ગ્લાસો તોડી રિક્ષાઓને હાલત બગાડી અસામાજિક તત્વો ફરાર થઈ ગયા હતા. પરંતુ આ રીક્ષા વાળા લોકોને જાણ થતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. કારણ કે રોજી રોટી તોડી અસામાજિક તત્વો ફરાર થઈ જાય છે. ત્યારે રવિવારની રાત્રે લગભગ ૧૫ રીક્ષાના કાંચ તોડી અસમાજિક તત્વો ફરાર થઈ ગયા છે. મેઘાણીનગર ભાર્ગવ રોડ પર આવેલી કુંભારજીની ચાલીમાં મોડી રાત્રે ત્રણ શખસોએ આતંક મચાવ્યો હતો. તમામ લોકો પોત પોતાના ઘરે હતા ત્યારે અગાઉની અદાવત રાખીને રીંકુ પરિહાર સહિત ત્રણ લોકો આવ્યા અને આ વિસ્તારમાં આતંક મચાવ્યો હતો. પહેલા રીક્ષા ગાડીઓમાં તોડફોડ કરી અને બાદમાં રોડ પર ખાટલામાં સુતેલા લોકોને તલવારનાં ઘા માર્યા હતા.મેઘાણીનગર વિસ્તારમાં આ કોઈ પહેલો બનાવ નથી ત્યારે આજે ફરી એક બાર અસામાજિક તત્વો અને રીંકુ પરિહાર જેવા લુખ્ખાઓ દિવસે દિવસે ડોન બનવા માટે ચાલીઓમાં આતંક મચાવી રહ્યા છે.

આતંક મચાવી તે ત્રણ ઈસમો ટિકટોક બનાવી ઈન્સ્ટાગ્રામ પર પણ શેયર કરવામાં આવ્યો હતો. દરરોજ મેઘાણીનગર વિસ્તારમાં આવેલ ચલિયોમાં નાની મોટી ખૂની રમત રમાય છે. ત્યારે હવે સવાલ એ ઉભો થાય છે કે ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓએ વિસ્તારમાં રહીને જ ડોન બનવાનું, સોશિયલ મીડિયામાં ડોન બનવાના એક વિડિઓ પણ મુક્યો હતો. ત્યારે આવી મોટી ઘટના થઈ ત્યારે પોલીસ કેમ આવા અસામાજિક તત્વો સુધી પહોંચી સકતી નથી તે એક મોટો સવાલ છેપ!! આખરે શુ પોલીસ જ આવા અસામાજિક તત્વો ને છાવરે છે..?? એક બાજુ ગુજરાતના મુખ્યમંત્રી સબસલામતના દાવા કરે છે ત્યારે બીજી બાજુ ગુજરાત રાજ્યમા દિવસે ને દિવસે લૂંટફાટ વધતી જોવા મળે છે,રૂપાણીજી ગુજરાત કયા છે સબસલામતપ? ક્યાં છે ગુજરાતનો વિકાસ..? શુ લૂંટફાટો વધેછેતેનેતમેવિકાસ માનોછોપ? ક્યારે તમારી સરકારમાં આ લૂંટફાટ બંધ થશે ..?

કૂવાનો સ્લેબ તૂટતાં ૩ કિશોરો કૂવામાં પટકાયા, ૧નું મોત

વિજાપુર

વિજાપુરના લાડોલ ગામમાં રવિવારે બપોરના સમયે ગામના જ ત્રણ કિશોર રમતાં રમતાં એક જૂના કૂવાના સ્લેબ પર બેઠા હતા, ત્યારે સેલ્બ તૂટતાં ત્રણેય કિશોર કૂવામાં ખાબક્યાં હતા. આ અકસ્માતમાં એક કિશોરનું મોત થયું હતું. જ્યારે અન્ય બે કિશોરોને સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખસેડાયા હતા.

લાડોલ ગામમાં આવેલા જૂના બંધ કૂવા નજીક રવિવારે બપોરે દોઢેક વાગ્યાની આસપાસ ૩ કિશોરો રમતા રમતા પહોંચ્યા હતા. જ્યાં ત્રણેય કિશોર કૂવાના સ્લેબ પર ચડ્યા હતા. કૂવાનો સ્લેબ જૂનો હોઈ અચાનક તે તૂટી પડ્યો હતો અને ત્રણેય કિશોર જોતજોતામાં કૂવામાં પડ્યા હતા. બીજી બાજુ ઘટના અંગેની જાણ ગ્રામજનોને થતાં તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ત્રણેય કિશોરોને કૂવામાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં ધોરણ ૧૦માં ભણતા ધાર્મિક પટેલને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય વેદ પંકજભાઈ પટેલ અને શ્લોકને સારવાર અર્થે વિજાપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વાહનો રામભરોસે... કાલુપુર રેલ્વે સ્ટેશન પર પ્રી-પેઇડ પાર્કિંગ સેવા બંધ

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટની જેમ કાલુપુર રેલવે સ્ટેશન પર બે વર્ષ પહેલાં શરૂ કરાયેલા પ્રી-પેઇડ પાર્કિંગ બંધ કરી દેવાતાં કોન્ટ્રાક્ટર દ્વારા મોટા પ્રમાણમાં કૌભાંડ થયું હોવાની આશંકા સેવાઇ રહી છે. રેલવે સ્ટેશન પર ૧૫ મિનિટ સુધી પાર્કિંગ ફ્રી કરવામાં આવ્યુ હતું અને ત્યાર બાદ વાહનચાલકો પાસેથી પાર્કિંગ ચાર્જ પેટે ૧૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવતા હતા. પ્રી-પેઇડ પાર્કિંગ બંધ થઇ જતાં વાહનચાલકો બેરોકટોક બિન્દાસ રીતે કોઇપણ ચાર્જ આપ્યા વગર વાહનો પાર્ક કરે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ છે.

કાલુપુર રેલવે સ્ટેશનને હેરિટેજ લુક આપવા માટેની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. રેલવે સ્ટેશનનું મોટાભાગનું કામ પૂરું થઇ ગયું છે ત્યારે આવનારા દિવસોમાં હેરિટેજ લુક બનીને તૈયાર થઇ જશે. રેલવે સ્ટેશન પર રોજબરોજ હજારોની સંખ્યામાં લોકો મુસાફરી કરે છે જેમને મૂકવા માટે આવેલા લોકો જ્યાં ત્યાં વાહનો પાર્ક કરી દેતા હતા આ સિવાય રિક્ષાચાલકો પણ એટલા બધા વધી ગયા હતા કે રેલવે સ્ટેશનના પાર્કિંગમાં ટ્રાફિક જામની પરિસ્થિતિ રહેતી હતી. બે વર્ષ પહેલાં રેલવે તંત્રએ ટ્રાફિકની સમસ્યા ઓછી થાય અને રેલવે આવક પણ ઊભી થાય તે માટે પ્રી-પેઇડ પાર્કિંગ શરૂ કર્યું હતું. અમદાવાદ એરપોર્ટની જેમ ૧૫ મિનિટ સુધી ફ્રી પાર્કિંગ અને ત્યાર બાદ પાર્કિંગ ચાર્જ વસૂલવાનું નક્કી કર્યું હતું અને જેના માટે ટેન્ડર બહાર પાડ્યું હતું. રેલવે તંત્રએ સ્ટેશનની બહાર ત્રણ લેન બનાવી હતી. જેમાં એક લેન ફોર વ્હીલની હતી બીજી રિક્ષા અને ત્રીજી ટુ વ્હીલર માટે હતી. કાર અને ટુ વ્હીલર ૧૫ મિનિટથી વધારે રોકાય તો તેની પાસે ચાર્જ વસૂલવામાં આવતો હતો. જ્યારે રિક્ષાચાલકોને માટે અલગ ચાર્જ વસૂલવામાં આવતો હતો.

લાંચિયા તલાટીનો કામમાં ટકાવારી માંગતો વીડિયો વાયરલ

બનાસકાંઠા

બનાસકાંઠામાં તલાટીએ કામમાં ટકાવારી માંગતો વીડિયો વાયરલ થયો છે. ઘટના વાવ તાલુકાના ભાટવર ગામની છે. અહીં તલાટીએ કામમાં ટકાવારી માંગી હતી. આ વીડિયો તલાટી સતીષ દરજીનો છે. તેઓ અરજદાર પાસે ટકાવારીની માંગ કરી રહ્યા છે. તેઓએ કહ્યું છે કે તમે જે ટકાવારી થાય તે આપી દેજો. તમારું બધું કામ થઈ જશે.

બનાસકાંઠાના વાવ તાલુકાના એક તલાટીનો વીડિયો વાયરલ થયો છે જેમાં તેઓ કામ કરાવવા માટે ટકાવારીની માગ કરી રહ્યાં છે. વીડિયોમાં તલાટી કહી રહ્યાં છે કે તમારે જે ટકાવારી થાય તે આપી દેજો. તમારું બધુ કરી દઈશ. અને આગળ કહે છે કે જો બધા તલાટી ૫ ટકા લેતા હોય છે એ તો તમને ખબર જ છે. પણ આપણે સંતોષ માનીએ છીએ. ૫ ટકા પૈસા મળી જાય વાત પૂરી.

બીજુ કંઇ આપણે લેતા નથી. બીજા તો ૬ ટકા પણ લેતા હશે અને ૭ ટકા પણ લેતા હશે. ત્યારે અહીં સવાલ ઉઠી રહ્યાં છે કે એસીબી સક્રિય છે તેમ છતાં કેમ વારંવાર લાંચ લેવાની ઘટના સામે આવે છે?. તલાટી કામ કરવા ટકાવારી માગે છે તે કેટલું યોગ્ય કહેવાય?. અને આવા તલાટીઓ સામે કેમ કાર્યવાહી નથી કરવામાં આવતી. શું લાંચિયાઓને કાયદાનો ડર રહ્યો નથી?

મહિલાઓ માટે અસુરક્ષિત બન્યું અમદાવાદ, સૌથી વધુ દુષ્કર્મનાં કેસ નોંધાયા

અમદાવાદ

અમદાવાદ શહેર મહિલાઓ અને યુવતી માટે સૌથી સુરક્ષિત ગણાય છે. તમે અડધી રાત્રે રસ્તા પર નીકળો તો પણ છોકરીઓ બેફિકર થઈને ફરતી જોવા મળે. જો કે, શહેરની આ છબી હવે ધીમે-ધીમે ખરડાઈ રહી છે. સીઆઈડી ક્રાઈમના જે લેટેસ્ટ આંકડા સામે આવ્યા છે તે રાજ્યમાં ૨૦૧૯માં ૫૨૫ રેપ કેસ નોંધાયા હતા, જેમાંથી સૌથી વધારે કેસ અમદાવાદના ૮૧ હતા.

અમદાવાદ, કે જે રાજ્યની ૯ ટકા વસ્તી ધરાવે છે, ત્યાં ૨૦૧૫થી રાજ્યના કુલ રેપ કેસના ૧૦ ટકાથી વધારે કેસ નોંધાયા છે, તેવું સીઆઈડી ક્રાઈમ ગુજરાતના આંકડા દર્શાવે છે. અમદાવાદ શહેરમાં દુષ્કર્મના કિસ્સાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે, ૨૦૧૫માં ૪૫ કેસ નોંધાયા હતા જે વધીને ૨૦૧૯માં ૮૧ થયા હતા. છેલ્લા પાંચ વર્ષથી, શહેરમાં રાજ્યના સૌથી વધારે રેપ કેસ નોંધાતા આવ્યા છે.

ગયા મહિને, જ્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ શહેરમાં થતાં ગુનાઓ વિશેની માહિતી આપવા માટે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, ત્યારે તેમણે મહિલાઓ પર થતાં અત્યાચારના આંકડા નહોતા આપ્યા. ભાટિયાએ કહ્યું હતું કે રેપ કેસના આંકડાઓ વિશે તેમને જાણ નથી. એક સીનિયર પોલીસ અધિકારીએ કહ્યું કે, ઘણા કિસ્સાઓ એવા હતા જેમાં લગ્ન કરવાનું વચન તોડી નાખ્યા બાદ ફરિયાદ નોંધાવવામાં આવે હતી. એક્ટિવિસ્ટ મંજુલા પ્રદીપે આ દલીલોનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે પોલીસ હંમેશા રેપ પીડિતાના નિવેદનો પર શંકા કરે છે.

૨૦૧૯માં શહેરમાં છેડતીના સૌથી વધારે ૧૯૩ કેસ નોંધાયા હતા, જે રાજ્યના કુલ ૧૦૩૭ કેસના ૧૯ ટકા હતા. ગયા વર્ષે એક ઈટાલિયન મહિલાની બાઈકચાલકે છેડતી કરી હતી, આ કેસનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. ૨૦૧૯માં છેડતીના ઘણા એવા કેસ બન્યા હતા જે હમચમાવી દેવા તેવા હતા. તેમાંથી એક હતો નવરંગપુરાનો પીજી કેસ જ્યાં ફૂડ ડિલિવરી બોયે ઊંઘી રહેલી છોકરી સાથે ખરાબ હરકત કરી હતી, આ સિવાય પાર્શ્વ શાહ નામના ગેરેજ માલિકે સ્કૂલમાં ભણતી છોકરીની છેડતી કરી હતી. ડિસેમ્બરમાં, સવારે સાઈકલિંગ માટે નીકળેલી ડોક્ટરની છેડતી એક ફૂડ ડિલિવરી બોયે કરી હતી.

સમૂહલગ્ન બાદ યોજાયેલા ડાયરામાં મંત્રી રાદડિયા પર થયો રૂપિયાનો વરસાદ

રાજકોટ

રાજકોટ શહેરનાં જામકંડોરણા તાલુકામાં છેલ્લા ઘણા વર્ષોથી સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયા ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરતા હતા. જે આ વર્ષે પણ તેમના પુત્ર અને મંત્રી જયેશ રાદડિયા દ્વારા પણ કાર્યરત રાખવામાં આવ્યું હતું. જામકંડોરણા ખાતે શાહી સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જામકંડોરણા તાલુકા લેઉવા પટેલ કન્યા છાત્રાલય આયોજિત છઠ્ઠા શાહી લગ્નોત્સવમાં ૧૫૬ નવદંપતીને આશીર્વાદ અને શુભકામના પાઠવવા મુખ્યમંત્રી સહિત અનેક સંતો મહંતો, સમાજના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમૂહલગ્ન બાદ રાતે ખ્યાતનામ કલાકારોનો ભવ્ય ડાયરો પણ યોજાયો હતો. ડાયરામાં ખૂબ મોટી સંખ્યામાં મહેમાનો, સ્થાનિક લોકો તેમજ લેઉવા પાટીદાર સમાજના લોકો હાજર રહ્યા હતા. ડાયરામાં મંત્રી જયેશ રાદડિયા અને તેના ભાઈ પર લોકોએ રૂપિયાનો વરસાદ વરસાવ્યો હતો. સૌરાષ્ટ્રની જે એક રીત ગણી શકાય તેમ ડાયરામાં રૂપિયાનો વરસાદ જોવા મળ્યો હતો. સમૂહલગ્નમાં એક લાખથી વધુ લોકો ઉમટ્યા હતા. જે રીતે શાહી સમૂહલગ્ન નામ હતું તેજ રીતે શાહી ઠાઠમાઠથી વિન્ટેજ કાર અને બગીમાં વરઘોડો પણ નીકળ્યો હતો. ૫ જેટલા ડીજે પણ રાખવામાંઆવ્યા હતા.

બીજી તરફ સમગ્ર સમૂહલગ્નનો કાર્યક્રમ વ્યવસ્થિત રીતે યોજાઈ તેના માટે ૫ હજાર સ્વયંસેવકો કાર્ય કરી રહ્યા હતા. સમૂહલગ્ન હોવા છતાં પણ વર કન્યા પક્ષ ને ગમે તેટલા મહેમાન લઈ આવવાની છૂટ હતી. મહેમાનો સહિત તમામ ને એટલેકર ૫૦ હજાર જેટલા લોકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમૂહલગ્નમાં ખાસ મુખ્યમંત્રી વિજય રૂપાણી એ હાજરી આપી નવદંપતિ ને આશીર્વાદ આપ્યા હતા.

ચૂંટણી આચારસંહિતા ભંગ કેસ : પ્રદીપસિંહ જાડેજાને મળી રાહત, કાર્યવાહી પર હાઈકોર્ટનો સ્ટે

અમદાવાદ

વિધાનસભા ચૂંટણી આચાર સંહિતાના ભંગ મામલે ગુજરાત હાઈકોર્ટે ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાને રાહત આપી છે. ટ્રાયલ કોર્ટમાં પ્રદિપસિંહ જાડેજા સામે ચાલી રહેલી કાર્યવાહી પર હાઈ કોર્ટે સ્ટે આપ્યો છે. આચારસંહિતાના ભંગ બદલ પોતાની સામે ફરિયાદ નોંધવા અંગે મેટ્રોપોલિટન કોર્ટે કરેલા હુકમને પડકારતી પ્રદિપસિંહ જાડેજાની અરજીને પગલે હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. આ ફરિયાદ રદ કરવાની માંગણી સાથે પ્રદીપસિંહ જાડેજાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેના પર આજે ગુજરાત હાઈકોર્ટે સુનાવણી કરી હતી.

વર્ષ ૨૦૦૭માં વિધાનસભા ચૂંટણીમાં પ્રદીસસિંહ જાડેજાએ અસારવા બેઠક પરથી ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી હતી. ૧૧ ડિસેમ્બર અને ૧૬ ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું હોવાથી રાજ્યમાં આચારસંહિતા લાગુ હતી. નવરાત્રિ દરમિયાન ૧૦ ઓક્ટોબરના રોજ અસારવા વિસ્તારમાં ગરબાના આયોજન દરમિયાન પ્રદીપસિંહ દ્વારા મુદ્રક અને પ્રકાશકના નામના ઉલ્લેખ વગરની પત્રિકાઓનું વિતરણ કરાવવામાં આવ્યું હતું. જેને કારણે તત્કાલીન શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહે પ્રદીપસિંહ સામે આચારસહિતાનો ભંગની ફરિયાદ કરી હતી. ચૂંટણી ચાલતી હોવા છતાં પ્રદીપસિંહે પ્રચાર કરતા પેમ્ફલેટ વેચ્યા હતા. જેમા અસારવાના ધારાસભ્યના નામથી આપણું ગુજરાત, આપણું અસારવા નામે સ્લોગન લખ્યું હતું અને તેમા નરેન્દ્ર મોદી અને પ્રદીપસિંહ જાડેજાનો ફોટો હતો. કલેક્ટરે ગંભીરતાથી નોંધ લઈને અસારવાની ચૂંટણીપંચની કચેરીને કોર્ટમાં અરજી કરવા આદેશ કર્યો હતો. ત્યાર બાદ ૩૦ ડિસેમ્બરે મેટ્રોપોલિટન કોર્ટે પ્રદીપસિંહ જાડેજા સામે ફરિયાદ દાખલ કરવા આદેશ કર્યો હતો.

ગાંધીનગર મનપા સભામાંથી કોંગ્રેસનો સભાત્યાગ, મેયરે મતદાન કરાવી દરખાસ્ત પસાર કરી

ગાંધીનગર

ગાંધીનગર મહાપાલિકાની સામાન્ય સભાની શરૂઆતમાં જ કોંગ્રેસે આકરા તેવર બતાવ્યા હતા. વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાની સભાખંડની અંદર સિવિલ ડ્રેસમાં હાજર રહેલા પોલીસને લઈને કહ્યું કે, તેમને બહાર કાઢવામાં આવે સિવિલ ડ્રેસ ની અંદર કોઈ સામાજિક તત્ત્વો ઘૂસી જશે અને હુમલો કરશે તો કોની જવાબદારી રહેશે. જેને લઈને મેયરે નમતું જોખીને સિવિલ ડ્રેસમાં રહેલી પોલીસને સભાખંડની બહાર જવાનો આદેશ કર્યો હતો.

ચર્ચાની શરૂઆતમાં વિપક્ષી નેતાએ કહ્યું કે ૨૦ વર્ષ પહેલાનું અને હાલનું ગાંધીનગર તમે જુઓ. ભાજપની વિકાસની લ્હાયમાં બગીચા દવાખાના સરકારી શાળા અને ગ્રીન સીટીની વિરુદ્ધ છીનવાઈ ગયું છે. તમે પહેલા લકવો મારી ગયેલા વિકાસને બહાર કાઢી ચાલતો કરો, ત્યારબાદ વિકાસની દોડ મુકાવો આવજો. ચર્ચા કરવાની જગ્યાએ ૧૫ મિનિટમાં આ મુદ્દાને અભ્યાસ વિના જ મૂકીને તાત્કાલિક ધોરણે સામાન્ય સભા બોલાવી દીધી છે. પરંતુ જે કોર્પોરેટર દ્વારકા દ્વારા દરખાસ્ત મૂકવામાં આવી છે અને જેને ટેકો આપ્યો છે તેને ગાંધીનગરની ભૂગોળ જ ખબર નથી, સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યા છો.

ગાંધીનગર મહાપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી ડમ્પિંગ સાઇટનો મુદ્દો સળગી રહ્યો છે. છેલ્લા દસ વર્ષમાં મહાનગરપાલિકા ડમ્પિંગ સાઇટ બનાવી શકી નથી ત્યારે ગાંધીનગરનો વિકાસ કેવી રીતે કરશે તે એક મોટો પ્રશ્ન છે. અત્યાર સુધી ગાંધીનગર મહાપાલિકામાં સમાવાયેલા ૭ ગામમાં લગ્નવાડી, શાળા અને બગીચો બનાવ્યો નથી. જ્યારે પાલિકાના વિસ્તારમાં નવા સત્તર ગામ અને આઠ ગામ ના સરવેનંબર સમાવેશ કરાયો છે. ત્યારે તે ગામની સ્થિતિ કેવી થશે તે આના ઉપરથી જ ખ્યાલ આવી શકે છે. માત્ર પાલિકાની તિજોરી ભરવા માટે ગામડાનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે, જેને લઈને તેમણે વિરોધ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસના સભ્યોએ સામાન્ય સભામાં ઉગ્ર રજૂઆતો કરતાં મેયરે ભાજપના સભ્યોની બહુમતી હોવાને લઈને મતદાન કરવાનું કહેતા કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કર્યો હતો અને સભાખંડની બહાર ભાજપ વિરુદ્ધ સુત્રોચ્ચાર પોકાર્યા હતા. મેયર રીટાબેન પટેલે કહ્યુ કે, સમયની આવશ્યકતા અનુસાર નગરની હદ વધારવી જરૂરી છે અને નવા વિસ્તારોનો પણ વિકાસ કરવામાં આવશે. પાંચ ગામો એવા છે જેનો અમદાવાદ મહાનગરપાલિકામાં પણ સમાવેશ કરવાની દરખાસ્ત કરાઈ છે. શું અમદાવાદ અને ગાંધીનગર મહાનગરપાલિકા વચ્ચે આ ગામોના સમાવેશને લઈને કોઈ ખેંચતાણ છે ? આવી શક્યતાને નકારતા કહ્યુ કે આ મામલે અંતિમ નિર્ણય સરકાર કરશે.

પ્રવેશ પરીક્ષાના નામે ૫૦૦ની ઉઘરાણી કરતા હોવાના આક્ષેપ સાથે NSUIનો શાળામાં હોબાળો

રાજકોટ

રાજકોટના કાલાવડ રોડ ખાતે આવેલી ક્રાઇસ્ટ સ્કૂલમાં પ્રવેશ પરીક્ષાના નામે ૨૦૦થી ૫૦૦ રૂપિયા સુધીની ઉઘરાણી થતી હોવાનો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. જેને લઈને ક્રાઇસ્ટ સ્કૂલમાં એનએસયુઆઈના કાર્યકરોએ હોબાળો મચાવ્યો હતો અને સ્કૂલના ફાધરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ફીના ઉઘરાણા બંધ કરવાની માંગ કરી હતી. હોબાળાને લઈને પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. એક કાર્યકરે જણાવ્યું હતું કે, પોલીસ સત્તાનો દુરઉપયોગ કરી રહી છે, વાલીઓનો અને વિદ્યાર્થીઓના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

એનએસયુઆઈના કાર્યકરો આચાર્યની ચેમ્બરમાં ધરણા પર બેસી ગયા હતા. તેમજ સ્કૂલ વિરૂદ્ધ રામધૂન બોલાવી હતી. જ્યાં સુધી ફીપરત કરવાનું લેખિતમાં આપવામાં નહીં આવે ત્યાં સુધઈ ધરણા પર બેસી રહેવાની ચીમકી ઉચ્ચારી હતી. રાજકોટ એનએસયુઆઈના પ્રમુખ રોહિત રાજપુતે રજૂઆત કરી હતી કે, રાજકોટની અમુક નામાંકિત શાળાઓએ આવતા વર્ષમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે છ માલ અગાઉ જ પ્રવેશ પરીક્ષાઓની ગોઠવણો કરી રૂ. ૨૦૦થી ૫૦૦ રૂપિયા સુધીના ગેરબંધારણીય અને નિયમો વિરૂદ્ધ વાલીઓને લૂંટવાનું કારસ્તાન ચાલુ થઈ ગયું છે. આ શાળાઓ વિરૂદ્ધ કોઈ પગલા લેવાયા નથી.

આદિવાસી આંદોલન ઉગ્ર બનશે, ૨૪મીએ હજારો આદિવાસીઓ વિધાનસભાનો ઘેરાવ કરશે

ગાંધીનગર

આદિવાસી અધિકાર બચાવો સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ૧૨ દિવસથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. ખોટા આદિવાસી પ્રમાણપત્રો પર લાભ લેનારા લોકો સામે ચાલી રહેલું આ આંદોલન દિવસેને દિવસે વધુ ઉગ્ર બની રહ્યું છે. જો આ મામલે કોઈ ઉકેલ કરવામાં આવશે નહીં તો ૨૪ ફેબ્રુઆરીના રોજ મળનારા બજેટ સત્રના દિવસે ગુજરાતભરમાંથી હજારો આદિવાસીઓ એકઠા થઈને વિધાનસભા ઘેરાવ કરશે. તેમજ આજે અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત ત્રણથી ચાર ધારાસભ્ય પણ આ આંદોલનમાં જોડાઈ એવી શક્યતા છે.

બીજી તરફ આ જ સત્યાગ્રહ છાવણી ખાતે માલધારીઓ પણ આંદોલન પર બેઠા છે. મૂળભૂત રીતે આદિવાસીઓની અને માલધારીઓની માંગણી સામ-સામી છે. એલઆરડીની ભરતીમા આદિવાસી માલધારીના દાખલા માન્ય કરવા માલધારીઓ આંદોલન કરી રહ્યા છે. તો બીજી બાજુ આ જ માલધારીઓના આદિવાસી તરીકેના દાખલા નામંજૂર કરવા આદિવાસીઓ મેદાને પડ્યા છે.

૧૯૫૬માં ગીર બરડાના નેસમાં વસતા રબારી, ભરવાડ, ચારણ સમાજના ૪૮૦ પરિવારોને આદિવાસી ગણાયા હતા તેમ અશ્વિન કોટવાલનું કહેવું છે. જોકે સરકારે આ ત્રણ સમાજના અન્ય પરિવારોને પણ આદિવાસી ગણતા તેઓ હવે સરકારી નોકરીઓમાં છે. તેઓ હજુય આદિવાસી હોવાનો દાવો કરે છે. જોકે આ ત્રણેય સમાજ ઓબીસીમાં પણ છે. આથી મૂળ આદિવાસીઓ તેમનો વિરોધ કરે છે.

બોલો...રૂપાણી રાજમાં ટ્યુબવેલ પણ અસલામત..!! ત્રણ ગામોના ટ્યુબવેલ ચોરાયા....!!

ગાંધીનગર

ઘણા કેટલાય સમયથી ગાંધીનગર જિલ્લામાં ચોરોએ પોતાના અડ્ડા જમાવી દીધા હોય તેવું દેખાઈ રહયું છે. અને પોલીસ માત્ર તમાશો જ જોઈ રહી હોય તેવું દેખાઈ રહયું છે, ત્યારે ચોરોએ હવે ગાંધીનગર નજીક આવેલ ગામડાઓને પણ ટારગેટ કરી દીધા છે, ગાંધીનગર નજીક આવેલ ત્રણ ગ્રામ પંચાયતોમા ગઈ કાલે રાત્રિના સમયે બોરના ટ્યુબવેલની મોટા પ્રમાણમાં ચોરી થઈ જતા ગ્રામજનોને પાણી માટે હાલાકીનો સામનો કરવો પડ્યો છે, ગાંધીનગર નજીકના સાદરા, દોલારાણા વાસણા તેમજ ચેખલા રણીમા રીક્ષા લઈને આવેલ ચોર ગેંગે વાસણામાંથી ૪૨ મીટર તેમજ ચેખલા ગામેથી ૩૦ મીટર તેમજ સાદરા ગામેથી પણ ટ્યુબવેલ વાયરો ખોદકામ કરી ચોરી કરી પલાયન થઈ ગયેલ છે.ત્યારે ગામના સીસીટીવીમા સ્પષ્ટ દેખાય છે કે આ ગેંગે રીક્ષા લઈને આવે છે અને આ ચોરીને અંજામ આપી પલાયન થઈ જાય છે, બે દિવસ અગાઉ પણ હાલીસા તેમજ ગિયોડ ગામે પણ ટ્યુબવેલ વાયરોની ચોરી કરવામાં આવી હતી ત્યારબાદ બે દિવસ બાદ ફરી ત્રણ ગામોને ટ્રાગેટ બનવામા આવ્યા અને ફરી મોટા પ્રમાણમાં ચોરીને અંજામ આપી ચોર ટોળકી પલાયન થઈ ગઈ,ત્યારે પોલીસ ની કામગીરી ઉપર પણ સવાલ ઉદ્દભવે છે રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ કરતી હોય છે તો કેવી રીતે ચોર પોતાના કામને અંજામ આપે છે..? પોલીસ રાત્રી દરમિયાન પેટ્રોલિંગ કરે છે કે કેમ..?

દોલરાણા વાસણાના સરપંચે જણાવ્યુ કે અગાઉ પણ પોલીસને જાણ કરવામાં આવી હતી કે ગામમાં પેટ્રોલિંગ કરવામાં આવે પરંતુ પોલીસ દ્વારા આંખ આડા કાન જ કરવામાં આવ્યા, ત્યારબાદ આજે ફરી સરપંચ દ્વારા પોતાના લેટર પેડ ઉપર ચિલોડા પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ આપી અને તેમાં પણ પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.અત્યારે હાલ તો ગામ લોકોની સ્થિતિ તેમજ પશુ પક્ષીઓ પાણી વગર મુશ્કેલી અનુભવી રહયા છે.ત્યારે હવે જોવાનું એ રહયુ કે શું પોલીસ આ ચોર ટોળકીને જેલ હવાલે કરી શકશે...? શુ ચિલોડા પોલીસ ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે..?

ટ્રાન્સપોર્ટરો દ્વારા ટોલપ્લાઝા પર આરટીઓ ઈન્સ્પેક્ટર સહિત ૩ પર જીવલેણ હુમલો

સાણંદ

સાણંદ ટોલ પ્લાઝા પર ટ્રાન્સપોર્ટરોએ આરટીઓ ઈન્સ્પેક્ટર સહિત ૩ પર જીવલેણ કર્યો હતો. માથાભારે શખ્સો ત્યાં ફરજ બજાવતા આરટીઓ ઈન્સ્પેક્ટર ચૌધરી, ઈન્સ્પેક્ટર રોહિત અને ઈન્સ્પેક્ટર ઝાલા પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કર્યો હતો. જેને પગલે ઈન્સ્પેક્ટર ચૌધરીના હાથનો પંજો ફાટી ગયો હતો. જ્યારે અન્ય બંન્ને અધિકારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ હુમલો થયો ત્યારે તેમની પાસે સ્વબચાવના કોઈ સાધનો ન હતા.

આરટીઓ અધિકારીઓ પર સાણંદ ટોલપ્લાઝા પાસે જીવલેણ હુમલો કરાયો હતો. તેના વીડિયો ફૂટેજ સામે આવ્યા છે. જેમાં આરટીઓ અધિકારીઓ પર બે શખ્સ હુમલો કરતા દેખાય છે. જ્યારે ટોલપ્લાઝા પર તોડફોડ પણ કરાઈ હોય તેવી તસવીરો સામે આવી છે. આરટીઓ અધિકારી લોહીલૂહાણ થયેલો અને કાપા પડેલા હોય તેવો તેવી તસવીર પણ સામે આવી છે. ફૂટપાથ લોહી પડેલું દેખાય છે.

જીવલેણ હુમલામાં આરટીઓ અધિકારીઓ પાસ સ્વબચાવના એકેય સાધનો ન હતા. રાજ્યમાં કોઈપણ પ્રકારના સ્વબચાવના સાધનો વગર ચોવીસે કલાક રાજ્યના નેશનલ હાઈવે સહિતના ટોલ રોડ પર ૫૮ જગ્યાએ તેઓ ખડેપગે રહે છે. તેમને બેસવા માટેની સુવિધા છે કે વોશરૂમમાં જવાની કોઈ સગવડ. તેઓ રાતદિવસ તાપ, ઠંડી અને મૂશળધાર વરસાદમાં ઊભા રહે છે. તેમની પાસે કોઈ પણ પ્રકારની સિક્યોરિટી નથી.

કોર્પોરેટર લાંચ મામલોઃ પતિ આગોતરા જામીન સાથે એસીબી સમક્ષ હાજર, પત્ની ફરાર



સુરત

સુરતમાં કોર્પોરેટર કપિલા પટેલ દ્વારા લાંચ માગવામાં આવતા એસીબીમાં ફરિયાદ થઈ હતી ત્યારે હવે કોર્પોરેટર કપિલા પટેલનો પતિ એસીબી સમક્ષ હાજર થયો છે. સુરતમાં લાંચ લેવાના મામલે મહિલા કોર્પોરેટર કપિલા પટેલ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ થઈ છે. આ અગાઉ ૫૦ હજારના લાંચ પ્રકરણમાં એસીબીએ વચેટિયાની ધરપકડ કરી હતી.

કપિલા પટેલનો પતિ એસીબીમાં આગોતરા જામીન સાથે હાજર થયો છે. ગેરકાયદે બાંધકામ માટે કપિલા પટેલ અને તેના પતિએ ૫૦ હાજરની લાંચ માગી હતી. લાંચની ફરિયાદ થયા બાદ બન્ને લોકો ફરાર હતા.

હવે એસીબી સમક્ષ કોર્પોરેટરનો પતિ હાજર થયો છે. જોકે હજુ સુધી કોર્પોરેટર કપિલા પટેલ ફરાર છે. ઉલ્લેખનીય છે કે સુરતમાં લાંચ લેવાના મામલે મહિલા કોર્પોરેટર કપિલા પટેલ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ થઈ હતી. જો કે મહિલા કોર્પોરેટર અને તેમના પતિ પલ્કેશ પટેલની ધરપકડ કરાઈ નહોતી.

જો કે તે અગાઉ મહિલા કોર્પોરેટરને શહેર કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા. કોર્પોરેટર કપિલા પટેલ અને તેમના પતિને ૫૦ હજારની લાંચ કેસમાં એસીબી દ્વારા ગુનો નોંધવામાં આવતાં કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતા.

બાલાજી રોડ પર શ્રી મોઢેશ્વરી માતાજીનો શુક્રવારે પાટોત્સવ

નવચંડી હવન અને ભવ્ય અન્નકૂટનું આયોજન



સુરત

બાલાજી રોડ પર શ્રી રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા તા.૭-૨-૨૦૨૦ મહાસુદ તેરસ શુક્રવારે શ્રી મોઢેશ્વરી માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં સવારે ૩.૦૦ કલાકે માતાજીનો વૈદિક મંત્રોથી અભિષેક તથા સવારે ૭ કલાકે માતાજીની આરતી અને ૮.૦૦ કલાકે પાલખી યાત્રા નીકળશે. ત્યારબાદ સવારે ૭ થી રાત્રે ૧૧ કલાક સુધી અન્નકૂટના દર્શન થશે. સવારે ૧૧ થી ૩ કલાક સુધી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૦૦ થી ૧૦.૦૦ કલાકે ભજન સંધ્યા યોજાશે. ભાવિક ભક્તોને પાટોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા આમંત્રણ છે.

ડેપ્યુટી કલેક્ટર અને નાયબ મામલતદાર વચ્ચે જાહેરમાં તું તું-મેં મેંનો વીડિયો વાયરલ

રાજપીપળા

હાઈકોર્ટના આદેશ બાદ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસના વિસ્તારો કેવડિયા, વગાડીયા, નવાગામ, લીમડી, બાર ફળીયા સુધી દબાણો હટાવવાની કામગીરી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. જેની કામગીરી દરમિયાન સ્ટેચ્યૂ ઓફ યુનિટીના ડેપ્યુટી કલેક્ટર નિલેશ દુબે અને ગરુડેશ્વર નાયબ મામલતદાર મેહુલ વસાવા વચ્ચે બે દિવસ પહેલા બોલાચાલી થઈ હતી. જેને વીડિયો હવે વાયરલ થયો છે. નાયબ મામલતદાર મેહુલ વસાવાએ ડેપ્યુટી કલેક્ટર અપશબ્દો બોલતા હોવાના આક્ષેપ સાથે નર્મદા જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજૂઆત કરી હતી અને નર્મદા જિલ્લાના તમામ નાયબ મામલતદારોએ ભેગા થઈને ડેપ્યુટી કલેક્ટર સામે પગલા ભરવાની માંગ સાથે નર્મદા જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યું હતું

૩૧મી જાન્યુઆરીએ ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદા મુજબ ગ્રામજનો અને પક્ષકારો વચ્ચે કમિટી બનાવીને ફોર્મ્યુલા નક્કી કરીને ૧૦ દિવસમાં કોર્ટ સમક્ષ મૂકવામાં આવે અથવા ૧૦ દિવસ બાદ કોર્ટ ન્યાયોચિત નિર્ણય લેશે. હવે વધુ સુનાવણી ૧૧ મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે. જેમાં કોર્ટે બીજી તરફ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ભારત ભવન સુધી જુલાઈ-૨૦૧૯ પછી કોઈપણ બાંધકામ કર્યું હોય તો એ દબાણો દૂર કરવા માટે હાઈકોર્ટનો આદેશ આપ્યો છે. જેથી દબાણો હટાવવા નીકળેલા અધિકારીઓની ટીમો વચ્ચે પણ બોલાચાલી થઈ હતી. જેમાં ડેપ્યુટી કલેક્ટર કક્ષાના આધિકારીએ નાયબ મામલતદારને અપશબ્દો બોલીને રીને જાહેર માર્ગ પર તતડાવ્યા હોવાના આક્ષેપ થયા છે. અને તેનો એક વીડિયો પણ વાયરલ થયો છે.

ઘરના ઓટલે રમતી દોઢ વર્ષની બાળકીનું પાણીની ડોલમાં ડૂબી જતાં મોત

સુરત

પાંડેસરા વિસ્તારમાં આવેલા ભવાની નગરમાં રહેતા પરિવારની દોઢ વર્ષની દીકરીનું પાણીની ડોલમાં ડૂબી ગયા બાદ સારવાર દરમિયાન મોત નીપજયું હતું. માતા ઘરમાં કામ કરી રહી હતી એ દરમિયાન બાળકી ઓટલા પર મુકેલી પાણીની ડોલમાં રમતા રમતાં ડૂબી ગઈ હતી. જેથી તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી જ્યાં ટૂંકી સારવાર દરમિયાન આજે તેનું મોત નીપજયું હતું.

પાંડેસરામાં આવેલા બમરોલી રોડ પરની ભવાનીનગર સોસાયટીમાં રહેતા અને ડ્રાઈવીંગનું કામ કરતાં અંકિત મિશ્રાની આશરે દોઢ વર્ષની દીકરી સૌમ્યા રવિવારે બપોર બાદ ચારેક વાગ્યે ઘરના ઓટલા પર રમતી હતી. માતા ઘરકામ કરતી અને ઓટલા પર પાણીની ડોલ પાસે સૌમ્યા રમતી હતી. આ દરમિયાન સૌમ્યા ડોલમાં ડૂબી ગઈ હતી. જેથી તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં બાળકીને આજે મૃત જાહેર કરવામાં આવી હતી. અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પાંડેસરા પોલીસે તપાસ શરૂ કરી છે.

દીપડાનાં આતંકથી ગ્રામજનોમાં રોષઃ વનમંત્રીનાં બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

સુરત

સમગ્ર સુરત જિલ્લાના મહુવા, બારડોલી, માંડવી, માંગરોળ તાલુકામાં દીપડાનો આતંક છે. દીપડા દ્વારા પશુઓના મારણ કરવામાં આવી રહ્યું છે જ્યારે માંડવી તાલુકામાં નરભક્ષી દીપડાએ ત્રણ બાળકો પર હુમલો કર્યો હતો જેમાં પાતાલ ગામે ચાર વર્ષની બાળકીનું મોત થયું હતું. દીપડાના હુમલા બાદ માંડવી વનવિભાગ હરકતમાં આવી સાસણ ગીરના નિષ્ણાતોની મદદ લઈ નરભક્ષી દીપડાને પાંજરે પૂર્યો હતો. અને ત્યાર બાદ દીપડાના હુમલા બંધ થઈ ગયા હતા.

પરંતુ હવે વનમંત્રી ગણપતસિંહ વસાવના મત વિસ્તાર માંગરોળમાં દીપડાનો આતંક વધ્યો છે. બે દિવસ પહેલા દિણોદ ગામે બે બકરાનું દીપડા એ મારણ કર્યું હતું. જ્યારે દિણોદ ગામને અડીને ભરૂચ જિલ્લાની હદ શરૂ થાય છે અને ભરૂચ જિલ્લાના ભરણ ગામે પહેલા ગામની સીમમાં નરભક્ષી દીપડા એ કિશન વળવી નામના બાળકનું મારણ કર્યું હતું.

ત્યારે બાદ હવે દીપડાઓ ગામની સીમ છોડી ગામમાં આદિવાસી ૭૦ વર્ષીય વૃધ્ધા પર હુમલો કરતા વૃદ્ધાની આંખો બહાર આવી ગઈ છે. અને વૃધ્ધા અમદાવાદની સરકારી હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝઝૂમી રહી છે. ત્યારે ભરણ ગામના લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને વનવિભાગની કામગીરીથી નારાજ છે. આ સાથે વનમંત્રી તાત્કાલિક પગલાં ભરે અને દીપડાને ઠાર મારે નહી તો ભરણ ગામમાં વન મંત્રીનો ચૂંટણીમાં બહિષ્કાર કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી છે. લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો દીપડાએ ફરી હુમલો કોઈ પર કર્યો તો ગ્રામજનો રોડ પર ઉતરી વનમંત્રીનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ગાય માતાની સાક્ષીમાં અનોખા લગ્નઃ ૨ ગાય અને ૧ વાછરડાં સાથે વરઘોડો નીકળ્યો

સુરત

સુરતના ભટાર રોડ પર રહેતા અને મૂળ રાજસ્થાનના રામપાલ ગાડોદિયાના પુત્ર રોહિત કુમાર અને વેસુમાં રહેતા મદનલાલ તોડીની પુત્રી અભિલાષા ૩ ફેબ્રુઆરીએ લગ્નના તાંતણે બંધાયા. રોહિત કુમાર બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં પીએચડી કરી રહ્યા છે અને અભિલાષા સીએ છે. રામપાલ અને મદનલાલ બંને વર્ષોથી સારા મિત્રો હોવા ઉપરાંત ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા છે. બંનેનાં પુત્ર અને પુત્રી લગ્નજીવનમાં પગલાં માંડી રહ્યા છે, ત્યારે બંને પરિવારોએ લગ્ન સમારોહ થકી ભારતીય સંસ્કૃતિનું જતન અને વૈદિક પરંપરાનો અમલ કરવાનો સંકલ્પ કર્યો છે. જે અંતર્ગત ગાય માતાની સાક્ષીમાં વૈદિક રીતે સંગીતમય પાણીગ્રહ વિધિનું આયોજન કરાયું છે. લગ્નમાં માટીના ૫૦૦૦ ગ્લાસ રાખવામાં આવ્યા છે. જેથી પર્યાવરણની



જાળવણી પણ કરવામાં આવે.

લગ્ન સમારોહ માટે બે ગાય માતા અને એક વાછરડાં સાથે વરઘોડો કાઢવામાં આવ્યો છે. પાર્ટી પ્લોટની સો મીટર દૂરથી ગાય માતા અને વાછરડાંને વરઘોડામાં સામેલ કરવામાં આવ્યા છે. વરઘોડામાં મોટી સંખ્યામાં મહેમાનો જોડાયા છે. લગ્નમંડપમાં ગાય માતા અને વાછરડાંના પ્રવેશ બાદ જ વરરાજાનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે.

વરરાજાના પિતા રામપાલે જણાવ્યું હતું કે, આજની યુવાપેઢી ભારતીય મૂળની વૈદિક પરંપરાને જાણે એ હેતુથી લગ્ન આયોજનમાં વિવિધ પ્રકારના સંકલ્પ સાકાર કરાયા છે. ગાયની સાક્ષીમાં અને વૈદિક રીતે ૩૧ બ્રાહ્મણો દ્વારા પાણીગ્રહ વિધિ કરાશે. પાણીગ્રહ વિધિ વેળાએ મંડપમાં ગાય માતાની હાજરી રહેશે. આ સિવાય રાજસ્થાની સમાજમાં રાત્રે લગ્ન થાય છે, તેને બદલે સાંજે લગ્નનું આયોજન કરાયું છે. આ સાથે મરાઠી સમુદાયમાં અક્ષત વિધિ કરાય છે. રાજસ્થાન સમાજમાં આ વિધિ થતી નથી પરંતુ પરિવાર દ્વારા આ વિધિ કરવાનો નિર્ણય કરાયો છે.

ચોકલેટના બદલે ઝેરી ગોળી ખાઈ ગયેલી ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીનું મોત

સુરત

બે દિવસ પહેલા મોડી રાત્રે ઘરમાં ચોકલેટની ગોળીઓ ખાવાને બદલે ઝેરી ગોળી ખાઈ ગયેલી ધોરણ-૧૨ની વિદ્યાર્થિનિનું સારવાર દરમિયાન ગઈકાલે બપોરે મોત નીપજયું હતું. સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ ઉધના વિસ્તારમાં આવેલા શાંતિનગર પાસે શાશ્વત રેસીડેન્સીમાં રહેતી ૧૯ વર્ષીય કિશાંગી મયુરભાઈ કેલૈયા ગઈ પહેલી તારીખે મોડી રાત્રે ઘરમાં ફ્રિજ પર મૂકેલી ચોકલેટની ગોળીઓ ખાવાને બદલે તેના હાથમાં અનાજમાં નાખવાની ગોળી આવી જતા ખાઈ ગઈ હતી. જેથી તેને કડવું લાગ્યું હતું.બાદમાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી જ્યાં તેનું સારવાર દરમિયાન ગઈકાલે બપોરે મોત નીપજયુ હતુ. કિશાંગી ઘોડદોડ રોડની શાળામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી. તેને એક ભાઈ અને બહેન છે. તેના પિતા જમીન દલાલીનું કામ કરે છે.

વ્યારા નગર પાલિકા દ્વારા પોષણ ઝુંબેશ કાર્યક્રમ યોજાયો

એક પણ બાળક કુપોષિત ન રહે તે માટે સહિયારા પ્રયાસ કરીએઃ મંત્રી ઈશ્વર પરમાર

વ્યારા

શનિવારઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી સંવેદનશીલ અભિગમથી રાજયમાં એક પણ બાળક કુપોષિત ન રહે તે માટે સામાજિક દાયિત્વ સાથે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે તાપી જિલ્લામાં આ અભિયાનના ત્રીજા દિવસે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારની ઉપસ્થિતિમાં વ્યારા ખાતે નગરપાલિકા કક્ષાનો પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, આવનારી પેઢીને સશક્ત અને તંદુરસ્ત બનાવી સમૃધ્ધ સમાજ- રાષ્ટ્રના નિર્માણ માટે પોષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. બાળક માતાના પેટમાં હોય ત્યારથી તેના આરોગ્યની ચિંતા રાજય સરકાર કરે છે ત્યારે આપણે પણ સગર્ભા અને ધાત્રી માતાઓની કાળજી રાખી તેમને પુરતા પ્રમાણમાં પોષણયુક્ત આહાર આપીએ જેથી તંદુરસ્ત માતા તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે. બાળક તંદુરસ્ત હશે તો તેનુ ઉજ્જવળ ભવિષ્ય બનશે અને પોતાને સાથે રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપી શકશે.

તેમણે આઈસીડીએસ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી પોષણ અભિયાનની પ્રવૃતિને બિરદાવી સૌને પ્રોત્સાહિત કરી સહિયારા પ્રયાસથી આ અભિયાનને સફળ બનાવવા આહ્વાન કર્યું હતુ. કુપોષણ સામેના જંગમાં સરકારની સાથે સામાજિક સંસ્થાઓ તેમજ પાલક વાલીઓ સહિયારા પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

ગુજરાતમાંથી કુપોષણ નાબૂદી માટે શરૂ કરવામાં આવેલ અભિયાનમાં આંગણવાડીની બહેનોથી માંડીને ગામના અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓ તેમજ સૌ કોઈ આ અભિયાન સફળ થાય એ માટે પ્રયત્નો કરી રહ્યા છે તે માટે આનંદની લાગણી વ્યક્ત કરી બાળકોને જરૂરિયાત મુજબનો પૌષ્ટિક આહાર આપવા માર્ગદર્શન આપ્યું હતું. બાળકોમાંથી કુપોષણ નાબૂદ કરવા સરકાર પ્રયત્નશીલ છે ત્યારે આપણે ગામના આગેવાન તરીકે આવા કુપોષિત બાળકોને દત્તક લઈ તેની સાર-સંભાળ રાખવાની જવાબદારી ઉપાડી સમાજ સેવાનું કામ કરીએ. તેમણે કહ્યું કે, આપણું રાજય ઘણી બધી બાબતોમાં અગ્રેસર છે ત્યારે કુપોષણને પણ ચલાવી લેવાય નહીં તેને નાબૂદ કરવા સાથે મળી સહિયારા પ્રયાસો કરીએ. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘે સ્વાગત પ્રવચન કરતાં તાપી જિલ્લામાં ૧૩૯૮ બાળકોને પાલક વાલીઓ દ્વારા સુપોષિત કરવામાં આવશે તેમ જણાવી આ અભિયાન હેઠળ ૨૮ જેટલા કાર્યક્રમો કરીને લોકજાગૃતિ કેળવવામાં આવી રહી હોવાની વિગતો આપી હતી. નગર પાલિકા પ્રમુખશ્રી મહેર્નોષ જોખીએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ.

આ પ્રસંગે જન્મથી ૬ માસ સુધી માતાનું ધાવણ ધાવનાર બાળકોને કઠોળનું પાણી પીવડાવી અન્નપ્રાશન વિધિ કરવામાં આવી હતી. પોષણ અદાલત વિષય પર સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

ગુજરાત પોષણ અભિયાન ફિલ્મનું નિદર્શન, બાળ તંદુરસ્ત અને વાનગી હરીફાઈના વિજેતાઓને ઈનામ વિતરણ તથા પાલક માતા-પિતાઓનું પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરી પોષણ આરતી કરવામાં આવી હતી.

આહવા જનરલ હોસ્પિટલની મુલાકાત લેતા પ્રભારી સચિવ

ડોકટરો, દર્દીઓ તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓનું નિરીક્ષણ

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ ડાંગ જિલ્લા પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશ્નરશ્રી જયપ્રકાશ શિવહરે એ જનરલ હોસ્પિટલ, આહવાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી એચ.કે. વઢવાણિયા, પ્રાંત અધિકારી શ્રી કાજલબેન ગામીત ડાં. કમલેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય કમિશ્નરશ્રી જયપ્રકાશ શિવહરે જનરલ હોસ્પિટલ આહવાની મુલાકાત દરમિયાન આરોગ્યલક્ષી સુવિધાઓની તપાસણી કરી ઈ.ચા.સિવિલ સર્જન શ્રી ડા.રશ્મિકાંત કોંકણી સાથે માળખાગત સુવિધાઓ વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ હોસ્પિટલના વોર્ડમાં દાખલ થયેલા દર્દીઓ સાથે પણ મુલાકાત કરી હતી. આરોગ્યની સેવાઓથી દર્દીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. વધુમાં ડોકટરોની કાંઈ મુશ્કેલીઓ હોય તો તે પણ જણાવવા કહયું હતું. ડોકટરોએ જુદી જુદી ખાલી જગ્યાઓના મહેકમ ભરવા માટે રજૂઆત કરી હતી.

તા.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ આરોગ્ય કમિશ્નરશ્રી જયપ્રકાશ શિવહરે એ હાલમાં જ નિર્માણ પામેલ રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, શામગહાન ની મુલાકાત લીધી હતી. ડા મિલન પટેલે જણાવ્યું હતું કે સાપુતારા-વઘઈ રોડ ઉપર જ આવેલી હોસ્પિટલમાં અંદાજીત સરેરાશ ૧૫૦ થી વધુ ઓપીડી રહે છે. મુખ્યત્વે વાયરલ તાવ, શરદી-ખાંસી જેવા રોગોના દર્દીઓ આવે છે. અહીં ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રસુતા બહેનોને સુંદર સુવિધા આપવામાં આવે છે. નોર્મલ ડીલીવરી થાય એવા અમારી ટીમના પ્રયાસો રહે છે. જુની હોસ્પિટલમાં ચોમાસા દરમિયાન પાણી ગળતરની સમસ્યા હતી પરંતુ આ નવી હોસ્પિટલ બનવાથી ઈનડોર પેશન્ટ માટે ફાયદાકારક બની છે.

શામગહાન સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય કમિશ્નરશ્રીની મુલાકાત દરમિયાન કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા,ડા.પાઉલ વસાવા,જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી ડા.ડી.સી. ગામીત સહિત શામગહાન સી.એચ.સી.નો તમામ સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

અનાથ આશ્રમના ગેટ પાસે તરછોડાયેલા નવજાત બાળકનું મોત નીપજ્યું

સુરત

કતારગામમા અનાથ આશ્રમના ગેટ પાસે ૫ દિવસ પહેલા તરછોડાયેલા નવજાત બાળકનુ સારવાર દરમિયાન નવી સિવિલ હોસ્પિટલમાં સવારે મોત નીપજયું હતું. નવી સિવિલ હોસ્પિટલથી મળેલી વિગત મુજબ કતારગામ ખાતે આવેલ અનાથાશ્રમના ગેટ પાસે મુકેલા ઘોડિયામાં ગઈ તા.૨૯ મીએ રાત્રે મહિલા કે કોઈ વ્યક્તિ નવજાત બાળકને તરછોડી ગયું હતું.

જો કે બાળકના રડવાનો અવાજ આવતો હતો અને ત્યાં કુતરાઓ જોર જોરથી ભસતા હતા. જેથી આશ્રમના મોટા બાળકો તરત બાળકને ઊંચકીને આશ્રમમાં લાવ્યા હતા અને તેમણે ત્યાંના કર્મચારીને જાણ કરી હતી.

નવજાત બાળકને હાથ પગમાં મોજા, માથા પર ગરમ ટોપી તથા ગુલાબી રંગના કપડા પહેરાવેલા હતા અને બાળકને પીળા રંગના રૂમાલમાં વીંટાળેલું હતું. તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો જ્યાં સવારે તેનું મોત નીપજયું હતું.

સુરત શહેર છેલ્લા ઘણા સમયથી નિષ્ઠુર માતા કે કોઈ મહિલા પોતાનુ પાપ છુપાવવા કે અન્ય કોઈ કારણોસર નવજાત બાળકોને રસ્તે રઝળતી હાલતમાં ઝાડી ઝાંખરામાં, કચરા પેટીમાં, નદી કિનારે સહિતના વિસ્તારોમાં તરછોડી જવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

પરીક્ષા શરૂ થવા પૂર્વે બીએડના વિદ્યાર્થી દ્વારા સમરસ હૉસ્ટેલમાં આપઘાત



જિંદગી થી હારી ગયો છું: વિદ્યાર્થીએ લખી સ્યુસાઈડ નોટ

સુરત

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલી સમરસ હોસ્ટેલમાં પરીક્ષાના દિવસે જ બીએડના સ્ટુડન્ટે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પણ દોડી આવી હતી. સ્ટુડન્ટના આપઘાતનું કારણ હાલ જાણવા મળ્યું નથી. જોકે, સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં લખ્યું છે કે, જિંદગીથી હારી ગયો છું. આપઘાત માટે જાતે જવાબદાર છું.

મૂળ ભાવનગરનો દીપક બોરિચા(ઉ.વ.૨૨) ઉધના મગદલ્લા રોડ પર આવેલી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલી સમરસ હોસ્ટેલમાં ચોથા માળે રૂમ નંબર ૪૦૫માં રહેતો હતો અને ભગવાન મહાવીર કોલેજમાં બીએડના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. આજે બીએડના પ્રથમ વર્ષની પરીક્ષાનું ૧૦.૩૦ વાગ્યે પહેલું પેપર હતું. જોકે, પરીક્ષા પહેલાં જ દીપકે હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. ઘટનાની જાણ થતા પોલીસ પણ દોડી આવી હતી. જોકે, હાલ સ્ટુડન્ટે કયાં કારણોસર આપઘાત કર્યો તે જાણવા મળ્યું નથી.

પોલીસે આપઘાત કરનાર સ્ટુડન્ટના રૂમમાં તપાસ કરતા એક સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, જિંદગીથી હારી ગયો છું. આપઘાત માટે મને કોઈનું દબાણ નથી. જાતે જવાબદાર છું. પોલીસે સુસાઈડ નોટ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પાંચ ટ્રિલિયન ઈકોનોમી તરફ લઈ જતું બજેટ: જનક પચ્ચીગર

બજેટમાં ઓડીટ લીમીટ એક કરોડથી પાંચ કરોડ કરાઈ

સુરત

ભારત વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ લાબું અને વિસ્તૃત ચણાવટ કરતુ બજેટ નાણાપ્રધાનએઆજ રોજ રજુ કર્યું. બજેટ ફાળવણીમાં સૌથી વધુ મહત્વ રોડ, રેલવે અને હવાઈ ઉડાણને આપીને રોજગારીનું સર્જન કરવાનો ઠોસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અર્થતંત્રમાં નાણાઠાલવવાથી દરેક ઉદ્યોગોને ફાયદો થશે. ઉડાન સ્કીમ મુજબ ૧૦૦ થી વધુ એરપોર્ટ બનાવવાની વાત કરવામાં આવી છે જે આવકારદાયક છે.

સમગ્ર દેશના MSME યુનિટને હવે CGTSME હેઠળ જે આજ સુધી ૧ કરોડની લોન કોઈ પણ પ્રકારની પ્રોપર્ટી બોજામાં મુક્યા સિવાય આપવામાં આવતી હતી તેમાં વધારો કર્યો છે. નાણા પ્રધાનના કહેવા મુજબ ૨ વર્ષમાં ૬૦ લાખ નવા વેપારીઓ જીએમાં દાખલ થયા છે. અને આ બજેટથી તેમાં ધરખમ વધારો થશે એમ હું માનુ છું. ઈન્કમ ટેક્સમાં નવા સ્લેબ ઓપ્શન તરીકે રજુ કરવામાં આવ્યા છે. જેમાં દરેક વેપારી પોતાના ધંધા મુજબ તથા ટેક્સ રાહતો લેવી કે ન લેવી તે તપાસી સ્લેબની પસંદગી કરી શકશે અને ટેક્સ ભરી શકશે.

હવે ઓડિટની લિમિટ ૧ કરોડથી ૫ કરોડ કરવામાં આવી છે. અને હવે ફેશલેસ ઈન્કમ ટેક્સ સ્કૂટિની જે શરૂકરવામાં આવી છે. તેમાં વધારો કરીને ફેશલેસ અપીલની પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. ×વિવાદસે વિશ્વાસ× સ્કીમની અંતિમ તારીખ ૩૦ જૂન ૨૦૨૦ છે. જે ઘ્વારા તમારા ઈન્કમ ટેક્સ અંગેના ટેક્સને લગતા વિવાદો તમે ટેક્સ ની ભરપાઈ કરી પેનલ્ટી અને ઈન્ટ્રેસ્ટમાંથી મુક્તિ મેળવી શકો છે.

વધુમાં સોલાર ઈન્ડસ્ટ્રીઝને ખુબ જ મોટો લાભ કરી આપ્યો છે. રેલવેની પતરીની આજુબાજુની રેલવેની જંમીન પાર ધોરણે સોલાર પ્લાન્ટ ઈન્સટોલ કરવામાં આવશે જે લાભકર્તા છે. નવા પ્રીપેડ સ્માર્ટ ઈલેકટ્રીક મીટર બજારમાં આવશે અને જેથી કન્ઝ્યુમર અને સપ્લાયર બંને ને લાભ થશે

આહવામાં જયપ્રકાશ શિવહરેને અધ્યક્ષ સ્થાને બેઠક મળી

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (જિલ્લા સેવાસદન) ખાતે તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ ડાંગ જિલ્લા પ્રભારી સચિવ અને કમિશ્નર, આરોગ્ય વિભાગ શ્રી જયપ્રકાશ શિવહરે ના અધ્યક્ષ સ્થાને ડાંગ જિલ્લા અમલીકરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

ડાંગ જિલ્લાના અમલીકરણ અધિકારીઓની બેઠકને સંબોધતા પ્રભારી સચિવશ્રી જયપ્રકાશ શિવહરે એ જણાવ્યું હતું કે સરકારશ્રી દ્વારા વિકાસના કામો માટે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેથી સુચારૂ આયોજન કરી જે તે વિભાગના ચાલુ વર્ષના કામો ૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં તેમજ વર્ષ ૨૦૨૧ નું આગોતરૂ આયોજન કરી સમયમર્યાદામાં તમામ કામો પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયાએ વિકાસકામોની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે ૩૫૨ કામો વિવેકાધિન જોગવાઇ અને એટીવીટીના કામો પૂર્ણ થયા છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૩૫૧ કામો પ્રગતિમાં છે. વિવેકાધિન જોગવાઇ અંતર્ગત કુલ ૧૯૩ કામો પૈકી ૧૫૦ કામો હાલમાં પ્રગતિમાં છે. ધારાસભ્યશ્રીની જોગવાઇના કુલ ૩૮ કામો પૈકી ૨૨ પૂર્ણ થયેલા છે અને ૧૫ કામો પ્રગતિમાં છે.

વિકાસશીલ તાલુકાના કુલ ૧૦૮ કામો પૈકી ૪૮ પૂર્ણ થયેલ છે અને ૫૬ પ્રગતિ હેઠળ છે. પ્રોત્સાહક જોગવાઇના કુલ ૩ કામો પૈકી ૨ પ્રગતિમાં છે.

એટીવીટી સહિત તમામ યોજનાના કામો માટે રૂા.૮૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. વર્ષ૨૦૧૮-૧૯ માં વહીવટી મંજૂરી આપેલ ૨૮૦ કામો પૈકી ૨૫૭ કામો પૂર્ણ થયા છે. અને ૨૩ પ્રગતિ હેઠળ છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી ટી.કે. ડામોર, નાયબ વન સંરક્ષકશ્રી અગ્નૈશ્વર વ્યાસ,પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જી.ભગોરા,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ડી.આર. અસારી,નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી. કવા, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત સહિત તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાવ્ય અભિવ્યક્તિ



સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

ગીત તમારું બનું હું, તમે સંગીત બન્યા છો મારા,
લય બનું તમારા કાવ્યની હું, તમે સૂર તાલ મારા.
શબ્દનો અર્થ પામું તમારી ખામોશીમાં,
મારું અક્સ મેળવું, તમારા પ્રેમાળ નયનોમાં,
મારી પ્રત્યેક ક્ષણ મહેકે છે, તમારા સંગાથથી,
મારું અસ્તિત્વ ઝળકે છે, તમારા સ્નેહ સાંનિધ્યથી.
મારા જીવનના વિસ્તારનો સઘળો સાર છે તમારામાં,
તમારા પ્રેમના સારનો વિસ્તાર સદા મળશે મારામાં.
પ્રીતમ આપનો આ સાથ મને છે, પ્રાણથી પણ પ્યારો,
જીવનસાથી પામીને સફળ થયો છે જન્મારો મારો.

ચેતના ગણાત્રા "ચેતુ" મુંબઈ

•

કરું વહાલ કે પછી પૂછી લઉં હાલ,
માંગુ જવાબ કે પછી પૂછું ના કોઈ સવાલ!
જે આપ્યું નથી એનો કરું હિસાબ કે પછી,
ખુશ થઈ જાવ એમા જે મળ્યું છે બેહિસાબ!
તણાઈ જાવ લાગણીના સમુંદર માં કે પછી,
માંગ માંગી લઉં અધૂરી માંગણીઓની!
આવનારી જિંદગીનું જશન મનાવું કે પછી,
વીતી ગયેલ જીવનનો અફસોસ કરું!
સાકાર થયેલ સપનાની સોગાત માણી લઉં કે પછી,
અધૂરા ઓરતાની આહ માં બળ્યા કરું!
ચાલી રહેલા શ્વાસની સુગંધ માણું કે પછી,
છોડી ચૂકાયેલ ઉચ્છવાસ નો અફસોસ કરું!

— ભાવના પટેલ."વલસાડી વાદળ" ગાંધીનગર

•

પતંગિયાની આશકી ગઝલ, મહેકતી એ ગાયકી ગઝલ.
ને સાત સૂર રાખતી ગુંજે, થતી એ ક્યારે પારકી ગઝલ?
રદીફ કાફિયા છે આભુષણ, નિખાર લાવે નાયકી ગઝલ.
બતાવતી એ સાનમાં રહી, કમાલની છે ઠાવકી ગઝલ.
ઉદાસ સાંજના રચાય એ, ને શીખ આપે નાનકી ગઝલ.

- કાવ્યાલ્પ, અલ્પા વસા

•

નશીબના દોષે, કર્મના રોષે, બુદ્ધિની પૂજાએ, રાજપુતી જોશે,
વિજય તિલકે,રાજતિલકે, સુહાગનું સાક્ષી,અભાગનું સાક્ષી,
કેસરિયા બંધાયેલ,કફન બંધાયેલ, મહેનતના પરસેવે રેલાયેલું,
કામચોરીના દગાએ ઝબોળાયેલું, ચિંતાની કરચલીએ ગુંચવાયેલું,
શાંતિની સ્વચ્છતાએ છવાયેલું,
કેટકેટલુ ન જાણે આ 'લલાટે' છે ધરબાયેલું.....

-વાઘેલા શિલ્પાબા "નવ્યા" - અમદાવાદ

•

આવે છે લાગણીની ઓટને પ્રિત થાય છે
સમજાય દિલની વાત 'ને પ્રિત થાય છે
હોય શબ્દોની સત્યતા મૃગજળ સમી
નિર્મળ નીર નદીના સમજી પ્રિત થાય છે
માગવું ને મળે ના આવે હૈયા કેરી પ્રિતમાં
અપાય વ્હાલના વાયદાને પ્રિત થાય છે
દિલની દલીલને મનની મથામણ વચ્ચે
જીત મેળવે દિલ ત્યારે જ પ્રિત થાય છે
હોય સફરમાં એકલતા, મળે જો સાથી
નયનવાચા સમજાતા તેજુ પ્રિત થાય છે

-તેજલ વઘાસીયા તેજુ (ઉમરાળી,જુનાગઢ)

•

લીધો મે એકતારો માઁ મોગલ નો જુગપુરાણી જોગણ નો
પાંચાલ પાંડવો ના યુગ થી પુજાતી માઁ પરમ પરમેશ્વરી નો
કાળી નાગણ સમી મચ્છરાળી માઁ ભગુડાવાળી ભવાની નો
સાદ કરીએ જો મન થી તો દોડી આવતી એ શક્તિ નો
આભ ને ટેકો આપનારી અવની પર અવતરેલી માઁ અંબાનો
દુઃખ ને દુર કરી સુખ ને છલકાવતી સહસ્ત્ર ભુજાળી નો
મુજ અંતર મા વસનારી આઈ નવલાખ લોબડીયાળી નો
રૂડો ભેળિયો ધારણ કર્યો છે અંગ પર એ ભેળિયાવાળી નો
કરી છોરૂડા ને સહાય વારે ચડતી લેખ લખતી વિધાતા નો
કહે 'મોહિત' નિત્ય ભજો મે જાપ જપ્યો છે માઁ મોગલ નો

મહેશ પરમાર "મોહિત" દાંતરડી (અમરેલી)

•

ભીતરમહીથી એક જૂનું દરદ ડોકિયું કરે છે,
મારા સવાલો પર મૌન બની પરેશાન કરે છે.
છે મારા જે મને મારા હાસ્યથી ઓળખે છે,
કેમ કહું એકલતામાં આંખો હીબકા ભરે છે.
કેમ ના કરું અપેક્ષા, એ કોઈ ગુનો તો નથી !
મારી આ વાત પર ઈશ તું કેમ મૌન ધરે છે ?
માંગી માંગીને પણ એવું તે શું માંગી લીધું મેં,
કહીશ ? એક મમતા તુજથી સવાલ કરે છે !
હાં જાણું છું જરૂરી નથી કે બધાને બધું મળે,
પણ આપીને લઈ લેવું આવું શું કામ કરે છે ?
ભીતરમહીથી એક જૂનું દરદ ડોકિયું કરે છે,
મારા સવાલો પર મૌન બની પરેશાન કરે છે !

મિલન લાડ. " મન " વલસાડ

•

એનાં કાળી ભમ્મર વાળની એક લટ
લૂંટી ને લઈ જાય, મારા બધા હઠ-વટ
આંગળીથી ઊંચી કરી, કાન પર મૂકે
રક્તકેશિકાઓમાં જામે રાસની રમઝટ
આંખ પર આવીને લહેરાય જો એ લટ
લાખો સ્પંદનો વચ્ચે ઉભી થાય ખટપટ
કંઈ કેટલાય અરમાન જાગે આ ઉરમાં
એની ખામોશીથી માંગુ શું હું ચોખવટ
લટના વળાંકો છે કે વળ કોઈ નાગણના
પ્રસરે ઝેર એવું, ફાટે નસનસ , ફટ ફટ
કમર પર ઝૂલે જ્યારે, કેશગૂંથણી એની
એક એક લટ પર, નિછાવર કરું ઘટઘટ
કેદ થઈ જાઉં એની લટમાં એ રીતે 'દીપ'
ઉમ્રભર મળે ના રિહાઈ કદી ય ઝટઝટ

- દિપક ઝાલા "અદ્વૈત", નૈરોબી



નગર પ્રાથમિક શાળા સમિતિની સામાન્ય સભામાં વિરોધ પક્ષના સભ્યોએ વિવિધ મુદ્દાઓ ઉજાગર કરતા સામાન્ય સભામાં જુદા જુદા લખાણોવાળા ડીસ્પ્લે કાર્ડ રજૂ કર્યા હતા. દારૂ પીને શાળાએ આવતી શિક્ષિકા તથા રમત-ગમત ઉત્સવમાં થયેલા કૌભાંડ અંગે વિપક્ષી સભ્યોએ સભામાં ભારે હોબાળો મચાવ્યો હતો.

શાળા સમિતિની સામાન્ય સભામાં દારૂ પીધેલી શિક્ષિકાનો મુદ્દો ગાજ્યો

રમત ગમત ઉત્સવ કૌભાંડ અંગે અધ્યક્ષ અને કન્વીનરનું રાજીનામું માંગતો વિપક્ષ

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આજરોજ મળેલી સામાન્ય સભા વિપક્ષી સભ્યો નટુ પટેલ, શફી જરીવાળા, સુરેશ સુહાગિયાએ બરોબર ગજવી નાંખી હતી. દારૂ ઢીંચીને શાળાએ આવતી શિક્ષિકા અને રમતોત્સવ કૌભાંડના મુદ્દે અધ્યક્ષ હસમુખ પટેલ અને રમત ગમત સમિતિના કન્વીનર ચીમન પટેલના રાજીનામાની માંગ વિપક્ષી સભ્યોએ કરી હતી. વિપક્ષી સભ્યોના આક્ષેપ અંગે અધ્યક્ષ હસમુખ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે વિપક્ષ હંમેશા નકારાત્મક વલણ અપનાવે છે.

આજે મળેલી સામાન્ય સભામાં વિપક્ષના સભ્યોએ શિક્ષણ સમિતિની કથળતી આર્થિક પરિસ્થિતિ માટે શાસક પક્ષને જવાબદાર ઠેરવી હતી. તેમજ રમતોત્સવ સ્પર્ધાને કૌભાંડી સ્પર્ધા બતાવી સ્પોર્ટસ યુનિફોર્મ ટેન્ડરોને દફ્તરે પોતાના માનીતા ઈજારદાર સેફ્ટી વેન્ડરને કામ આપી કૌભાંડ આચરવામાં આવ્યું હતું. તેમજ વોટર બેગની જગ્યાએ વોટર બોટલ આપનાર ઈજારદાર સેફ્ટી વેન્ડરને બ્લેકલિસ્ટ કરવાની માંગણી કરવામાં આવી હતી.

દરમિયાન દારૂ ઢીંચીને શાળાએ આવતી શિક્ષિકા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આમ, આજથી સામાન્ય સભાને વિપક્ષી સભ્યો નટુ પટેલ, શફી જરીવાળા, સુરેશ સાહુગિયાએ તોફાની બનાવી હતી.

બજેટમાં સામાન્ય જનતાના પ્રશ્નોનું સમાધાનઃ સાંસદ દર્શના જરદોશ

બજેટની જોગવાઈઓને આવકારતા સુરતના સાંસદ

સુરત

નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામન દ્વારા રજૂ થયેલ બજેટ સામાન્ય નાગરિકના પ્રશ્નોને સમાધાનની દિશામાં લઈ જનાર ઠરશે. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે બજેટને આવકાર્યું હતું.

બધી રીતે જોતા શિક્ષણ ક્ષેત્રને અને યુવાઓને બજેટથી નવી આશા બંધાય છે. તો ટેક્ષ ચુકવતા નાગરિકોને પસંદગી મળવાથી ઈન્કમટેક્ષ ઘટાડવાનો લાભ વધુ નાગરિકોને મળી શકશે. બેંકિંગ સેકટરને પણ આ બજેટથી આશા બંધાઈ છે. બેંકમાં મૂકેલી રકમ ને ૧ લાખથી વધારી ૫ લાખ સુધી વીમાથી સુરક્ષિત કરી છે. જે બેંકિંગ સેકટર માટે અને નાના વ્યકિતના બેંકિંગ પરના વિશ્વાસ માટે ખૂબ મહત્વનું પગલું તેમણે ગણાવ્યું છે.

મહિલાના સશકિતકરણ તથા માતા અને બાળકના સ્વાસ્થયને ધ્યાનમાં રાખીને અને વિવિધ યોજના માટે ૨૮ હજાર ૬૦૦ કરોડની ફાળવણી અને "વિવાદ સે વિશ્વાસ" ઈન્કમટેક્ષના નિવારણની આ યોજના થકી ૩૧ માર્ચ ૨૦૨૦ પહેલા રકમ ભરીને વ્યાજ અને માફીની ની જાહેરાત. મહત્વકાંક્ષી ભારત અને આંકાક્ષી ભારત માં ૧૬ જેટલી વિવિધ જાહેરાતો થકી કિસાનોની આવક બમણી કરીને કૃષિપ્રધાન દેશને રક્ષણ. આરોગ્ય સ્વચ્છતા અને જલ ને મહત્વના જીવનના પાસા ગણીને એના માટે પણ અગ્રીમતા આપીને ફંડ. ૬૦ લાખ નવા કરદાતાઓને ઉમેરીને ૧૦૫ કરોડ ઈવે બીલ ઈસ્યુ થયા. વિશ્વની સૌથી મોટી ૫ મી અર્થવ્યવસ્થા બનીને જીએસટીમાં સમસ્યાનું સમાધાન કરી ડીજીટલ ગવરનન્સ દ્વારા નીજી ક્ષેત્રમાં ઉત્પાદન વધારીને અંત્યોદયની સેવા કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ગુજરાતમાં કચ્છના ધોલાવીરાની વર્લ્ડ ટુરીઝમ ડેસ્ટીનેશન બનવાની તક મળશે. અને લોથલમાં મેરીટાઈમ મ્યુઝીયમ બનતા સદીઓ પુરાનો ઈતિહાસ ઉજાગર થશે. ગીફટ સીટીમાં ઈન્ટરનેશનલ બુલીયન માર્કેટની શરૂઆત થતાં વેપાર ઉદ્યોગને ફાયદો થશે.

વિજલપોરમાં પોષણ અભિયાન નગર પાલિકા દ્વારા કાર્યક્રમ

નવસારી

નવસારીના વિજલપોર કચ્છ કડવા પાટીદાર સમાજ ખાતે ગુજરાત પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે વિજલપોર નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન શ્રી દિલિપભાઈ ભદોરીયાએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાંથી કુપોષણ નિવારણ થાય તે મટે રાજય સરકાર કમર કસી રહી છે. બાળકની તંદુરસ્તી ચિંતા કરી રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે જેનો લાભ લેવા નગરજનોને જણાવ્યું હતું. બાળક કુપોષિત ન જન્મે તેની કાળજી માતા સાથે આપણે સૌએ રાખવાની આપણી નૈતિક જવાબદારી છે. નવસારી જિલ્લો સુપોષિત જિલ્લો બને તે માટે સૌના સાથ સહકાર મળે તેવો અનુરોધ કર્યો હતો.

આ અવસરે સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત નગરજનોને વૃક્ષમાં બીજ તુ તેમજ બીજુ પિયર ઘર ફિલ્મ સાથે પોષણ અદાલત કાર્યક્રમ બતાવી યોગ્ય સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે ડાલ.રાહુલભાઈ પટેલ, અગ્રણી શ્રી બિમલેશ શર્મા, મેડિકલ ઓફિસર જ્યોતિબેન સી.ડી.પી.ઓ નલિનીબેન, સુપરવાઈઝર વૈશાલીબેન સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.

નિયમો નેવે મુકી ભાજપા નગરસેવકનો દારૂ ઢીંચીને પાર્ટી કરતો વિડીયો વાયરલ



સુરત

એક તરફ ગુજરાતમાં રૂપાણી સરકાર દારૂબંધીના નિયમોની વાતો કરી રહી છે ત્યારે હાલમાં જ સુરતમાં દારૂબંધીને લઈને એક અલગ જ વાત જોવા મળી છે. અહીં પ્રજા નહીં પણ ભાજપના નગરસેવક પિયુષ શિવશક્તિવાળા પણ દારૂની મહેફિલ માણી રહ્યાં છે. હવે રૂપાણી સરકારનો કાયદો ક્યાં? સુરતના નારગોલમાં પિયુષ શિવશક્તિવાળાએ દારૂના નશામાં ડાન્સ કર્યો. આ મહેફિલમાં ૧૨ લોકોમાં પુત્ર-પિતા-કાકા પણ નશામાં સામેલ હતા.

હાલમાં જ સુરતના સગરામપુરા વિસ્તારમાં ભાજપના નગરસેવકે પિયુષ શિવશક્તિવાળાની દારૂની મહેફિલ માણવાનો વીડિયો સામે આવ્યો છે. નગરજનો તો ઠીક પણ નગરસેવકનો આ વીડિયો વાયરલ થાય તે રૂપાણી સરકાર માટે શરમજનક છે. ૨થી ૫ જાન્યુઆરીની વચ્ચે આ મહેફિલ યોજાઈ હતી. મહેફિલમાં નગરસેવકે દારૂના નશામાં ડાન્સ પણ કર્યો હતો. આ માટે નારગોલમાં પારસી પંચાયતનું મકાન ભાડે રાખીને પાર્ટી કરી હતી. વાયરલ વીડિયોમાં દેખાઈ રહેલી વ્યક્તિઓને હોશ હોય તેવું દેખાતું નથી. તમામ લોકો ફિલ્મી ગીતો પર નાચી રહ્યા છે. વીડિયોમાં હાજર લોકોનો શોલે ફિલ્મનું ગીત 'યે દોસ્તી નહીં તોડેંગે.., અને ડિસ્કો ડાન્સરનું ગીત 'આઈ એમ અ ડિસ્કો ડાન્સર...' ગાતા હોવાનું પણ સંભળાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે જે જગ્યાએ પાર્ટી યોજાઈ હતી તેમાં ૧૨ વ્યક્તિનું ગ્રૂપ હતું. આ ગ્રૂપમાં પુત્ર-પિતા અને કાકા પણ સામેલ હતા. દારૂ પીવા મુદ્દે નગરસેવક પિયુષ શિવશક્તિવાળાએ કહ્યું કે મારા માટે દારૂ પીવો એ મોટી વાત નથી. અમારા સમાજમાં પ્રસંગોપાત દારૂ પીવો એ પરંપરા છે. પિયુષભાઈ સુરતના વોર્ડ નંબર ૧૯ના નગરસેવક છે અન ૩ વાર નગરસેવક બન્યાં છે. તેઓ આ કામ કરે ત્યારે પ્રશ્ન સર્જાય તે સ્વાભાવિક છે.

ભાજપના નેતા હોય કે કાર્યકર્તા, સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરાશે : ભજીયાવાલા

સુરતમાં કોર્પોરેટરનો દારૂની મહેફિલ માણવાનો વીડિયો વાયરલ થયો છે. ત્યારે હવે આ મામલે ભાજપના શહેર પ્રમુખ નીતિન ભજીયાવાલાએ પ્રતિક્રિયા આપી છે કે આવી કોઈ પણ વસ્તુ ચલાવવામાં નહી આવે. દારૂ બંધી પર સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ભાજપના નેતા હોય કે કાર્યકર્તા તમામ સામે સસ્પેન્શન સુધીના કાર્યવાહી કરાશે. ભાજપની છબી ખરડાય તેવી એક પણ પ્રવૃતિ ચલાવી લેવામાં નહી આવે. સાથે જ તેમણે લોકોને આ પ્રકારની ઘટનાઓને ઉજાગર કરવા માટે અપીલ પણ કરી હતી.

પુત્રવધુનાં પિતાનું મૃત્યુ થતા આઘાતથી વેવાઈનું પણ મોત નીપજ્યું

સુરત

વાંસદા તાલુકાના વાંસદા વડલી ફળીયામાં રવિવારે અનોખી ઘટના બની હતી. જેમાં વેવાઈના મરણના સમાચાર સાંભળીને વેવાઈ પોતે બોલી ઉઠયા હતા કે, હવે તો મારે મરી જવું પડે. આ સાથે જ તેઓ ત્યાંજ ઢળી પડયા હતા. જે બાદ તેનું પણ મોત થયું હતુ. આમ એક જ દિવસે બે વેવાઈના મોતની ઘટના તાલુકામાં ચર્ચાનો વિષય બની હતી.

મળતી વિગતો મુજબ વાંસદા તાલુકાના ચારણવાડા ગામના ડુંગરી ફળિયામાં રહેતા મગનભાઈ સયાભાઈ ગારીયા (ઉ.વ. ૭૭) માજી પોલીસ પટેલનું સવારે ૯ કલાકે કુદરતી રીતે મોત નીપજ્યું હતું. આ અંગેના સમાચાર એમની છોકરી લલિતાબેન કે જેને વાસદાના વડલી ફળિયામાં રહેતા સોનુભાઈ સાવળિયાભાઈ ગવલી (ઉ.વ.૮૦)ને ત્યાં એમના છોકરા મોહનભાઈ ગવલી સાથે પરણાવી હતી તેને કરાઈ હતી. જે બાદ તેણીના સસરા સોનુભાઈને તેણીએ મગનભાઈ ગરિયાના મોતની જાણ કરી હતી. આ સમાચાર સોનુભાઈએ સાંભળતા જ પરિવાર વચ્ચે બોલી ઉઠયા હતા કે, તો તો મારે મરી જવું પડશે. આમ કહ્યા બાદ તેઓ તરત જ ત્યાં જ ઢળી પડયા હતા. જે બાદ તેમનું કુદરતી મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં લોકો ભેગા થઈ ગયા હતા. આ બન્ને વેવાઈ એકજ દિવસે મોતને ભેટતા પરિવારમાં અને ગામમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. બંને સદ્ગતોની અંતિમયાત્રા પોતાપોતાના ગામમાં નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને સમાજ તથા ગામમાં આ ઘટના ચર્ચાનો વિષય બની હતી.

સ્વચ્છ સુરત સીટીજન ફિડબેક માટેની અપીલ સુરતની સમજૂ પ્રજાએ ફગાવી

સુરત

સુરત મહાનગર પાલિકાના ભાજપ શાસનમાં સુરત શહેર દિન-પ્રતિદિન ગંદુ-ગોબારૂ અને ઠેર ઠેર કચરાના ઉકરડા બની રહ્યું છે અને એ વાસ્તવિકતા શહેરની સમજુ પ્રજા સારી રીતે જાણી ગઈ છે.

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦ માટેના 'સીટીઝન ફિડબેક' કાર્યક્રમ અનુસાર શહેરના લોકોનો સફાઈ સ્વચ્છતા બાબતે ઓનલાઈન ફિડબેક આપવાનું ૩૧/૧/૨૦૨૦ સુધી એક મહિના અવિરત કાર્યક્રમ અને આયોજન સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ અને પદાધિકારીઓ દ્વારા થયું. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી બંછાનિધિ પાની અને મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલ સહિત અન્ય પદાધિકારીઓ તેમજ ધારાસભ્યો અને સાંસદશ્રીઓ તથા શહેર ભાજપ સંગઠન પણ આ 'ફિડબેક' અભિયાનમાં જોતરાયો અને લોકોને ફિડબેક અભિયાનમાં શહેરહિત માટે અપીલ કરી. પરંતુ સફાઈ-સ્વચ્છતા બાબતે ખરી વાસ્તવિકતા શહેરની શું છે? એ શહેરની સમજુ પ્રજાએ ભાજપને 'અરીસો' બતાવી દીધું. સુરત શહેરની હાલમાં વસ્તી આશરે ૬૦ લાખ છે અને આમાંથી માત્ર ૨૮૭૭૮૬ લોકોએ એટલે માત્ર આશરે ૫% લોકોએ સીટીઝન ફિડબેક અભિયાનમાં ભાગ લીધો અને આપણું કહેવાતું સ્વચ્છ સુરત દેશના અન્ય શહેરો ગાઝિયાબાદ, આગ્રા, લખનૌ, વિશાખાપટ્ટનમ અને કાનપુર કરતા પાછળ રહી ગયું. આમ, શહેર ભાજપના તમામ ટોચના નેતાઓની અપીલને શહેરની સમજુ પ્રજાએ સંપૂર્ણપણે ફગાવી જાકારો આપ્યો હોવાનું કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા જણાવાયું છે.

ઈચ્છાપોર, મોરા અને હજીરામાં પોષણ અભિયાન અંગે કાર્યક્રમ


કુપોષિત ૧૩૮ બાળકોને દત્તક લેવામાં આવ્યાં

સુરત

ગુજરાતને કુપોષણ મુકત બનાવવાના નિર્ધાર સાથે સમગ્ર ચોર્યાસી તાલુકાની ઈચ્છાપોર, હજીરા, મોરા ખાતેથી જિલ્લા પંચાયતના સદસ્યો સર્વશ્રી યોગેશભાઈ પટેલ, સતીશભાઈ પટેલ, ઠાકોરભાઈ પટેલના હસ્તે પોષણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની સીટો ખાતે હેઠળના ગામોમાંથી કુપોષિત ૧૩૮ જેટલા બાળકોને પાલક વાલીઓ દ્વારા દત્તક લેવામા આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા શિક્ષાણાધિકારી શ્રી એચ.એચ. રાજયગુરુ, સ્વાતિબેન પટેલ, શ્રી આર.બી.ગાવિત, સ્વાતિબેન પટેલ, તાલુકા પંચાયત ચોર્યાસીના પ્રાથમિક શિક્ષણ અધિકારી સાહરભાઈ દેસાઈ, તાલુકા પંચાયત સભ્ય આસ્તિકભાઈ કવાસ, મોર હજીરા ના સરપંચ અને ડેપ્યુટી સરપંચ હાજર રહી અભિનંદન પાઠવ્યા. આંગણવાડી વર્કર, આશા વર્કર, આરોગ્ય સ્ટાફ, શાળાનો સ્ટાફ, ગ્રામ પંચાયત સ્ટાફ હાજર રહીને પ્રોગ્રામ ને સફળ બનાવ્યો. વાનગી અને બાળ તંદુરસ્તી હરીફાઈ ના વિજેતાને ઈનામ અને પ્રમાણપત્ર આપવામા આવ્યા હતા.



સુરત ફાયર બ્રિગેડ દ્વારા ફાયર સેફટી ઝુંબેશ દરમિયાન આજે રિંગરોડ સ્થિત વધુ ત્રણ ટેક્સટાઈલ્સ માર્કેટની સંખ્યાબંધ દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા. દુકાનને સીલ કરી દેવાતા વેપાર-ધંધા અર્થે આવેલા દુકાનદારો તથા કર્મચારીઓએ પરત ઘરે ફરવાની નોબત આવી હતી.

ફાયર સેફટીના અભાવે ૧૦૪ દુકાનો સીલ મરાઈ

સુરત

તક્ષશિલા અગ્નિકાંડ બાદ છેલ્લા ૭ મહિનામાં ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટીની સુવિધા ઉભી કરવા માટે અલગ અલગ વિસ્તારની ઈમારતો, સ્કૂલ સહિતને નોટીસ ફટકારવામાં આવી હતી. જોકે, નોટીસ આપવા છતા ફાયર સેફટી ઉભી ન કરતા ફાયર વિભાગ દ્વારા સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રિંગરોડ વિસ્તારની રિદ્ધી-સિદ્ધી, અરિહંત અને મનિષ માર્કેટની ૧૦૪ જેટલી દુકાનોને સીલ મારી દેવામાં આવ્યું છે.

તક્ષશિલા અગ્નિકાંડ બાદ છેલ્લા ૭ મહિનામાં પાલિકા દ્વારા કોમ્પલેક્ષ, હોસ્પિટલ, હોટલ-રેસ્ટોરન્ટ, ટ્યુશન કલાસીસ, સ્કૂલ-કોલેજ, ટેક્સટાઈલ માર્કેટો સહિતની ઈમારતોમાં ફાયર સેફટીના અભાવના કારણે સીલ મારવામાં આવી છે. જેમાં મોડી રાત્રીથી સવાર સુધીમાં રિંગરોડ વિસ્તારમાં આવેલી રિદ્ધી સિદ્ધી માર્કેટની ૧૧ જટેલી દુકાનો સીલ કરવામાં આવી છે. જયારે અરિહંત માર્કેટની ૮૩ જેટલી દુકાનો સીલ કરવામાં આવી છે અને મનિષ માર્કેટની ૧૦ દુકાનો સીલ કરવામાં આવી છે.

તક્ષશિલાકાંડ અગ્નિકાંડ બાદ છેલ્લા ૭ મહિનામાં પાલિકા દ્વારા ૮૧૨૮ ઈમારતોમાં સર્વે કરી ૧૦૦૦થી વધુ ઈમારતની ૨૨ હજારથી વધુ દુકાનો સીલ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા સર્વે કરી ફાયર સેફટીના અભાવના કારણે નોટીસ આપવામાં આવી હતી. જોકે, ફાયર સેફટી ઉભી ન કરવામાં આવતા સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉધના વિસ્તારમાં સગીર છોકરીની છેડતી કરાઈ

સુરત

ઉધના વિસ્તારમાં રહેતી એક સગીરાની છેડતી કરી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના એસએમસી આવાસ બિલ્ડિંગ ભીમનગર ખાતે રહેતા ભારત રઘુ એ ગતરોજ ઉધના વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની સગીરા પોતાના ઘરના ટેરેસમાં સૂકાયેલા કપડાં લેવા ગઈ હતી. ત્યારે તેનો હાથ પકડી છેડતી કરી ફરાર થઈ ગયો હતો. પોલીસે આરોપી વિરૂદ્ધ છેડતી તથા પોક્સોનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આરોગ્ય ટીમોનું આકસ્મિક ચેકીંગ... ગેરહાજર મેડિકલ ઓફિસરો-કર્મચારીઓમાં ફફડાટ

નર્મદા

નર્મદા જિલ્લામાં આરોગ્ય અધિકારી આરોગ્ય કેન્દ્ર પર ફરજ દરમિયાન હાજર ન રહેતા હોવાની ફરિયાદ વચ્ચે નર્મદા જિલ્લાની આરોગ્ય ટીમોએ વિવિધ સ્થળો પર આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન ૫ જેટલા મેડિકલ ઓફિસર અને ૧૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ પોતાના ફરજસ્થળ પર ગેરહાજર જોવા મળ્યા હતા.

નોંધનિય છે કે, રાજયમાં નર્મદા જિલ્લામાં વધુ પ્રમાણમાં માતા અને બાળકોનું મરણ થઈ રહ્યું હોવાના આંકડા સામે આવ્યાં છે. માતા અને બાળમરણનું કારણ આરોગ્ય કેન્દ્રમાં અધિકારીની ફરજ પ્રત્યેની બેદરકારી અને ફરજ દરમિયાન હાજર ન રહેતા હોવાનું સામે આવ્યું છે. જેના પગલે જિલ્લા આરોગ્ય ટીમે અચાનક જ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને તપાસ કરી હતી. ચેકિંગ દરમિયાન મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ, લેબ ટેક્નિશિયન, મેઈલ સુપરવાઈઝર, ફિમેલ સુપરવાઈઝર, મેઈલવર્કર, ફિમેઈલ વર્કર અને ફાર્માશિષ્ટને નોટિસ ફટકારવામાં આવી છે.

જિલ્લાના બોરીયા, બૂંજેઠા, જેસલપોર, નવા વાઘપરા અને ગંગાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ, લેબ ટેક્નિશિયન, મેલ સુપરવાઈઝર, ફિમેલ સુપરવાઈઝર, મેલવર્કર, ફિમેલવર્કર અને ફાર્માશિષ્ટને તથા ગોરા(બોરીયા)ના સીએચઓ અને મેલવર્કરને નોટિસ અપાઈ છે.

નર્મદા જિલ્લામાં માતા-બાળ મરણ રાજયના અન્ય જિલ્લાઓ કરતાં વધુ હોવાનું ખુદ જિલ્લા આરોગ્ય અધિકારીએ સ્વીકાર્યું હતું. ત્યારબાદ રિઝલ્ટ સુધારવા અને યોગ્ય કામગીરી કરવા જિલ્લાના આરોગ્ય કેન્દ્રો પર ફરજ બજાવતાં તબીબી અધિકારીઓ અને કર્મચારીઓને હેડ ક્વાર્ટર પર ફરજીયાત રહેવાનો હુકમ કરાયો તેમ છતાં જો સુધારો નહિ જોવા મળે તો જેતે મેડિકલ ઓફિસર અને કર્મચારીઓ સામે ડીડીઓ સખ્ત પગલાં ભરશે જે બાબતે કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ગણદેવીમાં આરોગ્યમંત્રી કાનાણીની ઉપસ્થિતિમાં પોષણ ઝુંબેશ સંપન્ન

પાલક વાલીઓને અભિનંદન પાઠવતા આરોગ્ય મંત્રી

નવસારી

રાજય સરકારના ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ના ત્રીજા દિવસે નવસારી જિલ્લાના ગણદેવી ખાતે સ્વામી વિવેકાનંદ હોલ ખાતે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજયમંત્રી શ્રી કિશોર કાનાણીના અધ્યક્ષસ્થાને પોષણ અભિયાન કાર્યક્રમ દિપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય રાજય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ ગુજરાત સરકાર દ્વારા કુપોષણ મુકત ગુજરાત બનાવવા માટે છેલ્લા ત્રણ દિવસથી કાર્યક્રમ ગુજરાતભરમાં ચાલી રહયાં છે. આંગણવાડીમાં પોષકતત્વોથી ભરપૂર ખોરાક બાળકોને આપી રહયા છે. સામાન્ય વજન ધરાવતા બાળકોને આ ખોરાકથી તેના વજનમાં વધારો થઈ શકે છે. રાજય સરકારની દૂધ સંજીવની યોજના થકી બાળકોને દૂધ આપવામાં આવે છે. આંગણવાડીની બહેનો, તેડાગર બહેનો, આરોગ્યની બહેનો સતત કાર્ય કરી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી કોઈપણ બાળક કુપોષિત ન રહે તે માટે ખાસ ઝુંબેશ ઉપાડી છે. સગર્ભા બહેનોએ ખાસ કરીને ખોરાકની કાળજી લેવી જેથી આવનારું બાળક તંદુરસ્ત રહે તેમ જણાવ્યું હતું. આવતી ૨૬ મી જાન્યુઆરી પહેલા ગુજરાતને કુપોષણ મુકત ગુજરાત બનાવવા અપીલ કરી હતી. કુપોષિત બાળકોની કાળજી રાખનાર પાલક વાલીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સગર્ભા માતાઓએ આવનારું બાળક તંદુરસ્ત રહે તેની ખાસ કાળજી લેવા જણાવ્યું હતું. નવસારી જિલ્લામાંથી કુપોષણનો દર ઘટાડવા આયોજનબધ્ધ કામગીરી કરવા જણાવ્યું હતું. એકબીજાને સાથે મળીને આ અભિયાનને સાર્થક બનાવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત નગરજનોને વૃક્ષમાં બીજ તુ તેમજ બીજુ પિયર ઘર ફિલ્મ સાથે પોષણ અદાલત કાર્યક્રમ બતાવી યોગ્ય સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે નગર પાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયાં હતાં.



સ્ટેચ્યુ પર દબાણો હટાવવાની કામગીરી વેળા ના.કલેક્ટર અને ના.મામલતદાર વચ્ચેની માથાકૂટ બાબતે નર્મદા કલેક્ટરને આવેદન





સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ કલેકટર વિરુદ્ધ સેવા શિસ્તના નિયમોના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહીની માંગ સાથે કલેક્ટરને આવેદન, મહેસુલી કર્મચારીઓ લડાયક મૂડમાં

જો આગામી ૫ ફેબ્રુઆરી સુધી જરૂરી પગલાં ન લેવાય તો નર્મદા જિલ્લાના મહેસુલી કર્મચારીઓ દ્વારા સ્ટેચ્યુ, નર્મદા નિગમ તેમજ SSPA ને લગતી કામગીરીના બહિષ્કારની ચીમકી તેમજ મહેસુલી કામગીરી બાબતે વર્ક ટુ રૂલ કરવા ચીમકી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી થી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના જુલાઈ ૨૦૧૯ પછીના દબાણો તોડી પાડવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો છે.એ આદેશ મુજબ અધિકારીઓ ૧ લી જાન્યુઆરીએ સવારથી જ દબાણ તોડવાની કામગીરી કરી રહ્યા હતા.તે દરમિયાન ગરુડેશ્વર તાલુકાના વાગડીયા તરફ દબાણ તોડવાની કામગીરી દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ વહીવટદાર નિલેશ દુબે અને ત્યાં પોતાની ફરજ પર હાજર ના.મામલતદાર મેહુલ વસાવા વચ્ચે કોઈક બાબતે તું તું મેં મેં ના દ્રશ્યો સર્જાયા હતા.ત્યારબાદ ત્યાં હાજર પોલીસ કર્મચારી ઓએ મામલો થાળે પાડ્યો હતો પરંતુ નાયબ મામલતદાર મેહુલ વસાવાએ આ ઘટના મામલે કેવડિયા પોલીસ મથકમાં કાયદેસર પગલાં લેવા લેખિત રજુઆત કરી હતી.

ત્યારબાદ સોમવારે નર્મદા જિલ્લા મહેસુલી કર્મચારી મંડળના પ્રમુખ કરણસિંહ રાજપૂતની આગેવાનીમાં આ મામલે નર્મદા જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને સ્ટેચ્યું ઓફ યુનિટીના નાયબ કલેકટર નિલેશ દુબે વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા સરકારમાં રિપોર્ટ કરવા રજુઆત કરાઈ હતી.

આવેદનમાં મુખ્ય પાંચ માંગણીઓ કરાઈ હતી જેમાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કામગીરીમાં રુકાવટ કરવા બદલ નાયબ કલેકટર નિલેશ દુબે તેમજ તેમના ખાનગી બોડીગાર્ડ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવી તેમજ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કામગીરી દરમિયાન પૂરતી સલામતી તેમજ વાહન વ્યવસ્થા કરવી,સરકારની જોગવાઈ વિરુદ્ધ બોડીગાર્ડ રાખવામાં આવ્યા છે તેમજ ગાડી ઉપર લાઈટ લાગવાઈ છે જે અંગે તપાસ કરવી, દબાણ હટાવતી વેળા નાયબ કલેકટર દુબે તેમજ બોડીગાર્ડ કયા હોદ્દાની રુએ હજાર રહ્યા,કલેકટર કચેરી ની પ્રોટોકોલ સ્થળ બદલી નર્મદા જિલ્લા કલેકટર કચેરી એ રાખવું,ઉપરાંત હાલ સરદાર સરોવર નિગમની સંપાદિત જમીનમાં થયેલ દબાણ દૂર કરવાની જવાબદારી નિગમ ની છે જેમાં મહેસુલી સ્ટાફને પડાતી ફરજ ને બંધ કરાય જેવી માંગણીઓ કરી હતી.

સાથે સાથે જો આગામી ૫ ફેબ્રુઆરી સુધી જરૂરી પગલાં ન લેવાય તો નર્મદા જિલ્લાના મહેસુલી કર્મચારી ઓ દ્વારા સ્ટેચ્યુ,નર્મદાનીગમ તેમજ SSPA ને લગતી કામગીરીનો બહિષ્કાર કરવાંની ચીમકી તેમજ મહેસુલી કામગીરી બાબતે વર્ક ટુ રૂલ કરવાની ચીમકી પણ ઉચ્ચારાઈ છે.

નર્મદાના આમલીગામની સીમમાંથી દેશી મઝર લોડ બંદુક સાથે આરોપી ઝડપી પાડતી એલ.સી.બી.નર્મદા



પકડાયેલ આરોપી રાત્રીના સમયે શિકાર કરવા માટે આ બંદૂકનો ઉપયોગ કરતો હતો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ વડા હિમકર સિંહ(IPS)ના માર્ગદર્શન અને સુચના હેઠળ એ.એમ.પટેલ, પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી.તથા પો.સ.ઇ. સી.એમ.ગામીત એલ.સી.બી.એ પોલીસ સ્ટાફ મારફતે જીલ્લામાં ગે.કા હથીયારો રાખતા તથા તેનો ઉપયોગ કરતા ઇસમો પકડી પાડવા સ્ટાફને આપેલ સુચના અનુસાર એ.એસ.આઇ મહેશભાઇ રમણભાઇ ને બાતમી મળેલ કે,મનીયાભાઈ શામળભાઇ વસાવા રહે. આમલી તા.નાંદોદ, જી.નર્મદા રાત્રીના સમયે શિકાર કરવા માટે દેશી હાથ બનાવટની બંદુકનો ઉપયોગ કરે છે. જે બંદુક તેણે લીબાગમાણ વગામાં જંગલવાળા ખેતરમાં છુપાવી હોવાની બાતમીના આધારે મનીયાભાઈ વસાવાને સાથે રાખી તેના ખેતરમાં અલગ અલગ જગ્યાએ તપાસ કરતા એક દેશી હાથ બનાવટની સીગલ બેરલ ખાંડણીયા બંદુક કિ.રૂ.૧૦૦૦/- તથા દારૂખાનુ આશરે ૫૦ ગ્રામ આરોપી સાથે કબજે કરી તેના વિરૂધ્ધ રાજપીપળા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓ માટે યુનિટી સ્માર્ટ કાર્ડનો અમલ કરાશે : કેસલેશ પદ્ધતિ માટે સ્માર્ટ બેલ્ટ જે ATMની જેમ કામ કરશે



SOU ઓફિસે ૧૦ ડીઝીટલ બેલ્ટ માટેની કેબિનો આવતા માર્ચ મહિના થી સેવા ચાલુ થાય તેવી શક્યતા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે રોજના હજારો પ્રવાસીઓ આવે છે .અને તેમને ટિકિટ લેવાથી માંડી પાર્કિંગ ,ફૂડ કોર્ટ માં જમવા માટે તેમજ સોવિંયર સોપ, એકતા મોલ માં ખરીદી માટે રોકડ રૂપિયા આપવા પડે છે. અને વારંવાર નાણાંકીય વ્યવહાર કરવો પડે છે.જેમાં છુટ્ટા ની પણ રામાયણ રોજ થાય છે. ત્યારે આગામી દિવસોમાં સફારી પાર્ક પણ ખુલ્લું મુકાશે તેમજ અન્ય આકર્ષણો પણ ખુલ્લા મૂકી દીધા છે ત્યારે પ્રવાસીઓને કોઈ અગવડ ન પડે તે માટે અહીંયા નાણાકીય વ્યવહાર ડિજિટલ કરવામાં આવનાર છે. જેમાં પ્રવાસીઓ માટે ડીઝીટલ સ્માર્ટ કાર્ડ કે હેન્ડ બેલ્ટ આપવામાં આવશે.જેમાં બેલેન્સ કરાવતા રૂપિયા ઓનલાઈન કપાઈ જશે.એવી એક સિસ્ટમ આગામી એક મહિનામાં લાગુ કરવામાં આવશે.

સરદાર સરોવર નર્મદા નિગમના સી.એમ.ડી.રાજીવ ગુપ્તા અને અધિકારીઓના સહિયારા પ્રયાસોથી અહિયા હવે સ્માર્ટ કાર્ડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જેમાં પ્રવાસીઓ એક હજાર થી લઈ ધારે એટલા રૂપિયા આ બેલ્ટ માં જમા કરાવી તમામ જગ્યાએ આ બેલ્ટ થી ખર્ચ કરી શકાશે. આ કાર્ડ થકી ટિકિટ કાઉન્ટર, પાર્કિંગ, ફૂડ કોર્ટ,સફારી પાર્ક થી લઈ અન્ય સ્થળે નાણાકીય લેવડ દેવડ કરી શકશે.આ ડીઝીટલ બેલ્ટ કાર્ડ સ્વાઈપ કરીને પણ સીધા બેન્કમાંથી ટ્રાન્સ્ફર કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે પ્રવાસીઓને અગવડ ન પડે તે માટે યુનિટી સ્માર્ટ કાર્ડ, બેલ્ટ બનાવવામાં આવ્યા જેના માટે ૧૦ જેટલી ડીઝીટલ કેબિનો લાવવામાં આવી છે જે વિવિધ પોઈંટ પર આ કેબીનો મુકવામાં આવશે જેનાથી પ્રવાસીઓ બેલેન્સ કરાવી શકાશે.વચ્ચે કોઈ નું બેલેન્સ ખુટી ગયું તો પણ કરાવી શકશે. પ્રવાસીઓ પોતે અહિયા થી પરત જતી વખતે કાર્ડ માં જેટલા રૂપિયા ખર્ચ કર્યા બાદ બાકી બચેલા રૂપિયા કાર્ડ સ્વાઈપ કરી પરત પોતાના નાણાં લઈ શકશે. સ્ટેચ્યુ હોય કે સફારી પાર્ક એન્ટ્રી માટે પણ આ સ્માર્ટ કાર્ડ ટચ કરતા ગેટ ખુલ્લો થઈ જાય એવી પણ સિસ્ટમ ઝનરેટ કરી રહ્યા છે.

વેસુમાં યુગલને લૂંટી લેનાર બે પૈકી એકને પોલીસે ઝડપી પાડ્યો

ખટોદરા પોલીસે રૂા.૭૮,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરત

બે દિવસ પહેલાં ન્યુ વીઆઈપી રોડ મણીબા પાર્ટી પ્લોટની સામે સી.બી. પટેલના પાર્કિંગમાં પોતાની ફિયાન્સી સાથે કારમાં બેઠેલા યુવકને કારમાં બંધક બનાવી રિવોલ્વર બતાવી રૂપિયા ૪૩૦૦૦ની મતા લૂંટી લેનાર સુનિલ ઉર્ફે સોનુ મનાલાલજી નાઈની મોટર સાયકલ, લૂંટની રોકડ રકમ, મોબાઈલ ફોન મળી કુલ રૂા.૭૮૩૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. જ્યારે આ ગુનામાં સામેલ સમીર શાકીર મન્સુરીની શોધખોળ હાથ ધરી છે. ખટોદરા પોલીસના જણાવ્યા મુજબ બંને આરોપીઓ આર્થિક સંકડામણમાં હોય જે દૂર કરવા સમીર મન્સુરી હથિયાર લાવેલ અને બંને જણાએ આયોજન કરી આવા યુગલો રાત્રિના એકાંતમાં બેસતા હોય તેમને લૂંટી લીધા પછી કોઈને ફરિયાદ પણ કરતા ન હોય જેથી પોલીસમાં પકડાય જવાનો ડર ન હોય ગુનાને અંજામ આપેલ હતો.

આ કામગીરી પીઆઈ ઝેડ.એન.ધાસુરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.એ. સીધા તથા હે.કો. વિનોદ અખાભાઈ તથા હે.કો. જયેશ ગંગાધરભાઈ તથા હે.કો. અભયસિંહ વજેસંગભાઈ તથા હે.કો. દિપક લોટનભાઈ તથા હે.કો. જીગ્નેશ મણીલાલ તેમજ પો.કો. રાજેશ મોઘજીભાઈ નાઓએ કરેલ છે.

છેલ્લા ચાર વર્ષથી વાહન ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી પેરોલ-ફર્લો-સ્કોડ નર્મદા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હિમકર સિંહ પોલીસ અધિક્ષક નર્મદાની સુચના અને માર્ગદર્શન હેઠળ નર્મદા જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવાની સુચના કરતા જિલ્લાના રાજપીપળા પોલીસ સ્ટેશનના નીચે મુજબની વાહન ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા-ફરતા આરોપી લાલસીંગ મોગીયા વસાવે રહે, તોડીકુંડ તા-અકકલકુવા જી-નંદુરબાર (મહારાષ્ટ્ર) નાઓની માહીતી પેરોલ-ફર્લો શાખાને મળતા પેરોલ ફર્લો શાખા ના પો.સ.ઈ. ડી.એ.ક્રિશ્ચન તથા પેરોલ ફર્લો સ્કોડના સ્ટાફ સાથે મળી આરોપીને પકડવા સારૂ અકકલકુવા ખાતે વોચ-તપાસમાં રહી આજ રોજ તા ૦૩/૦૨/૨૦૨૦ ના રોજ ઝડપી પાડી ગુનાના કામે રાજપીપળા પોલીસ સ્ટેશનને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આરોપી નીચે મુજબના ગુનામાં નાસતો ફરતો હતો :-

(૧) રાજપીપલા પો.સ્ટે. ગુ.ર.૩૯/૨૦૧૫ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ(૨) રાજપીપલા પો.સ્ટે ગુ.ર.નં ૪૫૨૦૧૫ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૩) રાજપીપલા પો.સ્ટે ગુ.ર.નં ૪૬/૨૦૧૫ ઈ.પી.કોકલમ ૩૭૯મુજબ(૪) રાજપીપલા પો.સ્ટેગુ.ર.નં ૪૭/૨૦૧૫ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ(૫) રાજપીપલા પો.સ્ટે ગુ.ર.નં. ૪૯/૨૦૧૫ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ.

રાજપીપળા નવાફળિયાના યુવાને લીમડાની ડાળી સાથે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું



વેલ્ડીંગ કામ કરનાર નવા ફળિયાના યુવાને લીલવાઢોળ સ્મશાન નજીક જઈ ફાંસો ખાતા અનેક તર્ક વિતર્ક

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નવા ફળીયા વિસ્તારમાં રહેતા પરણિત યુવાને કોઈક કારણોસર ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર નવા ફળિયામાં રહેતા અને વેલ્ડીંગ કામ કરતા અમરીશ શિવપ્રસાદ કહાર (૩૫)નો આજે સવારે કોઈક કારણોસર લીલવા ઢોળ નીચે આવેલા સ્મશાન નજીકના લીમડાના ઝાડની ડાળી સાથે દોરડું બાંધી ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્ક સેવાઈ રહ્યા છે.હાલ તો પોલીસે આ બાબતે નોંધ કરી તપાસ હાથ ધરી છે.પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ આ યુવાન પરણિત હોય ૩ સંતાનોનો પિતા હોવા છતાં અને પોતાના નવા ફળીયા વિસ્તાર થી છેક લીલવા ઢોળ જઈ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા અને ત્યાંજ જયુપીટર મોપેડ પણ મળી આવ્યું હોય તેની ઉપર ચઢી ફાંસો ખાધો હોવાનું અનુમાન લગાવી હાલ રાજપીપળા પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે.

વેડરોડ પર જાહેર શૌચાલયમાં માથાભારે તત્ત્વોની ગુંડાગીરી

બે ટપોરીઓને શોધતી ચોકબજાર પોલીસ

સુરત

વેડરોડ અખંડ આનંદ કોલેજ સામેના રોડ ઉપર આવેલ જાહેર શૌચાલયમાં જવા માટે બે ટપોરીએ રૂપિયા દસ હજારની માંગણી કરી ચપ્પુથી હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ લક્ષ્મીનગરમાં રહેતા વિજયકુમાર દીનાનાથ યાદવે જાહેર શૌચાલયમાં ગયો હતો. ત્યારે આરોપી લક્ષ્મણ ઉર્ફે મનુ ડાહ્યા ગણેશ યાદવ અને સતીષ ઉર્ફે લાલે અર્જુને બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. જેથી ફરિયાદીએ દરવાજો ખોલવાનું જણાવતાં આરોપીઓએ જણાવ્યું હતું કે તારે શૌચાલયમાં આવવુ હોય તો રૂપિયા દસ હજાર આપવા પડશે તેમ કહી દરવાજો ખોલી ઢીક મુક્કીનો માર મારી ચપ્પુ બતાવી પૈસા નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ચોકબજાર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



સુરત મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે છેલ્લા ૭ વર્ષથી રોજિંદા કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવાની માંગણી સાથે સામાજિક આગેવાન ધનજીભાઈ વિરાસના નેતૃત્વમાં મુગલસરાઈ સ્થિત સુરત મહાનગરપાલિકાની વડી કચેરીએ કામદારો દ્વારા ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.